

સાહસ કથાવલિ

સાહસ કથાવલિ : પુસ્તક પહેલું

કૅપ્ટન મ્હેતા

સંપાદક

નાગરદાસ ઇ. પટેલ

સવા રૂપિયો

બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ · મુંબઇ ૨

: પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કું.
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

આવૃત્તિ પહેલી
૧૯૪૭

☆

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
રજની પ્રિન્ટરી
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

પરિચય

☆

સાહસ, શૌર્ય, ભેદ, બુદ્ધિચાતુર્ય અને ગુનાશોધનનાં અવનવાં પરાક્રમોને લગતી મગજશક્તિના વિકાસને તાલીમ આપે એવી વાર્તાઓ વાંચવાની કુમારજીવનમાં તાલાવેલી જાગે છે અને તે વૃત્તિ જીવનમાં દીર્ઘકાલ-પર્યંત કાયમ રહે છે એ પ્રસંગે જો પ્રેરણાદાયી વાચન મળે તો મગજશક્તિનો સુંદર વિકાસ થાય છે. દરેક વસ્તુ કે વિગત ઝીણવટથી જોવા સમજવાની અને તેનું હાર્દ પામવાની અદ્દભુત શક્તિ એનાથી સાંપડે છે અને જીવન સાફલ્યનો માર્ગ સરળ બને છે.

માનવ જીવનનો આ રીતે અનેકવિધ વિકાસ કરી શકે એવી પ્રેરણાદાયી રસિક વાર્તાઓ આપવાની યોજના 'સાહસ ગ્રંથાવલિ' માં કરવામાં આવી છે. એમાં

અંગ્રેજી સાહિત્યના આ વિષયના સાહિત્યસમ્રાટોની વાર્તાઓ ઉપરથી તૈયાર કરેલી તેમજ મૌલિક કથાઓ આપવામાં આવશે.

બાલસાહિત્યની અમારી વિવિધ ગ્રંથમાળાઓનો ગુજરાતે સુંદર સત્કાર કરી અમને પ્રોત્સાહન આપ્યું છે તેવીજ રીતે આ ગ્રંથાવલિને પણ તે અપનાવશે એવી આશા છે.

નાગરદાસ પટેલ

અનુક્રમ

કૅપ્ટન મ્હેતા . . . ૫

ખોવાતો ખેલાડી . . ૩૬

સ્કૉલરશીપ ૫૯

નબળી વિગત . . . ૮૮

★

કૅપ્ટન મ્હેતા

☆ ☆
☆

કૅપ્ટન મ્હેતા

હજી તો પાછલી રાત હશે એટલામાં જયંતે મ્હને ઢંઢોળીને ઉઠાડ્યો. બહુ જ અગત્યના કામ સિવાય એ મ્હને એવી રીતે ઉઠાડે નહિ એવી મ્હારી ખાત્રી હતી એટલે અત્યારે પણ એવુંજ કામ હશે એમ મ્હેં માની લીધું.

'ચાલ ઉઠ તો નટવર!' એણે કહ્યું. 'જલદી જલદી પરવારી લે અને તૈયાર થા. આપણે હમણાં જ બહાર જવું પડશે.'

દસથી પંદર મિનિટમાં હું તૈયાર થઇ ગયો અને અમે મરીન લાઇન્સને રસ્તે પડ્યા. હજી તો સવાર પડ્યું ન હતું એટલામાં વિરારીયાના ટોળે ટોળાં દૂધના તામડા, શાકભાજીના ટોપલા ને ભારા લઇને આવતાં હતાં. લોકલના ઉતારૂને ત્રાસદાયક લાગતા એ ગરીબ માણસો પર મુંબાઇના દૂધ ને શાક બજારનો કેટલો આધાર છે તેનો મ્હને વિચાર આવ્યો. એ લોકો ન હોય તો એ બેઉ બજાર કેટલાં ઊંચાં જાય અને લોકોને કેટલાં

ચીરે એ પણ ખ્યાલ આવ્યો. એવામાં ટ્રેન આવી અને અમે બેઠા. ગાડીના ઘોંઘાટમાં ઝાઝી વાત થાય એવું ન હતું. જયતે એના ખીસ્સામાંથી એક ચીઠી મ્હને આપી. એ નીચે મુજબ હતી:

'કુંજ વિહાર, અંધેરી
સવારના ૪ વાગે

પ્રિયભાઇશ્રી જયંતરાય,

આપ કૃપા કરીને તરતજ અત્રે આવશો તો મોટી મહેરબાની થશે. આપને લાયકનોજ કેસ છે અને બધુ જેમનું તેમ રહેવા દીધું છે. માત્ર લેડી સાહેબને છૂટાં કરવાં પડયાં છે. આપ જલદી આવશો તો મહેરબાની થશે કારણ કે સર પ્રસન્નવદનને વધુ વખત પડયા રહેવા દેવાય એમ નથી.

સ્નેહાધીન,
રામરાય બક્ષી'

'બક્ષીએ મ્હને સાત વાર બોલાવ્યો છે અને એનું આમંત્રણ ભાગ્યેજ ત્રાસદાયક નિવડયું હશે. એના કેસ રસિક હોય છે અને એમાંના ઘણાખરા તારા હાથે લખાઇ પણ ચુકયા છે. તું વાચનારને કેટલીક વિગતો છૂપાવી ઘણી વાર સુધી ઈંતિજાર રાખ્યે જાય છે અને એને ટટળાવ્યા કરે છે એ બહુ પસંદ કરવા જેવું નથી.'

'તને એમ લાગતું હોય તો તું તારી મેળેજ લખજે.' મ્હેં જરા રોકડું પરખાવ્યું

'વખત આવ્યે એમ પણ થશે. હમણાં તો ફુરસદ નથી પણ જીવનની છેલ્લી વિશીમાં એ કાર્ય કરવા ઇચ્છા છે. ધંધામાંથી નિવૃત થયા પછી મ્હારા પોતાના કેટલાક અગત્યના કેસ તથા મ્હારી કેટલીક રીતો વગેરે સાથે 'ગુન્હાશોધનની કલા' નામનું એક ઘણુંજ ઉપયોગી પાઠ્ય પુસ્તક રચવાનો મ્હારો વિચાર છે. એ બધું પછી, પણ આજના કેસને લગતી વાત કરીએ. એ ખૂનનો કેસ છે.'

'તું એમ ધારે છે કે સર પ્રસન્નવદન મરી ગયા છે?' મ્હેં પૂછયું.

'રામરાયના કાગળ પરથી એમ લાગે છે. એ ઘણું કરીને રાતના બાર પહેલાં મરી ગયા હશે, કારણ કે એની પોલિસને ખબર પડે અને ત્યાંની પોલિસ રામરાયને બોલાવે, એ ત્યાં જાય, જુએ ને આ ચીઠી લખે એટલામાં એટલો વખત સહેજે વહી જાય. તે ઉપરાંત લોકલ ટાઇમ ટેબલ પરથી પણ એ અનુમાન થઇ શકે છે. આ અંધેરી આવ્યું.'

અમે ઉતરીને ગાડી કરી. દોઢ પોણાએ માઇલ દૂર કુંજ વિહારનો આલીશાન બંગલો આવ્યો હતો. એની આજુબાજુ વિશાળ બગીચો હતો. એ મૂળે જૂની ફેશનનું મકાન હતું પણ એમાં કેટલાક ફેરફાર કરીને ચાલુ સમયને અનુકૂળ બનાવવામાં આવેલું લાગતું હતું. એની એક બાજુનો ભાગ તો તદ્દન નવોજ લાગતો હતો. અમે ગયા તેવોજ રામરાયે અમને આવકાર આપ્યો.

'બહુ સારૂ થયું કે આપ પધાર્યા! પણ આપને બેઉને જરા વધારે પડતી તસ્દી આપવી પડી. લેડી સાહેબ ભાનમાં આવ્યા પછી એમણે જે વાત કરી તે પરથી લાગે છે કે મ્હેં આપને નાહકની તસ્દી આપી છે. હવે ભાગ્યેજ કૈં વધારે કરવા જેવું રહે છે. તમે પેલી હરિદાસની ટોળીને નહિજ ભૂલી ગયા હો!'

'પેલા ત્રણ જણને–'

'હા રે. પેલો બાપ ને એના બે દીકરા. એમનું જ કામ લાગે છે. એમાં શક જેવું જરાય નથી. પંદરેક દિવસ પર એમણે કલ્યાણમાં જબરી ધાપ મારી હતી અને ત્યા દેખાયા તથા ઓળખાયા પણ હતા. બહુ જબરા માણસો લાગે છે કે એટલામાં પાછા અહીં ફરીથી આવ્યા અને આ ગુન્હો કર્યો.'

'સર સાહેબ મરણ પામ્યા છે ખરૂંને?'

'હાજી. એમનું માથું લાઠીથી ભાંગી નાખવામાં આવ્યું છે.'

'એમ !'

'હાજી, ઘણા જ પૈસાપાત્ર માણસ હતા. લેડી સાહેબ પેલી તરફના ખંડમાં છે. એમના ઉપર દુઃખનો ડુંગર આવી પડયો છે. મ્હેં જોયાં ત્યારે જ મ્હને અધમુવા જેવાં લાગેલાં. આપ એમને મળો અને એમને જ મોઢે બધી હકીકત સાંભળશો તો ખાત્રી થશે. પછી આપણે ખૂન થયું છે તે ખંડ જોઇશું.'

લેડી પ્રિયવંદા મ્હેતા ઘણીજ સૌંદર્યવતી નવજુવાન યુવતી હતી. એનો દુઃખદ ચહેરો પણ ઘણો સુંદર હતો. એને શારીરિક અને માનસિક બન્ને પ્રકારનું અત્યારે દુઃખ હતું. એની એક આંખ ઉપર સોજો હતો અને તે એની દાસી યશોદા દવાના પાણીથી ધોતી હતી. એ એક સોફા પર થાકીને આડે પડખે થઇ હતી, અને આ ભયંકર પ્રસંગથી એની હિંમત તથા શક્તિ સાવ ગળી ગયાં હોય એમ લાગતું ન હતું.'

'જે બન્યું તે મ્હેં આપને અથેતિ કહ્યું છે મી. બક્ષી !' એણે જરા કંટાળીને કહ્યું. 'મ્હારાવતી એ તમે ન કહી શકો ? છતાં જો આપને લાગતું હોઇ કે આમને એ બધું મ્હારેજ કહેવું જોઇએ તો હું તેમ કરીશ. એમણે પેલો ખંડ જોયો ?'

'તે પહેલાં એ આપની હકીકત સાંભળી લે એ વધારે સારૂં છે.' બક્ષીએ જવાબ આપ્યો.

'આ બધું હવે પતી જાય એટલે નિકાલ આવે, હજીયે એ એવીજ રીતે પડી રહે તે મ્હને ત્રાસદાયક લાગે છે.' એમ કહીને પોતાની બે હથેલીઓ વચ્ચે એણે માથું ઢાંકી દીધું. એના હાથ પરનું કપડું સરી પડયું.

એ જોઇને જયંતને નવાઇ લાગી અને બોલ્યો :

'આપને બીજી પણ ઇજા થઇ લાગે છે. આ સાથી થયું ?' એના સફેદ હાથ પર બે લાલચોળ ચાઠાં હતાં. એણે તે તરતજ ઢાંકી દીધાં.

‘ એ તો કાંઇ નથી. કાલે રાતના બનાવ સાથે એને સંબંધ નથી. આપ બન્ને બેસો એટલે મ્હારી હકીકત કહી જાઉં.

‘ સર સાહેબ અને હું ગયે વર્ષે પરણ્યાં. કયા સંજોગોમાં અમારૂં લગ્ન થયું તે પણ કહી જાઉં.

‘ મ્હારા પિતા રંગુનમાં ચોખાના વેપારી હતા અને એમણે એ ધંધામાં બે પૈસા પ્રાપ્ત કર્યા હતા. એમની હું એકની એક દીકરી હતી. મ્હારી માતા મરણ પામી પછી અમારી કામ કરવાવાળી બાઇ યશોદાએ મ્હને ઉછેરી હતી. ગયે વર્ષે મ્હારા પિતાજીએ મ્હને રંગુનથી મુંબઇ મોકલી. હું ઉંમરલાયક થઈ હોવાથી મ્હારાં લગ્ન કરવાનું કામ એમણે મારા કાકાને સોંપ્યું. એ પોતે પણ અહીં આવી ગયા અને મ્હારા કાકાની સલાહ મુજબ મ્હને સર સાહેબ સાથે પરણાવી.

‘ અમારાં લગ્ન પછી થોડા વખતે મ્હારા પિતાજી ગુજરી ગયા. એમનો ધંધો ચલાવવાને મ્હારા કાકા અહીંથી રંગુન જઇને રહ્યા. મ્હારી પાસે મ્હારાં લગ્ન થયાં ત્યારથી યશોદા રહે છે અને એણે મ્હારી માતાની ગરજ સારી છે.

‘હવે મ્હારી પરિણિત જીંદગી વિષે કહી લઉં. એ જીવન જોઇએ તેવું સુખી ન હતું એ હું છૂપાવતી નથી. હું છૂપાવું તો પણ આજુબાજુનું કોઇ પણ માણસ એ વાત આપને કરશે. એ જીવન કલહમાં મ્હારો પણ વાંક હશે એની ના નહિ પણ મોટે ભાગે આપણા હિંદુ સમાજનો અને આપણા રીત રિવાજોનો હું તો વાંક કાઢું છું. લાંબો વિચાર કર્યા સિવાય દીકરીને ગમે ત્યાં પરણાવવાનો ખરાબ રિવાજ જ્યાંલગી ચાલુ રહેશે ત્યાં લગી આમ બન્યેજ જવાનું. જેની સાથે જીવન ગાળવાનું છે તેની પરણતા પહેલાં પૂરી પરીક્ષા કરવી જોઇએ, છતાં કમનશીબે તેમ થતું નથી. મ્હારૂં જીવન મુખ્યત્વે રંગુનમાં ગાળેલું હોવાથી અહીંનું વાતાવરણ અને રીતરિવાજ મ્હને ઓછાં અનુકૂળ હોય એ સ્વભાવિક છે. એ ઉપરાંત સર સાહેબમાં એક

મ્હોટામાં મ્હોટું અપલક્ષણ હતું અને તેને લીધે અમારે ઘણુંખરૂં ઓછું બનતું. તેઓ પુષ્કળ દારૂ પીતા હતા અને દારૂની ધૂનમાં મ્હને એટલી હેરાન કરતા કે ન પૂછો વાત !' ક્ષણેકવાર એના ચહેરા પર રતાશ આવી અને પોતાના બે હાથે માથું દબાવ્યું. પછી એણે થોડાંક ડુસકાં ખાઈને પોતાની આંખ લૂછી વાત આગળ ચલાવી :

'હવે ગઈ રાતનો પ્રસંગ કહું. અમારે ત્યાં બધા નોકર પેલા નવા વિભાગમાં સૂઈ જાય છે. આ વિભાગમાં અમારા વપરાશના ખંડ છે. પાછળની બાજુ રસોડું છે. અમારા સુવાના ખંડ ઉપલે માળે છે. મ્હારા ખંડની ઉપરના ખંડમાં યશોદા સુવે છે. એ સિવાય કોઈ આ તરફ સુઈ જતું નથી. આ હકીકતની લુટારૂઓને સંપૂર્ણ રીતે ખબર હતી એમ તેમના વર્તન પરથી લાગ્યું.

'સર સાહેબ સાડા દશ વાગે સુઈ ગયા હતા. નોકરવર્ગ એમના સુવાને ઠેકાણે ચાલ્યો ગયો હતો. ફક્ત યશોદા એના ઉપરના ખંડમાં હતી અને મ્હારે કામ હોય ને બોલાવું તો નીચે આવે નહિતર એનું કામકાજ હોય તે કર્યાં કરે. લગભગ અગીઆર વાગ્યા સુધી હું અહીં વાંચતી બેઠી હતી. પછી ઉપર જતાં પહેલાં બધું બરાબર છે કે નહિ તે જોવા નીકળી. એ રીતે તપાસવાનો મ્હારો હંમેશનો રિવાજ હતો. એ બાબત સર સાહેબ બેદરકાર હતા કારણ કે ઘણીવાર એ ભારો-ભાર પીતા. એક પછી એક જુદા જુદા ખંડ તપાસતી તપાસતી હું પેલા ખંડમાં ગઈ. હું એની બારી આગળ આવી એટલે બહારથી પવન આવ્યો. એ બારીએ કપડાંનો પડદો છે એટલે તે ખસેડીને જોયું તો એક ભયંકર બદમાસ મ્હારી સામે ઉભો હતો. મીણબત્તીને ઉંચી કરીને જોયું તો એની પાછળ બીજા બે જણુ બાગમાં ઉભા હતા. હું જરા પાછી હઠી ત્યાં તો પેલો માણસ

અંદર કુદ્યો અને મ્હારૂં કાંડું ઝાલીને ગળું દબાવ્યું. મ્હે બૂમ પાડવા માંડી ત્યાં તો તેણે મોંઢુ દબાવ્યું અને ડૂચો માર્યો તથા ધક્કો મારીને પાડી નાખી. પછી હું બેભાન થઇને થોડીવાર પડી રહી હઇશ. મ્હને જ્યારે ભાન આવ્યું ત્યારે એ લોકોએ દોરડાથી મ્હારા હાથ પગ બાંધી મ્હને પેલી ખુરસી સાથે જકડી હતી. મ્હારાથી ફરી શકાય એમ પણ ન હતું. એ વખતે સર સાહેબ આવી પહોંચ્યા. એમણે કૈંક અવાજ સાંભળ્યો હશે અને તેને લીધે આવ્યા હશે. એ હિસાબે એ પોતાની સાથે પેલી મજબુત લાકડી લેતા આવ્યા હતા. એ તરત જ પેલાઓ ઉપર ધસ્યા પણ એમાંના એકે–સૌથી મોટાએ–લાઠીનો ફટકો એમના માથામાં માર્યો. એ તમ્મર ખાઇને નીચે પડ્યા. ફટકો સખત હતો અને એકે સપાટે એમના રામ રમી ગયા. તે પછી થોડીવાર સુધી હું ફરીથી બેશુદ્ધ રહી. જ્યારે મ્હારી આંખ ઉઘડી ત્યારે એ લોકોએ થોડી ઘણી ચાંદીની ચીજો એ ખંડમાંથી એકઠી કરી હતી, અને જોડેની કબાટમાંથી દારૂનો શીશો કાઢ્યો હતો. દરેકના હાથમાં ગ્લાસ હતો અને તેઓ દારૂ પીતા હતા. પેલો મોટો માણસ દાઢીવાળો હતો અને બીજા બે જુવાન હતા. વખતે પેલા બે છોકરા ને પેલો મોટો–માણસ એમનો બાપ હશે. એ લોકો કૈંક અંદર અંદર ધીમેથી વાતો કરતા હતા. પછી તે મ્હારી પાસે આવ્યા અને ખાત્રી કરી લીધી કે હું બરાબર જકડાઇ હતી. તે પછી એ ત્રણેય પેલી બારી વાટે બ્હાર નીકળ્યા. લગભગ દસ પંદર મિનિટની ગડમથલ અને મહેનત પછી મ્હારા મ્હોંનો ડૂચો નીકળી શક્યો. તે પછી મ્હેં બૂમ મારી એટલે યશોદા મ્હારી મદદે આવી પહોંચી. તે પછી બીજા નોકરોને એણે બોલાવ્યા અને પોલિસને ખબર આપી. એ લોકોએ તરત જ મુંબઇ ટેલીફોન કર્યો અને ત્યાંથી મદદ માંગી. આ હકીકત છે અને એ દુઃખ દર્દની

કથની હવે મ્હારે ફરીથી કહેવી નહિ પડે એવી આશા રાખું છું.'

'હવે કંઈ પૂછવું છે? જયંતરાય!' બક્ષીએ પૂછ્યું.

'લેડી પ્રિયવંદાએ બધી વિગત લંબાણથી રજૂ કરી છે એટલે એમને વધુ ત્રાસ આપવા જેવું કંઈ નથી. આપણે પેલા ખંડમાં જતા પહેલાં યશોદાનો અનુભવ સાંભળી લઇએ તો ઠીક.'

યશોદા પાસે જ હતી. તેણે પોતાની હકીકત કહેવા માંડી:

'એ લોકો ઘરમાં આવ્યા તે પહેલાં મ્હેં એમને જોયા હતા. એ રસ્તા પર જતા દેખાયા હતા પણ મ્હને નહિ લાગેલું કે એ આવા બદમાસો જ હશે. ચાંદની રાત હતી એટલે વખતે કોઇ ફરવા નીકળ્યા હશે એમ મ્હને લાગેલું. તે પછી એકાદ કલાકે મ્હેં બાઇસાહેબની બૂમ સાંભળી. નીચે દોડી તો એ બિચારી આમ જકડાયલી પડી હતી અને શેઠ સાહેબનું માથું ફાટી ગયું હતું. એ જોઇને મ્હારા જેવી બાઇ માણસનાં હાંજા ગગડી જાય! મ્હારા કરતાં બાઇસાહેબ ભારે હિંમતવાળી છે એટલે એ સહન કરી શકી. હું હોઉં તો ભયની મારી મરી જ જાઉં. તમે આટલું પૂછ્યું તેનો પણ એણે ધીરજથી જવાબ આપ્યો. મ્હારી એટલી બધી ધીરજ ન રહે! પછી મ્હેં બધા માણસોને બોલાવ્યા ને પોલિસ આવી. બિચારી કેટલી બધી લેવાઇ ગઇ છે!'

એમ કહીને એણે લેડી પ્રિયવંદાને શરીરે હાથ ફેરવ્યો.

'એણે જ લેડી સાહેબને ન્હાનપણથી ઉછેરેલાં છે.' બક્ષીએ કહ્યું. 'અને એમની સાથે રંગુનથી અહીં પણ આવીને રહી છે. એ ઘણી જ ભલા સ્વભાવવાળી બાઇ લાગે છે. એવાં સારા માણસ સદ્ભાગ્ય વિના નથી મળતાં. હવે આપણે પેલા ખંડમાં જઇએ.'

આ બધી વાત સાંભળી જયંતનો ઉત્સાહ મંદ પડ્યો હતો. એણે આશા રાખી હતી તેવો આ કેસ ન હતો. એ

પોલિસને લગતો હતો. એના જેવા ગુન્હા સંશોધક અને નિષ્ણાતની એમાં જરૂર ન હતી. ગુન્હેગારને પકડવાના હતા અને તે કામ પોલિસ સાવધાનીથી કરે એમાં નવાઇ ન હતી. એના ચહેરા પરથી મ્હને એમ લાગ્યું. છતાં આગળ શું થાય છે, તે જોયે જવું એમ માનીને અમે પેલા ખંડ તરફ ગયા.

એ ઘણો મોટો ઓરડો હતો અને સારી રીતે શણગારેલો હતો. બારણાની સામેની બાજુએ જે બારી વિષે અમે સાંભળ્યું તે બારી હતી અને બીજી બાજુ ત્રણ નાની બારીઓ હતી. પેલી બારી પ્રમાણમાં મોટી હતી. વચ્ચે એક સુંદર ટેબલ હતું અને આજુબાજુ જુદી જુદી જાતની ખુરસીઓ હતી. એક બાજુએ એક મોટી અને વજનદાર ખુરસી પડી હતી. ઉપરની છતની લગોલગ કિરમજી રંગની છતનું એક દોરડું મજબુત ગરગડીઓ પર થઇને બહાર જતું હતું. એનો સંબંધ રસોડાના ખંડ સાથે હતો. એ દોરડું ખેંચવાથી રસોડામાંનો ઘંટ વાગતો હતો અને એનો ઉપયોગ સર સાહેબ ઘણીવાર કરતા હતા. પોતાને એ ખંડમાં એકલા બેસીને જમવું હોય ત્યારે એ ઘંટનો ઉપયોગ થતો. અમને એ રિવાજ ઘણો વિચિત્ર લાગ્યો પણ દુનિયામાં અનેક પ્રકારની વિચિત્રતાઓ છે તેવી જ આ પણ એક વિચિત્રતા હતી એમ માની લીધું. એ દોરડામાંથી એક કકડો તોડીને એનાથી લેડી સાહેબને જકડવામાં આવ્યાં હતાં. એની ઘણીખરી ગાંઠો છોડી નાખી હતી છતાં બે ત્રણ ગાંઠ હજી રહી ગઇ હતી. એ વિગતો તરફ અમારૂં ધ્યાન પછીથી ખેંચાયું; કારણ કે સૌથી પહેલું ધ્યાન ખેંચે એવી ચીજ વ્યાઘ્ર-ચર્મ પર પડેલું સર સાહેબનું શબ હતું. એકજ ભયંકર ફટકાથી એમના માથાની ખોપરી તૂટી ગઇ હતી અને પ્રાણ નીકળી ગયો હતો. એમની પાસે જ એક કાળી મજબુત લાકડી પડી હતી. એમનો ચહેરો સુંદર હશે એમ લાગતું હતું પણ

સાથ સાથે એ ઘણા ક્રોધી માણસ હશે એમ મ્હને લાગ્યું. એ અવાજ સાંભળીને ઊંઘમાંથી ઉઠીને આવ્યા હોય એમ જણાતું હતું. જયંતે એમને ધ્યાન દઇને જોયા અને ખાસ કરીને જ્યાં ફટકો પડ્યો હતો તે ભાગ જોયો.

'એ ઘણો જ સશક્ત માણસ હોવો જોઇએ.' એણે કહ્યું.

'જરૂર.' બક્ષીએ કહ્યું. 'એ ભાઇ સાહેબનો રેકર્ડ મ્હેં વાંચ્યો છે. એ ઘણો ઝનુની પણ છે.'

'તો તો એને પકડવામાં વાંધો નહિ આવે.'

'નારે ! હરિદાસ તથા એના બેઉ છોકરા પોલિસની નજરમાં છે અને એ આફ્રિકા કે એ તરફ ભાગી ગયા એમ સાંભળ્યું હતું પણ આ ઉપરથી લાગે છે કે હજીયે ભાગી નથી ગયા. આ સમાચાર ચારે તરફ આપી દીધા છે અને જેમ બને તેમ જલદીથી એ પકડાઇ ગયા સિવાય નહિ રહે. સાંજ સુધીમાં એમને માટે ઇનામ પણ જાહેર કરીશું એટલે વધારે વાર નહિ લાગે. મ્હને લાગે છે તે એ છે કે હજી તો વિસેક દિવસ પર કલ્યાણમાં એ લોકોએ જબરી ધાપ મારી હતી છતાં એટલામાં અહીં પાછા ફરીથી કેમ આવ્યા ? ત્યાં તો એ લોકો દેખાઇ પણ ગયા હતા ! એ ઉપરાંત એમને એટલો પણ ખ્યાલ નહિ આવ્યો હોય કે લેડી સાહેબ એમનું વિગતવાર વર્ણન આપણને આપ્યા સિવાય નહિ રહે ?'

'બરાબર છે, સર સાહેબની માફક એમનો પણ નિકાલ કરે એવું સહેજ ધારી શકાય.'

'પણ એ મૂર્છામાંથી જાગ્યાં હશે એમ એમણે ધાર્યું નહિ હોય.' મ્હેં સૂચના કરી.

'એ પણ બનવાજોગ છે. એ જો મૂર્છાગતજ હોય તો નાહકનું લોહી રેડવું કોઇ પસંદ ન કરે એ સ્વાભાવિક છે. આ બિચારો માર્યો ગયો ! રામરાય ! એની તો કેટલીક વિચિત્ર વાતો મ્હેં

સાંભળી હતી.

'પીધેલો ન હોય ત્યારે એ ઘણો સારો માણસ હતો, બાકી પીયે ત્યારે ભેજું સાવ ખસી જતું. એવે વખતે એ જબરો સેતાન લાગતો, અને શું કરી બેસે તે કહી ન શકાતું. એની આટલી મિલ્કત અને લાગવગ છતાં બેએક વખત એ પોલિસના સપાટામાંથી બચી ગયો. એણે એક વખત તો લેડી સાહેબના માનીતા કૂતરાને પેટ્રોલ છાંટીને કાંડી લગાડી તેને બાળી મૂકયો હતો. એને અંગે પોલિસની પીડામાંથી એ મહા મુશીબતે છૂટવા પામ્યો હતો તે પછી એણે યશોદા પર છુટ્ટો ગ્લાસ ફેંકયો હતો. એકંદરે એના જવાથી આ ઘરમાં ત્રાસને બદલે શાંતિ થઇ છે એમ કહું તો ખોટું નથી. શું જુઓ છો?'

જયંત નીચો નમીને પેલા કીરમજી રંગના દોરડાની ગાંઠો બારીકાઇથી તપાસતો હતો. પછી એણે ધ્યાન દઇને એનો છેડો તપાસી જોયો. એ ઘસાઇ ગયેલા ભાગ આગળથી તૂટયો હતો. એનાં છુંછાં જયંતે ધ્યાન દઇને જોયાં.

'જ્યારે આ દોરડું ખેંચીને તોડયું હશે ત્યારે રસોડામાંનો ઘંટ જોરથી વાગ્યો હશે.' એણે કહ્યું.

'બરાબર છે. પણ કોઇ એ સાંભળે તેમ ન હતું. રસોડું પાછળની બાજુ છેવાડું છે.'

'પણ લુટારૂને શી રીતે ખબર પડી કે કોઇ સાંભળશે નહિ?' અને એવી બેદરકારીથી એ ઘંટનું દોરડું ખેંચે એ કેમ બને?'

'બરાબર છે મી. જયંત! આપની વાત બરાબર છે! મ્હને પણ એ સવાલ ઉઠેલો. એ માણસ આ મકાનના રીતરિવાજ અને એની પરિસ્થિતિથી સંપૂર્ણ માહિતગાર હોવો જોઇએ. તે સિવાય એ એવી રીતે દોરડું ખેંચે નહિ. એની ખાત્રી હોવી જોઇએ કે એટલું વહેલું પણ એ તરફ કોઇ અવાજ સાંભળે એમ નથી. એ હકીકત મેળવવાને એણે કોઇ નોકર સાથે ઘણો સારો

સંબંધ રાખ્યો હોવો જોઇએ. એમજ હશે. સર સાહેબના આઠ નોકર છે અને તે બધાય સારા માણસો છે, પછી તો કોણ જાણે ?'

'તો તો પછી એમ મનાય કે જેના પર પેલો ગ્લાસ ફેંક્યો હતો તેણે એવો ભાગ લીધો હોય.' જયંતે સૂચના કરી. 'પણ એ સંભવિત નથી. એ જાણી જોઇને પોતાની શેઠાણીને એવફા થાય તે બને એવું નથી. હરકત નહિ, એ ઘણી ઝીણી વિગત છે પણ જ્યારે હરિદાસ પકડાય ત્યારે એનો પત્તો મેળવી શકાશે. લેડી સાહેબની હકીકતને યશોદા ટેકો આપે છે અને આ બધા પુરાવા પણ એ હકીકતને પુષ્ટિ આપે છે.' પછી એ પેલી બારી આગળ ગયો અને તે ઉઘાડી. 'બહારની જમીન કઠણ છે એટલે પગલાં બગલાં કૈં પડેલાં નહિ હોય. આ મીણ-બત્તી સળગાવીને લેડી સાહેબ આવ્યાં લાગે છે.'

'હાજી.'

'એ લોકો શું લઇ ગયા ?'

'કૈં વધારે નથી લેવાયું. પાંચ–સાત ચાંદીનાં વાસણો તફડાવ્યાં લાગે છે. લેડી સાહેબ કહે છે કે એ લોકો સર સાહેબના મરણથી ગભરાઇ ગયા હતા એટલે ઝાઝી માલમતા ચોરી ન હતી. એ બનાવ ન બન્યો હોત તો સારી રીતે હાથ મારી જાત.'

'બનવાજોગ છે, છતાં એ લોકોએ અહીં બેસીને દારૂની મઝા ઉડાવી ?'

'હાસ્તો. જરા સ્ફૂર્તિ માટે.'

'બરાબર છે. આ ત્રણે ગ્લાસને કોઇએ હાથ નથી લગાડ્યોને ?'

'નાજી. એ હજી જેમના તેમજ રહેવા દીધા છે.'

'જોઉં જોઇએ. ઓહો ! આ શું ?'

ત્રણે ગ્લાસ સાથેજ ગોઠવ્યા હતા. ત્રણેમાંથી દારૂની

વાસ આવતી હતી. એકની અંદર હજી દારૂનું ટીપું હતું. એની પાસે બે તૃતિયાંશ ભરેલી દારૂની બાટલી હજી પડી હતી. નજીકમાં ઇંચ સવા ઇંચ લાંબો ખૂબ ડાઘવાળો બૂચ પણ હતો. એનો દેખાવ અને બાટલી પરની ધૂળ બતાવતાં હતાં કે એ ઘણી ઉંચી જાતનો દારૂ હતો.

જયંતની રીતભાતમાં એકાએક કાંઇ ફેરફાર થયો. એની સુસ્તી ઉડી ગઇ હતી અને ચંચલતાથી એ બધુ તપાસતો હતો. એણે પેલો બૂચ ઉપાડ્યો અને ધ્યાન દઇને જોયો.

'એ શાનાથી બહાર કાઢ્યો છે?' એણે પૂછ્યું.

બક્ષીએ એક અદબીડયું ખાનુ બતાવ્યું. એની અંદર બીજી ચીજોમાં એક મોટો કૉર્ક સ્ક્રુ પડ્યો હતો.

'લેડી સાહેબે કહ્યું કે એ લોકોએ એ સ્ક્રુ વાપર્યો હતો?' જયંતે પૂછ્યું.

'નાજી, આપને ધ્યાન હોય તો એ વખતે તેઓ બેભાન હતાં.'

'બરાબર છે. ખરી રીતે એનો ઉપયોગ થયોજ નથી. એ ચાકુની સાથે આવે છે એવા સ્ક્રુથી ઉઘાડ્યો લાગે છે. એ ઇંચ દોઢ ઇંચ લાંબો હશે. બૂચ પરથી લાગે છે કે ત્રણ વખત એમણે સ્ક્રુનો ઉપયોગ કર્યો છે, ત્યારે છેલ્લી વખતે બૂચ નીકળ્યો છે. આ સ્ક્રુ વાપર્યો હોત તો બૂચની આરપાર જાત અને એકી વખતે બૂચ નીકળી જાત. એમ થયું નથી એટલે જ્યારે તમારો આરોપી પકડાય ત્યારે જોજો કે એની પાસે મ્હેં કહ્યું તેવા સ્ક્રુવાળો ચાકુ છે કે નહિ.'

'બહું સારૂ.' બક્ષીએ કહ્યું.

'પણ આ ગ્લાસ જરા નવાઇ પમાડે છે, એ મ્હારે કહેવું જોઇએ. લેડી પ્રિયવંદાએ ત્રણે જણને દારૂ પીતા જોયા ખરૂંને?'

'હાજી. એ તો તેઓ સ્પષ્ટપણે કહે છે.'

'તો તો કૈં કહેવાપણું રહેતું નથી. છતાં આ ત્રણ ગ્લાસ જરા નવાઇ જેવા છે. રામરાય! કેમ, તમને કૈં એવું નથી લાગતું? ભલે, ભલે, વખતે મને વહેમ લાગતો હશે. મ્હારી ટેવ એવી છે કે સાદી વાત હોય તેમાં પણ મ્હને કૈં ગુંચ જણાય! ચાલો રજા લઇએ. તમારો કેસ તદ્દન સીધો અને સરળ છે એટલે હરકત નથી. તમારા ગુન્હેગારો પકડાય એટલે જરા મને ખબર આપજો. બીજું શું? ચાલો નટવર! આપણું હવે અહીં કામ નથી.'

અમે પાછા ફર્યા અને ગાડીમાં બેઠા. રસ્તામાં જયંત કૈં ઉંડા વિચારમાં ગુંથાયલો લાગતો હતો. એના વિચાર હજી કૈં નિર્ણય પર આવ્યા ન હતા પણ એકાએક એ બાર આગળ ઉતરી ગયો અને મ્હને પણ જલ્દીથી ઉતરવા કહ્યું.

'માફ કરજે, નટવર! પણ મ્હને એમ લાગે છે કે આપણે આ કેસ આ રીતે રહેવા દઇને જવું જોઇતું નથી. તને કદાચ નવાઇ લાગશે પણ મ્હને સંપૂર્ણ સંતોષ થયો નથી. મ્હારી પાસેની દરેક વિગત આપણને બતાવવામાં આવેલા દેખાવની વિરૂદ્ધ જાય છે. મ્હારી ખાત્રી છે કે એ બધુ ખોટુ છે, તૂત છે, સાવ જુઠાણું છે; છતાં એવી સીફતથી બતાવવામાં અને રજૂ કરવામાં આવ્યુ છે કે આપણે તે સાચું માનવા પ્રેરાયા છીએ. ચાલ નટવર, અંધેરીની ગાડી આવે ત્યાં સુધી આપણે એક બાજુ બેસીએ અને વિચાર કરીએ. મ્હારી વિગતો તને સમજાવું અને તારો શો મત છે તે મ્હને કહે એટલે આપણને કામ કરતાં ફાવે. લેડી સાહેબનું સાદર્યપૂર્ણ વદન, એમની મોહક વાણી અને સીલસીલા બંધ વાત એ બધું બાજુએ રાખીને હું કહું છું. તે સાંભળ.

'એ બધી વાતમાં જો આપણે ઠંડા પેટે વિચાર કરીએ તો ઘણી બાબતો શંકાસ્પદ લાગ્યા સિવાય નહિ રહે. આ બદ-

માસોને પંદર દિવસપર કલ્યાણમાં જબરો તડાકો પડ્યો. એની કેટલીક વિગતો તથા એમનું વિગતવાર વર્ણન છાપાઓમાં આવી ગયું છે એટલે તેનો ઉપયોગ કોઇને ખોટે ખોટા ચોરોની વાત રજૂ કરવી હોય તો તે માટે કરી શકાય છે. ખરૂં કહીએ તો એકવાર સારો તડકો પડ્યા પછી તરતજ એ લોકો પોતાની જીંદગી જોખમમાં નાખવાને બદલે શાંતિથી એ પૈસા પહોંચે ત્યાં લગી મઝા માણે અને ખરચી ખૂટે એટલે નવું બીલ્લુ શોધવા નીકળે. બીજું, આટલું વહેલું, રાતના અગિયાર સવા અગિયારે બદમાસો ચોરી ન કરે. એ બાર વાગ્યા પછીનો વખત ઘણું ખરૂ પસંદ કરે. તે ઉપરાંત કોઇ પણ સ્ત્રી પર એકદમ કૂદીને ફટકારવી એ તેને બૂમ પડાવવા બરોબર છે અને ચાલાક ચોર એવું પગલું ભરે નહિ છતાં એવી વાત રજૂ થઇ છે. જ્યારે સામા માણસને દાબી દેવા પુરતી શક્તિ હોય ત્યારે ચોર ભાગ્યેજ ખૂન કરવાનું પસંદ કરશે. એ કાં તો સામા માણસને જકડીને બાંધી દે અથવા એને ધમકીથી કબજે કરે. ત્યારે અહીંયાં પહેલે તડાકે ખૂન કરવામાં આવ્યું છે. વળી ઘણી સારી ધાપ મારી શકાય એમ હોય અ[illegible] રસ્તો સાફ હોય ત્યારે ચોર ભાગ્યેજ સહેજસાજ લઇને પલાયન થશે ત્યારે અહીં તો બીજુ બધુ એમને એમ રહેવા દ[illegible] ચાંદીનાં ચાર છ વાસણ લઇને ત્રણે ચોરે સંતોષ માન્યો છે અને છેવટે એ જાતના માણસો દારૂની બાટલી હાથ ચઢે તો સહેજ પીને રહેવા દે, એ તદન અસંભવિત છે. એ તો એને ખાલી કર્યા સિવાય મૂકેજ નહિ. આ બધા ઉપરથી તને શું લ[illegible]ે છે? નટવર!'

'એ બધાની એકંદર અસર જ[illegible] શંકા ઉભી કરે એવી છે તેની ના નહિ, બાકી દરેક વિગ[illegible] [illegible]ફરતી લઇએ તો અસંભવિત ઓછી લાગે છે. જ્ય[illegible] એ બધી સામટી એકઠી થાય છે ત્યારે તારી વા[illegible] [illegible] વજુદ હોય એમ

લાગ્યા વિના રહેતું નથી.'

'સારી વાત છે. હવે એ બધા કરતાં ચઢી જાય એવું ગ્લાસનું પ્રમાણ છે.'

'એમ ?'

'જરૂર. એ તારી નજર આગળ દેખાય એમ છે ?'

'હાસ્તો. મ્હને એ બરાબર યાદ છે.'

'આપણને કહેવામાં આવ્યું કે ત્રણ જણે દારૂ પીધો હતો. એ તને બરાબર લાગે છે ?'

'કેમ નહિ ? ત્રણેમાં દારૂ દેખાતો હતો.'

'બરાબર છે. પણ માત્ર એકજ ગ્લાસમાં ફીણ હતું, એ તો તેં જોયું હશે. એવો ઉંચી જાતનો દારૂ ત્રણ જણ સાથે પીએ છતાં એકનાજ ગ્લાસમાં ફીણ રહે ને બીજા એનામાં ના રહે તેનું શું કારણ ? એ ઉપરથી શું લાગે છે ?'

'છેલ્લા ભરાયલા ગ્લાસમાં ફીણ વધારે વળ્યું હશે.'

'બીલકુલ નહિ. બાટલી ભરેલી હતી અને પુરી વપરાઇ નથી. એટલે એમાં ફીણ ન વળે ને ત્રીજામાં વળે એ સંભવિત નથી. એના બેજ—માત્ર બેજ—ખુલાસા છે. એક તો એ કે બીજો ગ્લાસ ભર્યો ત્યારે બાટલી ખૂબ હલાવી હશે એટલે ત્રીજામાં વધારે ફીણ ગયું પણ એમ થયું લાગતું નથી. એટલે એ વિચાર પડતો મૂકવો પડે છે.'

'ત્યારે તું શું ધારે છે ?'

'ફક્ત બેજ ગ્લાસનો ઉપયોગ કરવામા આવ્યો છે અને બેઉમાંથી પીતાં બાકી રહેલો સહેજ દારૂ અને ફીણ ત્રીજામાં રેડ્યાં ને ત્રણ જણે દારૂ પીધો છે એમ બતાવવાને ગ્લાસ હલાવી નાખ્યો. એ રીતે ત્રીજા ગ્લાસમાં માત્ર ફીણ આવ્યું. હવે સમજાય છે ? મ્હારી ખાત્રી છે કે એમજ થયું હોવું જોઇએ. અને એમજ હોય તો આ આખોયે કેસ સાદા ખૂનના કેસનો

બદલે કૈંક બુદ્ધિ ચાતુર્ય વાળો ભેદ ભરેલો ખૂનનો કેસ નિવડે છે. કારણ કે એ એક જ નિર્ણય પરથી એમ સમજાય છે કે લેડી પ્રિયવંદા તથા યશોદા, બન્ને જણે આપણને તદ્દન ખોટી અને બનાવટી વાત કહીને છેતર્યા છે તથા આડે માર્ગે દોર્યા છે. એમની આખી યે વાતનો એક પણ શબ્દ માનવા જેવો નથી. શરૂઆતની એમના જીવનને લગતી થોડી હકીકત સિવાયની વાત સરીઆમ જુઠ્ઠી છે. એ ઉપરાંત એ બેઉ જણ ખરા ગુન્હેગારને છૂપાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે અને એને એ રીતે મદદ કરે છે. આપણે બહારની સ્હેજ પણ સહાનુભૂતિ સિવાય આપણું કામ કરવાનું છે તથા ખરા ખૂનીને શોધી કાઢવાનો છે. ચાલ, આ અંધેરીની ગાડી આવી.'

અમને જોઇને કુંજવિહારમાં સૌ કોઇ નવાઇ પામ્યું. રામરાય પોતાના કામનો રિપોર્ટ આપવા મુંબાઇ ગયો હતો એટલે જયંતે પેલા ખંડનો આસાનીથી કબજો લીધો. અંદરથી કડી લગાવીને એણે પોતાની તપાસ શરૂ કરી. લગભગ બે કલાક સુધી એણે બધું બારીકાઇથી તપાસ્યું. એક પછી એક એ દરેક ચીજ જોઇ ગયો. બારી, પડદા, ચટાઇ, ખુરશી, દોરડું બધું યે જોયું. સર સાહેબનું શબ ખસેડવામાં આવ્યું હતું. તે સિવાય બીજું બધું હજી એમને એમ હતું.

ધીરે રહીને જયંત ઉભો થયો અને ખીંટી પર પગ મૂકીને ઉંચા થઇને એણે દોરડાનો બીજો છેડો તપાસ્યો. એડા કરતાં એણે પેલી ખીંટી પર પણ ખૂબ ધ્યાન આપ્યું હતું. એ જરા પહોળી હતી અને એના પર ધૂળ પડેલી હતી. છેવટે એ નીચે ઊતર્યો. એને પોતાની તપાસથી સંતોષ થયો હોય એમ લાગતું હતું.

'બધું બરાબર છે. નટવર!' એણે કહ્યું. 'મ્હેં ધાર્યું હતું એમજ છે. ખરેખર! આ કેસ ઘણો વિચિત્ર તથા બુદ્ધિ ચાતુર્યના નમૂનારૂપ નિવડશે એમાં શક નથી. ખરેખર! પહેલાં

વખત મ્હેં કેટલી મોટી ભૂલ કરી! હવે માત્ર થોડીક ખૂટતી કડીઓ સિવાય આખીએ અનુમાન પરંપરા બરાબર અને બંધબેસતી છે.'

'ગુન્હેગારો પણ મળી ગયા?'

'ગુન્હેગારો નથી, માત્ર ગુન્હેગાર—એકજ માણસ છે. નટવર! પણ એ ઘણોજ ચંચળ અને સશકત માણસ છે. એણે પેલો ફટકો માર્યો તેજ એનું બળ બતાવવા પુરતો છે. ચાલાક, બુદ્ધિશાળી અને જબરો હોશિયાર લાગે છે. આ બધી વાત એના ફળદ્રુપ ભેજાનું પરિણામ લાગે છે. સમજ્યોને નટવર! આપણને એક ચાલાક માણસ સાથે કામ પાડવાનું છે. એની બધી ચાલાકી અને તર્ક શકિત છતાં એણે પેલા દોરડાની બાબતમાં છક્કડ ખાધી છે, નહિતર પકડતાં જરા મુશ્કેલી પડત.'

'શી છક્કડ ખાધી છે?' મ્હેં પૂછ્યું.

'જો આપણે દોરડું ખેંચીએ તો એ કયાંથી તૂટે? જ્યાં ઘસાયું હોય ત્યાંથી, ખરૂંને? અથવા ગરગડી આગળથી, પણ એ તેની આ બાજુ ત્રણ ઈંચ દૂર શા માટે તૂટી જાય?'

'એ ત્યાં વધારે ઘસાયુ હશે.'

'બરાબર છે. આ છેડો આપણણે ઘસાયલો લાગે છે પણ બીજો ઘસાયેલો નથી. એ અહીંથી દેખાય એમ નથી પણ ઉપર ચઢીને જોતાં જણાય છે કે એ ચાકુથી કાપેલો છે પણ ઘસાયેલો નથી. એ ઉપરથી શું થયું હશે તે અનુમાન કરી શકાય છે. એને દોરડાની જરૂર લાગી એટલે બહાર જઇને લાવવા કરતાં પાસેનું લેવું ઠીક લાગ્યું. હવે એ ખેંચે તો અવાજ થાય અને કોઇ જાણે એટલે એ પેલી ખીંટી પર કુદ્યો અને દોરડું કાપ્યું. તું ત્યાં નહિ પહોંચાય. હું પણ ન પહોંચાઇ શક્યો. એ મ્હારાથી ત્રણ ઇંચ વધુ ઉંચો—છ ફુટ ત્રણ ઇંચ ઉંચો—હોવો જોઇએ. હવે પેલી મોટી ખુરસી જો. એના પર શાનો ડાઘ લાગે છે?'

'લોહીનો.'

'બરાબર છે. એ લોહીનો ડાઘ છે. એ એકલોજ લેડી સાહેબની વાત ખોટી છે એમ પુરવાર કરવાને પુરતો છે. જ્યારે ખૂન થયું ત્યારે એ ખુરસી પર જકડાયલાં પડ્યાં હતાં તો પછી એ ડાઘ કયાંથી આવ્યો? ખરી રીતે તો ખૂન થયા પછી–સમજ્યોને પછીથી–એમને એ રીતે ખુરસી પર જકડી લેવામાં આવ્યાં હતાં. એમના કપડા પર એવોજ ડાઘ જરૂર હોવો જોઇએ. આપણે હવે યશોદાને જરા ફરી તપાસવી જોઇએ.'

એ બડી ખંધી હતી. એકાએક એ સપડાઇ જાય એમ ન હતું. એણે સરસાહેબ પ્રત્યેનો પોતાનો તિરસ્કાર છૂપાવ્યો નહિ.

'હાજી. એમણે મ્હારા પર ગ્લાસ ફેંકયું હતું. એ બાઇસાહેબને ગાળો દેતા હતા એટલે હું બોલી કે એમનો ભાઈ હાજર હોત તો એવું બોલવાની તમારી હિંમત ચાલત નહિ, એટલે એમણે એ ગ્લાસ છુટ્ટું ફેંકયું. એમનું ચાલત તો એ એથી વધારે કરત. એ તો સ્વભાવના ઘણા પાજી હતા. બાઇસાહેબ ઘણાંજ સહનશીલ છે. પેલા હાથ પરના ડાઘની વાત એમણે મ્હને કરી નથી પણ એ બધાં એમનાંજ કારસ્તાન છે. શું કરીએ! એમનાં લગ્ન એની સાથે થયાં એટલે ઉપાય ન હતો, બાકી ખરૂં પૂછો તો કાગડાની કોટે રત્ન બંધાયું હતું. પહેલાં તો એ ભાઇ સાહેબ મીઠા મધ જેવા હતા પણ પછીથી પોત પ્રકાશ્યું. મ્હારી ગરીબ ગાય જેવી પ્રિયંવદાને હેરાન હેરાન કરી મૂકી! ગયા કારતકમાં અમે અહીં આવ્યાં. હજી તો પૂરા અઢાડ મહિનાયે થયા નથી પણ એટલામાં એને અઢાડ ભવની વીતી.'

લેડી પ્રિયંવદા હજી એજ સોફા પર પડયાં હતાં. એમની તબિયત જોઇએ તેટલી સારી ન હતી. અમારી સાથે વાત કરતાં કરતાં યશોદા એમને કપાળે બામ ચોપડવા લાગી.

'હું ધારૂં છું કે આપ મ્હારી ઉલટ તપાસ કરવા નહિ આવ્યા હો!' લેડી સાહેબે કહ્યું.

'નાજી.' જયંતે બહુજ નમ્રતાથી તેમજ મીઠાશથી કહ્યું. 'આપને નકામી તસ્દી આપવાની અમારી જરા પણ ઇચ્છા નથી. આપના પર વીતવામાં બાકી નથી રહ્યું. એ તો આપજ સહન કરી શકો! આપ અમારી સાથે વિશ્વાસ રાખીને વર્તશો તો અમે અમારાથી બનતું કરી છૂટશું.'

'આપ મ્હારી પાસે શું કરાવવા માગો છો?'

'બધી વાત સાચે સાચી કહેવરાવવા.'

'મી જયંત!'

'એમ છૂપાવવાની જરૂર નથી. લેડી સાહેબ, આપે મ્હારા માટે થોડું ઘણું પણ સાંભળ્યું હશે. મ્હારે કહેવું જોઇએ આપે સવારે કહેલી વાત અથેતિ ઉપજાવી કાઢેલી છે.'

બન્ને સ્ત્રીઓ જયંત સામે આંખો ફાડીને જોઇ રહી.

'તમે ઘણા અસભ્ય માણસ લાગો છો' યશોદા બોલી 'તમે એમ કહેવા માગો છો કે બાઇ સાહેબે તમને ખોટી વાત કરી?'

જયંત ખુરસી પરથી ઉભો થઇ ગયો.

'આપને કૈં કહેવાનું નથી?'

'મ્હેં બધુંયે બરાબર કહેલું છે.'

'ફરીથી વિચાર કરી જુઓ. લેડી પ્રિયંવદા! મ્હારી સાથે સરલતાથી વર્તવામાં લાભ છે.'

ક્ષણેક વારમાં એમના ચહેરા પર કેટલુંય પરિવર્તન થઇ ગયું પછી કોણ જાણે કેમ કૈં નવું જોર આવતું લાગ્યું.

જયંતે ખભા ચઢાવ્યા. 'ઘણી દિલગીરીની વાત છે' કહીને એણે રજા લીધી. અમે બહાર આવ્યા પછી એણે મ્હને સામે આવેલું એક નાનું સરખું તળાવ બતાવ્યું. એમાં બહુ

જાણી ન હતું. અમે આગળ ચાલ્યા. એક ચીઠ્ઠી રામરાયને આપવા સારૂ લખી રાખી અને કોન્સ્ટેબલને આપી.

'વાગ્યું તો તીર નહિતર તુક્કો. જેવું એનું નસીબ. નટવર! એનો ઉપયોગ કરે તો રામરાયને જાણવા જેવું જડશે ખરૂં બાકી આપણે એને કૈં કહેવાની જરૂર નથી. આપણે હવે સીંધીયા સ્ટીમ નેવીગેશન કંપનીની ઑફિસમાં જઇને તપાસ કરવી પડશે. એ બેલાર્ડ એસ્ટેટ પર આવી છે એટલે સીધા ત્યાં જ જઇએ.'

જયંતે પોતાનું કાર્ડ મેનેજરને મોકલાવ્યું એટલે એણે અમને સુંદર આવકાર આપ્યો, અને જોઇતી હકીકત પુરી પાડવાની હા પાડી. એનું રજીસ્ટર જોયું તો એમની જલજ્યોત્સ્ના નામની સ્ટીમર ગયા કારતકમાં રંગુનથી મુંબાઇ આવી હતી અને તેના ઉતારૂઓમાં મીસ પ્રિયવંદા મ્હેતા તથા તેની દાસી યશોદાનાં નામ હતાં. એ સ્ટીમર હાલ રંગુન ખાતે હતી. એના ઑફિસરમાં કોઇની બદલી થઇ હતી એમ પૂછતાં ખબર મળી કે એના પહેલા ઑફીસર મી. ચંદ્રકાન્ત મ્હેતાની નીમણુંક કૅપ્ટન તરિકે બીજી સ્ટીમરમાં કરવામાં આવી હતી. સ્ટીમર જલબાલા હમણાં જ ખરીદાઇ હતી. અને તેના કૅપ્ટનની જગ્યા એમને આપવામાં આવી હતી. કૅપ્ટન મ્હેતા હાલ મુંબઇમાં જ હતા. જલબાલા બે ત્રણ દિવસમાં જ ઉપડવાની હતી. અમારે એમને મળવું હોય તો તેઓ થોડી વાર પછી ઑફિસમાં આવવાના હતા.

જયંતે એમને મળવાની જરૂર નથી એમ કહ્યું પણ એમનો રેકર્ડ જોવાની ઇંતેજારી બતાવી એટલે એ ફાઇલ મેનેજરે અમને આપી.

એમાં શારીરિક હકીકત, શિક્ષણનાં પ્રમાણપત્રો તથા કામકાજને લગતા કાગળો હતા. એ જરા તેજ મિજાજના

માણસ હતા પણ એકંદરે પ્રમાણિક અને વિશ્વાસપાત્ર હતા. કૅપ્ટનની જગ્યા મેળવનાર એ પહેલા હિંદુ ઑફિસર હતા.

જયંતે મેનેજરનો આભાર માનીને ફાઇલ પાછી આપી. ત્યાંથી અમે ફરતા ફરતા પ્રિન્સેસ સ્ટ્રીટમાં આવ્યા.

'ઘડી વાર તો મ્હને વિચાર આવ્યો, નટવર!' જયંતે કહ્યું. 'કે બક્ષીને બોલાવી બધી હકીકત કહેવી પણ એક વખત એને કહું એટલે એણે ઘટતાં પગલાં ભરવાં જ જોઇએ. એક બે વખત મ્હને એમ લાગ્યું છે કે એ પ્રસંગોએ મુખ્ય ગુન્હાથી જેટલું નુકશાન થયું હશે તે કરતાં મ્હારા ગુન્હેગારોને શોધીને પોલિસને સોંપવાથી વધારે ત્રાસ અને નુકશાન થયેલાં. આ કેસમાં પણ એવું લાગે છે એટલે બક્ષીને સાથ દેવા વૃત્તિ નથી થતી. પેલા બે વખતની ઠોકરે એ અક્કલ આપી છે, અને વખત આવે મ્હારા હૃદયની શાંતિ ખાતર કાયદાની અવગણના કરવાનું મ્હેં નક્કી કર્યું છે.'

સાંજ પહેલાં મી. બક્ષી અમને મળવા આવ્યા. એમનું કામ બરાબર ચાલતું લાગતું ન હતું.

'અરે જયંતરાય! આપ બહુ જબરા માણસ છો! ખરેખર! આપની શક્તિ અજબ છે. આપને શી રીતે ખબર પડી કે ચોરાયલાં ચાંદીનાં વાસણ પેલા તળાવમાં પડ્યાં હતાં.'

'મ્હને ખબર ન હતી.'

'પણ આપે એ તપાસવાનું કહ્યું હતું ને?'

'એમ. ત્યારે વાસણો મળી આવ્યાં?'

'હાજી, એકે એક.'

'ચાલો, એ સાંભળી આનંદ થયો.'

'પણ એથી મ્હારૂં કામ ઉલટું મુશ્કેલ થાય છે. એ તે કઇ જાતના ચોર કે ચાંદીનાં વાસણો ચોરી જાય અને તળાવમાં ફેંકી દે?'

'એ વર્તન જરા ધૂની લાગે એવું છે, બાકી ન બને એવું નથી. મ્હને એવો વિચાર આવ્યો કે જેને ચાંદીની યે જરૂર ન હોય તે આવી રીતે ચોરી કરે ત્યારે સાથે લઇ જવાને બદલે પાસેજ એ તળાવ છે એટલે એમાં નાખી દે તે ઉપરથી મ્હેં તળાવ તપાસવાનું કહેવરાવેલું.'

'પણ એવો વિચાર શાથી આવ્યો?'

'મ્હને વળી એમ લાગ્યું. પેલી બારીની સામે તળાવ છે અને બહાર નીકળે એટલે એમાં નાખે એવું સહેજ મનમાં આવ્યું. વખતે એનો છૂપાવવાની જગ્યા તરીકે પણ ઉપયોગ કર્યો હોય.'

'બરાબર! છૂપાવવાની જગ્યા—બરાબર!' બક્ષીએ આનંદમાં આવીને કહ્યું. 'હવે સમજાયું. એ લોકો જરા વહેલા હતા એટલે એની સાથે પકડાઇ તો બાર વાગે! તેથી છૂપાવવા માટે વાસણો ત્યાં નાખ્યાં હશે, એ બહુ જ બંધબેસ્તો વિચાર છે.'

'એમજ. મ્હારે કહેવું જોઇએ કે મ્હારો વિચાર ઉપર ઉપરનો જ હતો છતાં એનું પરિણામ ઠીક આવ્યું અને વાસણો જડ્યાં.'

'હાસ્તો! એ ખાતે આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો પણ મ્હારે તો બીજો વાંધો આવ્યો.'

'વાંધો?'

'જરૂર. બીજું શું મી. જયંત! હરિદાસવાળી ટોળકી આજે સવારે મોંબાસામાં પકડાઇ.'

'અરે ભલા ભગવાન! એ તો ખોટું થયું! એમ હોય તો તો કં ઓછા જ એ લોકોએ આ ગુન્હો કર્યો હોય!'

'નહિસ્તો. પણ વખતે બીજી જ ત્રણ જણની ટોળી હોય. કદાચ કોઇ નવી જ ટોળી હોય!'

'એમ પણ બનવાજોગ છે.'

'આપને કૈં સૂચના કરવા જેવું નથી ?'

'મ્હેં તો એક કરી હતી.'

'કઇ ?'

'કે વાસણો માત્ર આડે રસ્તે દોરવવાને ચોરાયાં હોય.'

'એ શી રીતે મનાય ?'

'એજ સવાલ છે. વિચાર કરી જોજો અને ઠીક લાગે તો ઉપયોગ કરજો. કેમ, રોકાવું નથી ?'

'નાજી. હવે જવું જોઇએ.'

'પધારો.'

સાંજ પડી એટલે અમે વાળુ કરીને પરવાર્યાં. જયંત બેઠો બેઠો છાપું વાંચતો હતો. એકાએક એણે ઘડીઆળ તરફ જોયું.

'નટવર ! હવે આ કેસનો છેલ્લો હપ્તો શરૂ થાય છે.'

'ક્યારે ?'

'હમણાં થોડી વારમાં જ. મ્હારી ખાત્રી છે કે તું એમ માને છે કે બક્ષી કરતાં મ્હેં તદ્દન ઉંધી રીતે અને મૂર્ખાઇભર્યું વલણ લીધું છે.'

'મને તારી વલણમાં શ્રદ્ધા છે.'

'બહુ જ સુંદર જવાબ આપ્યો, નટવર ! બન્ને વચ્ચે ઘણો જ ફેર છે. હું જે જાણું છું તે ખાનગી છે અને તે કોઇને કહેવું કે નહિ તે મ્હારી મુનસફીની વાત છે. હું મ્હારી મરજી મુજબ ચાલવા મુખત્યાર છું. બક્ષીની સ્થિતિ એવી નથી. એ જે જાણે તે એણે જાહેર કરવું જોઇએ અને તેમ કરવા એ બંધાયલો છે. એનાથી પોતાની મરજી મુજબ વર્તન કરી શકાય એમ નથી. આ ફેરને લીધે મ્હારી હકીકત અને વર્તન આ વખતે મ્હારે એનાથી છૂપાવવા પડે છે.'

'હવે કેટલી વાર છે ?'

'વખત થવા આવ્યો છે. છેલ્લો અંક હવે પડશે અને

પછી ખેલ ખલાસ.'

બહાર કોઇનો અવાજ થયો. અમને કોઇ મળવા આવ્યું હતું.

નોકરે આવીને જયંતના હાથમાં એક કાર્ડ આપ્યું. એણે આવનારને અંદર મોકલવા સૂચના આપી.

આવનાર ઘણો ઉંચો માણસ હતો. એ દેખાવે સુંદર, શરીરે અશકત, તથા ઘણોજ ચંચળ અને બુદ્ધિશાળી લાગતો હતો. એ જરા ગભરાયલો લાગતે હતો.

'કેમ છો કૅપ્ટન મ્હેતા!' જયંતે એ બેઠા પછી પૂછ્યું. 'આપને મ્હારી ચીઠ્ઠી મળી?'

એણે અમારા તરફ વેધક નજરે જોયું અને બોલ્યો: 'હાજી. અને આપના લખવા મુજબ હું વખતસર આવ્યો છું. આપ ઑફિસમાં ગયા હતા એમ પણ સાંભળ્યું. આપના હાથમાંથી છટકાય એમ હતું નહિ એટલે હાજર થયો છું. આપને ફાવે તે કરો. જોઇએ તો પકડાવો કે ગરદન મરાવો પણ જે કરવું હોય તે જલદી કરો. એમ છાનામાના બેસી રહીને મ્હને મારી ન નાખો!'

'જરા ધીરા પડો મી. મ્હેતા! એમ ઉતાવળા થવાની જરૂર નથી. એવું કરવું હોત તો આપને આ રીતે બોલાવત નહિ. આપના તરફ મ્હારી સહાનુભૂતિ ન હોત તો હું જુદી જ રીતે વર્તત. ખુલ્લા મનથી મ્હને બધી હકીકત–ખરેખરી હકીકત કહી દેશો તો મ્હારા જેવો ભલો માણસ કોઇ નહિ હશે. જો મ્હને બનાવવા જશો તો છુંદાઇ મરશો એ પહેલેથી કહી લઉં છું.

'એટલે–'

'એજ કે જે બન્યું હોય તેનો સાચેસાચો હેવાલ મ્હને આપો. એમાં વધારો ઘટાડો કરવાનો નથી. સમજ્યાને! હું એટલું બધું જાણું છું કે આપ ખરી હકીકત છૂપાવવા કે આડું અવળું કહેવા પ્રયત્ન કરશો તો હું પકડી શકીશ. પછી તો આ

સિસોટી વગાડું એટલી જ વાર છે. તરત જ આપ ગિરફતાર થઇને આંદામાન પહોંચશો.'

એણે જરાવાર વિચાર કર્યો અને જવાબ આપ્યો:

'હરકત નહિ. હું ધારૂં છું કે આપ કહો તેમ કરો એવા માણસ છો. આપને હું બધી હકીકત કહી જાઉં છું. એક વાત પહેલાં જણાવી લઉં. જ્યાંસુધી મ્હને લાગેવળગે છે ત્યાંસુધી મ્હને જરાય દુઃખ નથી થતું. મ્હને કશી વાતનો ભય નથી અને આવો ગુન્હો જો ફરી કરવા વખત આવે તો રાજી ખુશીથી ફરીથી પણ કરૂં. એ હરામખોર ઓછો થયો તેથી દુનિયામાં સત્યાનાશ ઓછું વળશે. મ્હને લાગે છે તે પ્રિયંવદા માટે લાગે છે. એને માટે મ્હારૂં જીવન હોમવા હું તૈયાર છું. એને જરા પણ સુખ થતું હોય તો ગમે તે કરતાં મ્હને આંચકો આવે એમ નથી. છતાં મ્હારે આપને બધી હકીકત કહેવી પડે છે. એ કહ્યા પછી જરા વિચાર કરજો કે હું રીતસર વર્ત્યો છું કે નહિ ? મ્હારી સ્થિતિમાં આપ આપને પોતાને મૂકી જોજો અને એમ લાગે કે મ્હારૂં વર્તન બરાબર હતું તો મ્હારી માગણી કે વિનંતિ પર ધ્યાન આપજો.

'હવે હું એ હકીકત કહું. સૌથી પહેલાં પ્રિયંવદાને મ્હેં ગયા કારતક મહિનામાં જોઇ. તે વખતે હું જલજ્યોત્સ્નામાં પ્રથમ ઑફિસર હતો. એને જ્યારથી જોઇ ત્યારથી મ્હારી નજર એના પર ઠરી જ રહી. એકાંતે અમે મળ્યાં હોઇશું અને મ્હેં મારા પ્રેમની વાત એને કરી હશે. આપણી હિંદુ બાળાઓ સ્વતંત્ર નથી હોતી તેમ એ મ્હારી સાથે પરણવા સ્વતંત્ર ન હતી. એના પિતા એને મુંબાઇ મોકલતા હતા. રંગુનમાં રહેવાને લીધે એ એટલી મોટી થઇ હતી બાકી અહીં હોત તો ક્યારની પરણી ગઈ હોત. એનું વર્તન મ્હારા તરફ પ્રેમપૂર્ણ હતું અને અમારો સ્નેહ શુદ્ધ હતો. એને વિશુદ્ધ મૈત્રી કહીએ તો ચાલે. મ્હેં વખત આવે તો મ્હારી વાત રજૂ કરવાનું અને લગ્ન માટે પ્રયત્ન

કરવાનું એને કહ્યું હતું. મ્હને તે વખતે વધારે રોકાવાનું ન હતું એટલે કૈં ગોઠવણ થઇ શકી નહિ. જો વધુ રોકાવાનું થયું હોત તો આ વખત ન આવત.

'બીજે વખતે હું આવ્યો તે દરમિયાન એ પરણી ગઇ હતી. એને પૈસો અને મોભો બન્ને મળ્યાં હતાં. હૃદયનો સાથીદાર મળ્યો હતો કે નહિ તે જોવાનું હતું. એ નહિ જ મળ્યો હોય એમ હું માનતો હતો. મ્હને એ હકીકત સાંભળી સ્હેજ આઘાત થયો પણ–ઉપાય જેનો નહિ તેની ચિંતા, અયોગ્ય જાણીજ નિભાવ કીધો.

'એને હું ફરી મળી શકીશ કે નહિ એ પણ હવે તો સવાલ હતો. કારણ કે મહારે કોઇ જ વખત આવવાનું હતું અને તેયે એક દિવસ રહી ચાલ્યા જવાનું. આ વખતે હું પાછો ફર્યો ત્યારે મ્હને પ્રમોશન આપવાની વાત થઇ, મ્હને કૅપ્ટનની જગ્યા મળી અને સ્ટીમર પહેલીવારકી આવતી હોવાથી બે એક મહિના રોકાવાની તક મળી. એક દિવસ હું યશોદાને સદ્‌ભાગ્યે મળી ગયો. એ અમારી વાત જાણતી હતી. વખતે પ્રિયવંદાએ એને કહી હશે. એણે મ્હને બોલાવ્યો અને પ્રિયવંદાના દુઃખની કહાણી કહી તથા બને તો મળવા આવવાની સૂચના કરી. એ સાંભળીને હું અર્ધો ગાંડા જેવો થઇ ગયો. એ મ્હારી સ્વપ્ન સુંદરી હતી. એને હું જીગરના ખરા પ્રેમથી ચાહતો હતો. એ જ્યારે આ રીતે દુઃખી થાય ત્યારે મારૂં હૈયું વિદિર્ણ થઇ જાય એમાં કૈં નવાઈ છે! પછી હું ફરીથી યશોદાને મળ્યો. એણે પ્રિયવંદાને મળવાની ગોઠવણ કરી આપી. અમે મળ્યાં. એ ઘણી બદલાઈ ગઇ હતી. એને માટે મને ઘણું લાગ્યું. અમે ફરી એક વાર મળ્યાં અને વાતો કરી છૂટાં પડયાં. મ્હારૂં મગજ એના વિચારોથી ઘુમ હતું. શું કરૂં તો એ સુખી થાય એજ વિચાર મ્હારા મગજમાં રમતા હતા. ફરીથી મળવાનો

મ્હને યોગ ન આવ્યો. એવામાં મ્હને અઠવાડીઆમાં સફર માટે તૈયાર થવાની નોટિસ મળી એટલે જતાં પહેલાં એને એકવાર મળવાનો નિશ્ચય કર્યો. યશોદા મ્હારા તરફ બહુજ દિલસોજી રાખતી હતી. એણે મ્હને બધી હકીકતથી–કુંજ વિહારના રીતરિવાજ તથા પરિસ્થિતિથી સંપૂર્ણ માહિતગાર કર્યો હતો એટલે મ્હને ખબર હતી કે પ્રિયવંદા મોડે સુધી એના ખંડમા વાંચતી બેસતી હતી. એ વખતે મ્હેં એને મળવા વિચાર રાખ્યો. કાલે રાત્રે હું ત્યાં ગયો અને બારી આગળ ડોકાયો. પહેલાં તો એણે ધ્યાન ન આપ્યું. પણ જરા ખડખડાટ થવાથી એણે મ્હારી સામે જોયું. એણે મ્હને પેલા બીજા ખંડની મોટી બારી આગળ આવવા કહ્યું. એ પોતે પણ ત્યાં આવી. એને મ્હોડે મ્હેં કેટલીક એવી વાતો સાંભળી જેથી મ્હારૂં લોહી ઉકળી ઉઠ્યું, અને પેલા હેવાનને મ્હેં મનમાં ને મનમાં સેંકડો ગાળો ચોપડી કાઢી. અમે બેઉ વિશુદ્ધ હૃદયે એ વખતે ઉભાં હતાં–પ્રભુ અમારો સાક્ષી છે–એવામાં એ ગાંડાની માફક એ ખંડમાં આવ્યો અને પ્રિયવંદાને કાનના કીડા ખરે એવી ગાળો દેવા લાગ્યો, અને એના હાથમાં લાકડી હતી તે પ્રિયંવદાને ફટકાવા. એ ફટકો પડે એ પહેલાં હું કુદ્યો. એ મ્હને અહીં લાગ્યો. આ સોળ પડ્યું. પછી તો મ્હેં ખૂણામાં પડેલી લાઠી ઉપાડી અને તે વીંઝીને એના માથામાં મારી. એકકે ફેરે એના રામ રમી ગયા. મને એથી જરા પણ ખેદ ન થયો, મનમાં શાંતિ થઇ કે બિચારી પ્રિયવંદા હવે સુખી થશે. એ જીવ્યો હોત તો પ્રિયંવદા જરૂર મરી જાત. વહેલી કે મોડી. એ સ્થિતિમાં આપના બેમાંથી કોઇ હોત તો કઇ રીતે વર્ત્યા હોત તે કહેશો?

'એ જ્યારે લાકડી મારવા આવ્યો ત્યારે પ્રિયવંદાએ ભયથી રાડ પાડી હતી; તે સાંભળી યશોદા આવી. જોડેના કબાટમાંથી બ્રાંડીની બાટલી કાઢી અને ધીરે રહીને મ્હેં પ્રિય-

વંદાના મોઢામાં થોડીક બ્રાંડી રેડી. એની અસર તરતજ થઇ અને એ ભાનમાં આવી. મ્હેં પણ સ્હેજ લીધી. યશોદા તો આ જોઇને ઠંડીગાર થઇ ગઇ હતી. હવે શું કરવું એ વિચાર થઇ પડયો. પછી મ્હેં અને યશોદાએ થઇને બધી વાત ઉપજાવી કાઢી તથા એને અનુકૂળ થાય એવાં પ્રમાણો તૈયાર કર્યાં. યશોદાએ શું કરવું ને શી વાત કહેવી તે પ્રિયવંદાને મ્હેં સૂચના કરી હતી તે મુજબ બે એક વખત સમજાવી. એ દરમિયાન મ્હેં પેલું કિરમજી દોરડું કાપ્યું અને એનો એક છેડો ચાકુથી સોરીને જાણે એ કુદરતી જ તૂટી ગયું હોય તેમ કરીને પ્રિયં-વંદાને ખુરસી સાથે બાંધી. ચોર ત્યાં શી રીતે કૂદીને ગયો ને કાપ્યું એમ શંકા ન આવે એટલે એ છેડો સોરી નાખ્યો હતો. પછી થોડાંક ચાંદીનાં વાસણો એકઠાં કર્યાં. એટલે એમ લાગે કે ચોર લોકો એ ચોરી ગયા છે. એ મ્હેં સામેના તળાવમાં જ નાખી દીધાં હતાં. મ્હારા બહાર નીકળ્યા પછી પાએક કલાકે ઘોંઘાટ કરી માણસોને બોલાવવાની સૂચના મ્હેં આપી હતી એ મુજબ એ લોકો બરાબર વર્ત્યાં હોવાં જ જોઇએ. પહેલેથી છેલ્લે સુધી તદ્દન ખરી હકીકત આ પ્રમાણે છે પછી મ્હારૂં ભલે જે થવાનું હોય તે થાય!'

જયંત જરા શાંતિથી વિચાર કરતો રહ્યો. પછી એણે કૅપ્ટન મ્હેતા તરફ ફરીને કહ્યું:

'મ્હેં એમજ ધાર્યું હતું. આપનો અક્ષરે અક્ષર ખરો છે. કારણ કે એમાંની રજેરજ વાત મ્હારી જાણબહાર નથી. પેલી ગાંઠો-જે આપે લેડી સાહેબને ખુરસી સાથે જકડતી વખતે વાળી હતી તે દરિયામાં કામ કરનાર માણસ સિવાય બીજો કોઇ ભાગ્યેજ વાળે એવી હતી. એ વિષયનો મ્હારો અભ્યાસ બતાવતો હતો કે એ ગાંઠ કાંતો ખલાસીના કે કોઇ દરિયાઇ અમલદારના હાથની વાળેલી હતી. આખી જીંદગીમાં લેડી સાહેબે

એકજ વાર દરિયાની સફર કરી હતી અને તે પણ સીંધીયા કંપનીની સ્ટીમર ‘જલજ્યોત્સ્ના’ માં. એ મ્હને તપાસ કરતાં ખબર પડી હતી એટલે મ્હારે બીજે તપાસ કરવાની હતી નહિ. સદ્‌ભાગ્યે ખબર પડી કે એના અમલદારોમાં આપ એકલાજ અહીં હતા અને સ્ટીમર રંગુન હતી એટલે આપનો રેકર્ડ તપાસ્યો તો વિગતો મળતી આવી. લેડીસાહેબ આપને છૂપાવવા માટે ખૂબ પ્રયત્ન કરતાં હતાં તથા બધી વાત ઘણીજ સીફતથી રજૂ કરતાં હતાં એ બતાવી આપતું હતું કે એ આપને ખરા હૃદયથી ચાહતાં હોવાં જોઇએ. એ સ્નેહની શરૂઆત એ મુસાફરી વખતે થઇ હશે એમ મ્હને લાગેલું અને આટલી વિગત પામ્યા પછી આપને પકડવા કે અહીં બોલાવવા એ મ્હારે માટે અઘરૂં કામ ન હતું.’

‘મ્હેં ધાર્યું હતું કે પોલિસ અમારી બનાવટી વાતનો ભેદ કદી નહિ પામી શકે.’

‘અને એમજ છે. હું પણ નથી ધારતો કે એમનું ભેજું એટલું ચાલી શકે. હવે કૅપ્ટન મ્હેતા! આમ જુઓ. આ વાત ઘણી ગંભીર છે—અલબત, જે સંજોગોમાં આપ મૂકાયા હતા તે સંજોગોમાં આપ ખરાબ કામ કર્યું નથી પણ કાયદાની નજરે તો એ ઘણો ગંભીર ગુન્હો છે. આપે એ ગુન્હો આપની જીંદગીના બચાવ ખાતર કર્યો હતો એમ તો માની શકાય એવું છે જ નહિ. આપની તરફ મ્હારી સંપૂર્ણ સહાનુભૂતિ છે એટલે જો આપ ચોવીસ કલાકમાં અહીંથી જતા રહો તો એ દરમિયાન આપનું કોઇ નામ નહિ લે એની હું ખાત્રી આપું છું.’

‘પણ પછી તો બધું બહાર આવશે ને?’

‘હાસ્તો. એમ થવું જ જોઇએ.’

એનો ચેહેરો ગુસ્સાથી લાલ લાલ થઇ ગયો.

‘એ તે કઇ જાતની સહાનુભૂતિ? મ્હને કાયદાની સાધારણ

માહિતી તો છે જ. હું છટકી જઉં તો પણ પ્રિયવંદા પકડાયા વિના ન રહે ! અને આપ એમ માનો છો કે એને એમ દુઃખમાં નાખીને નાસી જવાનું હું પસંદ કરૂં ? એના કરતાં તો મરી જવું એજ વધુ બહેતર છે. જો આપને જરા પણ સહાનુભૂતિ હોય તો મહેરબાની કરીને પ્રિયંવદાને બચાવો. મ્હારૂં જે કરવું હોય તે કરો પણ એને એવી નાલેશીમાંથી બચાવો.'

જયંત એકદમ ઉઠ્યો અને કૅપ્ટન મ્હેતાનો ખભો થાબડ્યો.

'મ્હેં આશા રાખી હતી તેવાજ આપ ઉત્સાહી અને હૃદયના સાચા માણસ છો. મ્હારી કસોટીમાં આપ બરાબર પાર ઉતર્યાં છો. આપને મદદ કરવામાં મ્હારે માથે ભારે જોખમદારી લેવી પડે છે છતાં એ લેવા માટે હું તૈયાર છું. મ્હેં બક્ષીને એક બે સૂચના ઘણીજ સરસ કરી છે પણ તેનો લાભ ઉઠાવવાની એની શક્તિ નથી. એટલે આપને પોલિસ તરફની ધાસ્તી રાખવાનું કારણ નથી. આપ આપની ખુશીથી પહેલા હિંદી કૅપ્ટન તરિકે નામ કાઢો. મ્હારે આપની સામે કાંઇજ પગલાં ભરવાં નથી. લેડી પ્રિયંવદાને જતા પહેલાં મળતા જજો અને આ હકીકત પણ જણાવજો. એકાદ વરસ પછી બધું ઠંડુ પડે એટલે જો આપનામાં હિંમત હોય તો એમની સાથે પુનર્લગ્ન કરી લેજો અને સુખી થજો.'

અમારો ઘણો આભાર માનીને કૅપ્ટન મ્હેતાએ રજા લીધી. એનો ચહેરો પ્રફુલ્લિત થયો હતો.

તે પછી મ્હારી નોંધ છે કે એકાદ વર્ષ બાદ કૅપ્ટન મ્હેતાએ લેડી પ્રિયંવદા સાથે પુનર્લગ્ન કર્યાં અને પહેલા હિંદી કૅપ્ટન તરિકે પોતાનું નામ કાઢ્યું.

✧

ખોવાતો ખેલાડી

'આળસુનો દહાડો લાંબો હોય છે.' એ વાત સાવ સાચી છે. જ્યારે કામ હોય છે ત્યારે વખત કેમ પસાર થયો તે સમજાતું પણ નથી અને કામ નથી હોતું ત્યારે વખત જવો મુશ્કેલ થઇ પડે છે. કામગરૂં મગજ નવરૂં પડે તો એને પણ થોડો ઘણો કાટ ચઢતો હોવો જોઇએ એવું મ્હારૂં અનુમાન છે. એમ ન હોત તો આખી જીંદગી વૈતરૂ કરનાર જ્યારે પૅન્શન પર જાય છે ત્યારે લાંબો વખત જીવીને સુખે પૅન્શન ખાઇ શકતો નથી એમ ઘણી વાર બને છે તે બનતું ન હોત.

જીવનમાં એવા દહાડા પણ કોઇ કોઇ વખત આવે છે. એવું એક અઠવાડીયું અમે હમણાંજ પસાર કર્યું હતું એવામાં અમને નીચેની ચીઠ્ઠી મળી.

'કેથે બાહેર જતાના સાહેબ! ઘન્નોજ ગમખાર બનાવ બની ગીયોચ. ટેમુલનો પત્તો નથીજી–દુવાગો કાવારાણા.'

અને એના ઉપર અમે કાંઇ વિચાર કરીએ એટલામાં એ મોકલનાર ગૃહસ્થ આવી લાગ્યા. એ મજબુત બાંધાનો કદાવર પારસી જવાન હતો. એની સાથેની વાતચીતમાંના પારસીશાઇ શબ્દોને બદલે ગુજરાતી શબ્દો હું વાપરૂં છું અને એટલી છૂટ આ વાર્તામાં લઉં છું.

'આપ મી. જયંત ને?'

જયંતે ડોકું હલાવી હા પાડી.

'હું હમણાંજ મી. રામરાય બક્ષીને મળીને આવ્યો. એમનું કહેવું એવું થયું કે આ વાત પોલિસના અખત્યારની નથી અને એમાં આપની મદદ મ્હને ઘણી ઉપયોગી થઇ પડશે.'

'જરા શાંતિથી બેસો અને આપની હકીકત વિગતવાર કહો.'

'ઘણોજ ગંભીર અને ગુંચવણ ભરેલો મામલો છે મી. જયંત! હવે હું શું કરીશ! તેહમુરસ્પ ચિનાઇ–અલબત, એનું નામ તો તમે સાંભળ્યુંજ હશે? અમારૂં તો એ બાવા! નાક હતો. એના સિવાય મ્હારે શું કરવું? એનું થયું શું? કોઇએ કાંઇ કર્યું છે કે શું થયું છે? પેલો કાપડીયો છે પણ એના પર આધાર રાખી બેસી ન રહેવાય! એને રામજી કે ચંદારાણા જરા વારમાં ઉડાવી દે. એ તે એજ. એના સિવાય બધું રાણું ધમ! મી. જયંત! તમે મદદ ન કરો તો આવીજ બન્યું! કાલે બપોરે હું શું કરીશ?'

ઘણીજ નવાઇ પામીને અમે આ ભાષણ સાંભળ્યા કર્યું અને એને ઉભરો કાઢવા દીધો. એમાંથી જયંત આખું સમજી શકયો હોય એમ લાગ્યું નહિ પણ એણે ધીમે રહીને જાણીતા માણસોની હકીકતને લગતી 'ચ'ની ફાઇલ કાઢી અને જોયું.

'અરદેસર ચિનાઇ કે સી. બી. ચિનાઇનાં નામ જડે છે પણ આ તમારા તેહમુરસ્પ ચિનાઇનું નામ જણાતું નથી.'

અમારો અસીલ એ સાંભળી નવાઇ પામ્યો.

'અરે બાવા! મ્હેં જાણ્યું કે તમને ખબર હશે મી. જયંત! તમે તેહમુરસ્પ ચિનાઇનું નામ નથી સાંભળ્યું! તો તો પછી જમશેદ કાવારાણાનું નામેય નહિ સાંભળ્યું હોય?'

જયંતે હસીને ડોકું ધુણાવ્યું.

'અરે પરવરદેગાર!' એણે કહ્યું. 'તમે તે કઇ દુનિયામાં વસો છો! ગયે વખતે અમે બેઉ જણે અમારી ટીમનું નામ કાઢયું હતું અને કવૉડ્રેંગ્યુલરમાં પારસીઓને જીતાડી આપ્યા હતા. અલબેલી મુંબાઇ નગરી અમારી જોડી પર ઘેલી થઇ ગઇ હતી. આપને એ ખબર જ નથી?'

જયંત હસ્યો અને બોલ્યોઃ

'આપણે જુદી જ દુનિયામાં વસનાર જીવ છીએ ખરૂં ને નટવર! કવૉડ્રેંગ્યુલરમાં કે મૅચોમાં અમને રસ નથી એ જાણી તમને નવાઇ લાગશે, છતાં આપ બધી હકીકત વિગતવાર કહેશો તો મ્હારાથી બનતી મદદ આપવા હું તૈયાર છું.'

અમારા અસીલે જરાક થાક ખાઇને પોતાની હકીકત કહેવા માંડી.

'પારસી ટીમનો હું કૅપ્ટન છું અને ચિનાઇ વાઇસ કૅપ્ટન છે. આવતી કાલે અમારે હિંદુ ટીમ સાથે રમવાનું છે. ગઇ કાલે હું તથા ચિનાઇ મણિપુરથી અહીં આવીને વૉટસન હૉટેલમાં ઉતર્યા. એ જરા ઉદાસ લાગતો હતો એટલે મ્હેં એને આરામ લેવાનું કહ્યું. મ્હેં એને પૂછ્યું ત્યારે એણે માથું દુઃખે છે એવો જવાબ આપ્યો હતો એટલે મ્હેં એ સૂચના કરી હતી. અર્ધા કલાક પછી પોર્ટરે મ્હને ખબર આપી તે મુજબ એક ગામડીયા જેવો પારસી કંઇક ચીઠી લઇને આવ્યો અને તે એને પહોંચાડવામાં આવી. એ વાંચીને એ ફસડાઇ પડ્યો. એણે પાણી મંગાવ્યું, પીધું અને પેલા ચીઠી લાવનાર સાથે બહાર ગયો. એ લોકો બોવલ તરફ થઇને ચર્ચગેટ ગયા એમ પોર્ટરને

લાગ્યું. આજે સવારે ચિનાઇનો ખંડ ખાલી હતો. પથારી ચોળાયા વિનાની હતી અને એ પાછો ફર્યો ન હતો. પેલા અજાણ્યા માણસ સાથે એ જરાવારમાં બહાર પડ્યો હતો. એ પાછો આવે એમ મ્હને લાગતું નથી. એના સિવાય મ્હારાથી કાંઇજ થાય એમ નથી. એ અમારી ટીમનો હીરો છે. એના વગર અમે હારી જવાના. મ્હને લાગે છે કે કાંઇક ભેદભરી બાજી રમવામાં આવી છે અને બિચારો ચિનાઇ તેનો ભોગ થઇ પડ્યો છે.'

જયંતે એ હકીકત ધ્યાન દઇને સાંભળી.

'તમે શું કર્યું ?' એણે પૂછ્યું.

'મણિપુર તાર કર્યો. વખતે એ ત્યાં ગયો હોય તો ખબર પડે. એનો જવાબ આવી ગયો. એને કોઇએ ત્યાં જોયો જ નથી.'

'એ મણિપુર ગયો હોય એવો સંભવ છે ?'

'જવું હોય તો છેલ્લી લોકલમાં જઇ શકે.'

'પણ એ ગયો નથી. ખરૂં ને ?'

'ત્યાં નથી ગયો.

'પછી શું કર્યું ?'

'સર ધનજીશાહ ચિનાઇને તાર કર્યો.'

'સર ચિનાઇએ શા માટે ? '

'તેહમુસ્રપના એ કાકા થાય એટલે. એને કાકા સિવાય બીજું કોઇ અતલગનું સગું નથી.'

'એમ ! સર ચિનાઇ તો ઘણા લીલા માણસ છે.'

'હાજી. એમની પાસે પુષ્કળ પૈસો છે.'

'અને તમારો મિત્ર એનો વારસ છે.'

'હાજી. એમને એંસી વરસ થવા આવ્યાં છતાં એ ઘણા કંજુસ માણસ છે. એમણે એને ભાગ્યેજ મદદ કરી હશે. તો પણ બધી મિલ્કત એમના મરણ બાદ એનેજ મળશે.'

'એમના તરફથી તારનો જવાબ આવ્યો ?'

'નાજી.'

'તમારો મિત્ર સર સાહેબ પાસે શા માટે જાય ?'

'એના મનમાં કાંઇક ઘોળાયા કરતું હતું એટલે બનવા જોગ છે કે એને પૈસા સંબંધી ભીડ હોય તો એ સર સાહેબ પાસે ગયો હોય. એમની પાસેથી પૈસા મળવાની આશા રખાય એવું ભાગ્યે જ છે છતાં પ્રયત્ન કરી જોવા ગયો હોય એ બનવા જોગ છે. એનું ચાલે ત્યાં સુધી તો ન જાય પણ છતાંયે કદાચ ગયો હોય.'

'એનો આપણે નિર્ણય કરીએ. એ જો ત્યાંજ ગયો હોય તો પેલો ગામડીયા જેવો માણસ આવ્યો, ચીઠી આપી અને તે વાંચીને એ ફસડાઇ પડ્યો, એનો ખુલાસો બાકી રહે છે. એટલે એ એના કાકા પાસે ગયો હોય એમ લાગતું નથી.'

'બનવા જોગ છે.'

'હરકત નહિં તમારા કેસમાં મારાથી બનતું ધ્યાન આપું છું છતાં મ્હારે કહી દેવું જોઇએ કે એના આશા છોડીને તમારી મૅચ રમ્યે જજો. કંઇક ગંભીર કારણ કે સંજોગોને અંગે એને જવું પડયું છે એ ચોક્કસ અને એ કારણ કે સંજોગો એને રોકી રાખે તો નવાઇ નથી. ચાલો, આપણે પેલા પોર્ટર પાસેથી જે વિગત મળી શકે તે મેળવી લઇએ.'

થોડા વખતમાં અમે વૅાટસન હૅાટેલમાં પહોંચી ગયા અને ચિનાઇના ખંડમાં બેસીને પેલા પોર્ટરને બોલાવ્યો. એની પાસેથી મળી શકે એટલી બધી હકીકત જયંતે ચાલાકીથી મેળવી લીધી. રાત્રે આવનાર માણસ સાધારણ દેખાવનો નવોસવો ગામડીયો પારસી લાગતો હતો. એણે નાની સરખી દાઢી રખાવેલી હતી. એની ઉંમર પચાસેક વરસની હશે. એનો ચહેરો પણ ઉદાસ લાગતો હતો. ચિનાઇએ એની સાથે સહેજ

સાજ વાત કરીને ચાલવા માંડયું હતું. એ લોકોની વાત એણે સાંભળી ન હતી. એ ગયા ત્યારે સાડા દશ વાગ્યા હતા.'

'તારી તો દિવસની પાળી છે ને?'

'હાજી, પણ મ્હારે છેક રાતના અગીઆર વાગ્યા સુધી થોભવું પડે છે.'

'રાતપાળીવાળે કાંઇ નહિ જોયું હોય?'

'નાજી. કેટલાક માણસ નાટક જોવા ગયેલા તે આવ્યા હશે તે સિવાય બીજું કાંઇ નહિ.'

'કાલે તારી પાળી કયાંથી કયાં સુધી હતી?'

'બપોરના ત્રણથી રાતના અગીઆર સુધી.'

'મી. ચિનાઇને કોઇ કાગળ કે સંદેશો તેં પહોંચાડેલો?'

'હાજી. એક તાર હતો.'

'કટલા વાગે?'

'છએક વાગ્યા હશે.'

'એ મી. ચિનાઇને કયાં પહોંચાડેલો?'

'આ ખંડમાં જ.'

'એણે એ ઉઘાડ્યો ત્યારે તું હાજર હતો?'

'હાજી. એમણે તરત જ જવાબ લખ્યો.'

'અને તે તને આપ્યો?'

'નાજી, એ જાતે જ લઇ ગયા.'

'પણ લખ્યો તો તારી હાજરીમાં ને?'

'હાજી. હું બારણા આગળ ઉભો હતો. મ્હારા તરફ પૂઠ રાખીને એમણે ટેબલ પર તાર લખ્યો પછી મ્હને કહ્યું: 'કંઇ નહિ ભાઇ! જા. હું જાતે જ લઇ જઇશ.'

'શાનાથી લખ્યો?'

'હોલ્ડરથી.'

'તારનું ફારમ આ ટેબલપર પડ્યાં છે તેમાંનું જ હતું ને?'

'હાજી. છેક ઉપરનું જ.'

જયંતે ફારમ હાથમાં લઇને જોવા માંડયું પણ કાંઇ જણાયું લાગ્યું નહિ.

'દિલગીરીની વાત એ છે કે એણે પેન્સીલથી ન લખ્યું. એમ હોત તો આપણને કાંઇક ખબર પડત. ઘણી વખત નટવર! આ રીતે તારની ખબર મળી જાય છે પણ આમાં તો એ મુશ્કેલી છે. આ હોલ્ડર જાડું લાગે છે એટલે વખતે બ્લોટિંગ પર કંઇ હોય તો. બરાબર છે, આજ હોવું જોઇએ.

એમ કહીને એણે એક કકડો ફાડીને આડો ધર્યો. એના ઉપર નીચેના અક્ષર દેખાતા હતા.

Stand by us for God's sake

'પહેલા છ શબ્દો સુકાઇ ગયા છે. સાતમો અને આઠમો સ્પષ્ટ નથી. નવથી ચૌદ સુધીના છ શબ્દો વંચાય છે એટલે તારનો છેલ્લો ભાગ હાથ આવે છે. 'પ્રભુને ખાતર અમને મદદ કરો.' એમ એ કહે છે તે બતાવી આપે છે કે કોઇ પણ જાતના ભયની એને આગાહી છે. એ ભય એને એકલાને નથી લાગતો પણ કોઇ સાથીદાર છે. 'અમને' એ એક કરતાં વધારેને માટે અહીં વાપરેલ છે, અને એ બીજો માણસ પેલા દાઢીવાળા સિવાય બીજો કોણ હશે? તો પછી ચિનાઇને એ માણસ સાથે શો સંબંધ હશે? અને એવો કયો માણસ છે કે જેની મદદની એ બેઉ જણ ભયને ટાણે અપેક્ષા રાખે છે? આપણે આટલી બાબતોની તપાસ કરવાની છે. એનો જવાબ સંતોષકારક મળે તો તરત જ નિકાલ આવે.'

'એ તાર એણે કોને કર્યો એ પણ આપણે શોધી કાઢવું જોઇએ.' મ્હેં સૂચના કરી.

'મ્હને પણ એ વિચાર આવ્યો હતો. નટવર! પણ આપણે તાર ઑફિસમાં જઇને એ રીતે બીજાનો તાર વાંચવા માગીએ

તો એ ન આપે એ વિચાર કરવા જેવું છે એટલે એ મેળવવા માટે કંઇક યુકિત કરવી જોઇએ; અને તે કરીશું. એ દરમિઆન મી. કાવારાણા, આ બધા કાગળો વગેરે તમારી હાજરીમાં તપાસી લઉં.'

ટેબલ પર અને ખાનામાં કેટલાક કાગળો, બીલો, અને એકાદ નોટબુક પડયાં હતાં. જયંતે એ બધું ચકોર નજરે જોઇ લીધું 'કંઈ નથી. હું ભૂલતો ન હઉં તો ચિનાઇ શરીરે તો તદન તંદુરસ્ત છે.

'જરૂર.'

'એ કાંઇ માંદો બાદો હતો કે શું?'

'બિલકુલ નહિ. એક વખત પગ લપસ્યો ત્યારે ઢીચણ પરની ઢાંકણી ખસી ગઇ હતી તે સિવાય કોઇ જાતની માંદગી નથી સાંભળી.'

'વખતે તમે ધારો છો એટલો એ તંદુરસ્ત નહિ હોય કદાચ કાંઇ ખાનગી પંચાત હશે. આમાંના બે ત્રણ કાગળો મ્હારી પાસે રાખું છું. મ્હને આગળ તપાસમાં ઉપયોગી થઇ પડશે.'

'જરા થોભો. સબર!' બારણા તરફથી અવાજ આવ્યો.

અમે એ તરફ જોયું તો એક બુઢ્ઢો ઠીંગુજી પારસી ઉભો હતો.

'તમે કોણ છો અને આએ કાગળોને હાથ લગાડવાનો તમુને શું અધિકાર છે?' એણે પૂછ્યું.

'મી. ચિનાઇના ગુમ થવા બાબત હું તપાસ ચલાવું છું.'

'એમ બાબત છે? પણ એ કામ કોણે સોંપીયું?'

'સી. આઇ. ડી. એ મી. ચિનાઇના આ મિત્ર અને સાથીદારને મ્હારા માટે ભલામણ કરી હતી.'

'અને તમે કોણ છેવ! સાહેબ!'

'જમશેદ કાવારાણા.'

'તમે મને તાર કરેલો! મ્હારૂં નામ સર ધનજીશા ચિનાઇ. તમારો તાર મળ્યો કે તરતજ હું અહીં દોડી આવ્યો. એમ! તમે ડીટેકટીવને રોકયો છે?'

'હાજી.'

'અને એ ખર્ચને તમે પુગી વળશો?'

'મ્હારો મિત્ર ચિનાઇ એ જડશે એટલે જરૂર પહોંચી વળશે.'

'પણ એમ ન થયું તો, એનાથી નહિ અપાય તો—એનો જવાબ આપોની.'

'તો પછી એનું કુટુંબ—'

'હાં—બરાબર. એ આશા નહિ રાખતા.' એ ભાઇસાહેબ તડુકી ઉઠયા. 'એક પાઇ પણ મ્હારી પાસેથી નહિ મળે, સમજ્યા ને મીસ્તર. એનું કુટુંબ કહો કે જે કહો તે હું છું અને હું કહું છું કે એ ખર્ચ માટે હું બીલકુલ જવાબદાર નથી. મ્હેં આજ વેર પૈસાનો ગેરઉપયોગ કીધો નથી અને હવે એમ કરવાની ઇચ્છા નથી. અને કાગળોને તમે મરજી માફક ફેંદી રહ્યા છો પણ એમાંથી કંઇ કામની ચીજ કે કિંમતી કાગળ ગુમ થયો તો તમારે તેનો રીતસર જવાબ આપવો પડશે ને પૈસા ભરી દેવા પડશે.'

'બહુ સારૂ. સાહેબ!' જયંતે જણાવ્યું. 'એ દરમિઆન એના ગુમ થવા સંબંધી આપનો શો મત છે તે જણાવશો?'

'મ્હારો મત કૈં નથી. એ હવે કૈં રાઇનો દાણો નથી. ગયો હશે કૈં તો આવશે. એ ખોવાઇ જવાની મૂર્ખાઇ કરે તો એને શોધી કાઢવાની જોખમદારી મ્હારી નથી.'

'બરાબર છે.' જયંતે મ્હારા તરફ આંખની ઇસારત કરીને કહ્યું. 'તમારી વાત સાવ ખરી છે, પણ મ્હારે શું કહેવાનું છે તે તમે સમજ્યા નથી મ્હારા સાહેબ! તેહમુરરપ ચિનાઇ

તો બિચારો તદ્દન ગરીબ માણસ છે. એની પાસેથી ફૂટી બદામ પણ મળે તેમ નથી એ જાણીતી વાત છે. પણ સર ધનજીશ પાસે મબલખ પૈસો છે અને તે જગજાહેર છે એટલે કોઇ સોનેરી ટોળીએ તમારી રહેણી કરણી, રીત રિવાજ અને તમે તમારો પૈસો કયાં અને કેમ રાખો છો તે જાણવા માટે તેહમુરસ્પને ગુમ કર્યો હોય એ બનવા જોગ છે. એની પાસેથી એ હકીકત જોર જુલમથી પણ એ લોકો કઢાવી શકે એમ છે.'

એ સાંભળી બુઢ્ઢાજીનો ચહેરો ધોળો પૂણી જેવો થઇ ગયો. જયંતે એને આબાદ બનાવ્યો હતો.

'અરે પરવરદેગાર! મ્હને તો એનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. દુનિયામાં શું ખરાબ માણસો પડ્યા છે! પણ તેહમુ એવો નમાનો છે કે કાંઈ કહેશે જ નહિ. ચાલો, મ્હારે હવે ચેતવું પડશે. આજ સાંજ સુધી બધો ફેરફાર કરી નાખીશ, ત્યાંસુધી મ્હારા સાહેબ! તમારાથી બનતું કરીને એનો પત્તો લગાડજો. અને પાંચ પચીસ રૂપીઆ ખરચ થાય તેની પરવા નહિ કરતા. એ હું આપી લઇશ.'

પોતાના ભત્રીજાની રીતભાત અને જીવન વિષે એને ખબર હોવા છતાં અમને ઉપયોગી થાય એવી રજ પણ હકીકત એણે આપી નહિ. અમારે હવે પેલા તારથી અમારી તપાસની શરૂઆત કરવાની હતી. અને એ મેળવવાને જયંતે પોતાના મન સાથે યોજના ઘડી રાખી હતી અમે બધા બહાર પડ્યા એટલે સર ધનજીશા પોતાને કામે ગયા અને મી. કાવારાણા એમના સાથીદારો સાથે નવી ગોઠવણ કરવા ઉપડ્યા. અમે બેઉ સેક્રેટરિએટની તાર ઑફિસમાં ગયા.

'એની નકલ તો મેળવવીજ જોઇએ નટવર!' જયંતે કહ્યું. 'અલબત, આપણે વૉરંટ લાવીને એ મેળવી શકીએ એમ છીએ પણ હજી એવી સ્થીતિએ કામ આવ્યું નથી. હું નથી

ધારતો કે તાર લેનાર બધા માણુસોને ઓળખી શકતો હોય. ચાલો જોઇએ તો ખરા.'

'જરા જુઓને ભાઇ,' એણે તાર ઑફિસમાં કામ કરતા કલાર્કને કહ્યું. 'ગઇ કાલે મ્હેં એક તાર કર્યો એમાં એક ભૂલ રહી ગઇ લાગે છે, હજી એનો જવાબ નથી આવ્યો એટલે મ્હને એમ લાગે છે એની નીચે હું મ્હારૂં નામ લખવું ભૂલી ગયો છું. જરા જુઓને મહેરબાન!'

એણે કેટલાંક તારનાં ફારમો ઉપાડ્યાં.

'કેટલા વાગે તાર કર્યો હતો?' એણે પૂછ્યું.

'છ વાગ્યા પછી.'

'કોને કરેલો?

જયંતે હોઠ પર આંગળી લગાડી મ્હારા તરફ જોયું. 'એના છેલ્લા શબ્દો 'For God's sake' એમ હતા. એનો જવાબ નથી એટલે ઘણી ચિંતા થાય છે.'

પેલાએ ફારમો ઉથામવા માંડ્યાં.

'આ રહ્યો. બરાબર. નીચે નામ નથી.' એમ કહીને એણે એ અમને આપ્યો.

'તેમાં જ ત્યારે જવાબ નથી આવ્યો.' જયંતે એ જોઇને કહ્યું. 'મ્હારી પણ કેટલી બેદરકારી! જરા જોયું હોત તો ત્રાસ ઓછો થાતને! માફ કરજો મહેરબાન! આપને તસ્દી આપી તે.' એમ કહીને એણે રજા લીધી.

'કેમ છે?' બહાર નીકળ્યા એટલે મ્હેં પૂછ્યું.

'ઠીક છે નટવર! આપણે આગળ વધીએ છીએ. એની નકલ મેળવવા મેં સાત જૂદી જૂદી યોજનાઓ કરી રાખી હતી, પણ પહેલી તકેજ આપણે ફાવ્યા.'

'શું મળી આવ્યું?'

'તપાસ કરવા જેવી હકીકત.' એમ કહીને એણે ટૅકસી

બોલાવી. 'ચર્ચગેટ સ્ટેશન.'

'આપણે મુસાફરી કરવાની છે?'

'હાસ્તો. આપણે મણિપુર જવું પડશે. આપણી તપાસ એ તરફ કરવાની હોય એમ જણાય છે.'

'એના ગુમ થવા વિષે તારો શો મત છે?' મ્હેં ટૅક્સીમાં બેઠા પછી પૂછ્યું. 'તું એમ ધારે છે કે પેલા બુઢ્ઢાની મિલકત વિષે હકીકત મેળવવા કોઇએ એને ગુમ કર્યો છે?'

'ના રે ના! નટવર! એ તો એને ચગાવવા અને સીધો કરવા પુરતી વાત હતી. તે સિવાય એ કંજુસ માણસ ઠેકાણે ન આવત.'

'ખરી વાત છે. પણ ત્યારે તારો શો મત છે?'

'એ વિષે ઘણું કહી શકાય. એના ગુમ થવાનાં કારણો કેટલાંય કાઢી શકાય. તને એમ નથી લાગતું કે મૅચ શરૂ થાય તેને આગલે દિવસે એના જેવો અઠંગ ખેલાડી ખોવાઇ જાય એ શું બતાવે છે? કોઇ માનભૂખ્યાએ પોતાની મતલબ સાધવા એને ગુમ કર્યો હોય અથવા તો એ પ્રસંગે લોકો ધૂમ બેટિંગ-સરત લગાવે છે એટલે એવા કોઇએ પોતાનો દાવ સાધવા પણ એને ગુમ કર્યો હોય તે બનવાજોગ નથી લાગતું? બીજી વાત એ છે કે એ એક મોટી મિલકતનો વારસ છે અને એના છૂટકારા માટે પૈસા મેળવવાની આશાએ પણ એને કોઇએ ગુમ કર્યો હોય.'

'પણ એને અને આ તારને કાંઇ લાગતુંવળગતું નથી.'

'ખરી વાત છે. નટવર! અને તેથી તો આપણે એ તપાસ પહેલી કરીએ છીએ, આપણે સીધા મણિપુર જઇએ છીએ. હમણાં તો આપણને કંઇ સમજાતું નથી પણ સાંજ સુધીમાં સૌ સીધું થઇ જશે. પછી તો જેવી પ્રભુની મરજી.'

અમે મણિપુર પહોંચ્યા ત્યારે અંધારૂં થઇ જવા આવ્યું હતું. જયંતે ટૅક્સી ભાડે કરી. ડૉ. બાટલીબોઇને ત્યાં હાંકવા કહ્યું. એ કાંઇ બહુ મોટું શહેર ન હતું કે ડૉકટરનું નામ છાનું

રહે. થોડી વારે અમને ત્યાં પહોંચાડવામાં આવ્યા. સ્હેજ વાર થોભ્યા પછી અમારે ડૉકટરનો મેળાપ થયો.

મ્હારા પોતાના ધંધાનો પ્રસંગ અને ધંધાદારી મિત્રો સાથેનો સંબંધ મ્હેં એટલાં ઓછાં કરી નાંખ્યાં હતાં કે ડૉ. બાટલીબોઇનું નામ પણ મ્હને પરિચિત ન હતું. હવે ખબર પડી કે એ સજ્જન ઘણા નામાંકિત માણુસ હતા, અને ત્યાંના જીવનમાં આગળ પડતો ભાગ ભજવતા હતા. ધંધા કરતાં એમનું લક્ષ સાહિત્ય તરફ વધારે હતું. અમે ગયા એટલે એમણે મ્હારા મિત્રનું કાર્ડ હાથમાં લીધું અને બોલ્યા :

'મ્હેં આપનું નામ સાંભળ્યું છે મી. જયંત ! અને આપનું કામ પણ મ્હારાથી અજાણ્યું નથી. આપની રીત મ્હને પસંદ નથી.'

'બરાબર છે. દરેક ગુન્હેગાર મ્હારી રીત પસંદ કરતો નથી.' જયંતે શાંતિથી જવાબ આપ્યો.

'જ્યાંસુધી તમારા પ્રયત્નો ગુન્હો થયો હોય તે સમાધાની કે સમજાવટથી પતાવવાના હોય છે ત્યાંસુધી મ્હારી સહાનુભૂતિ હોય છે અને દરેક શાંતિપ્રિય ગૃહસ્થ એવી સહાનુભૂતિ આપે એ સંભવિત છે, છતાં મ્હારે કહેવું જોઇએ કે સરકારી અમલદારો અને સરકારી પોલિસ કે સી. આઇ. ડી. ખાતાં એ કામ કરવાને પુરતાં છે. તમારી રીત વધારે ટીકાને અને તિરસ્કારને પાત્ર તો ત્યારે નીવડે છે કે જ્યારે તમે કોઇ વ્યકિતનું ખાનગી જીવન કે ગુહ્ય રહસ્ય ખુલ્લું કરી દો છો અને જે વાતો ઢંકાઇ ગયેલીજ સારી હોય છે તેને બાપોકાર જાહેર કરો છો. એ રીતે તો તમે તમારો અને તમારાથી વધુ કિંમતી એવો બીજાઓનો પણ વખત બગાડો છો. ખરૂં પૂછો તો આ વખતે તમારી સાથે વાત કરવાને બદલે હું કાંઇક ઉપયોગી લખાણુ લખતો હોત.'

'બરાબર છે. પણ એવા લેખ કરતાંયે વખતે આપણી વાતચીત વધુ ઉપયોગી નીવડવા સંભવ છે. ખરૂં પૂછો તો

મ્હારો હંમેશાં ખાનગી અને ગુહ્ય રહસ્યોને ઉઘાડવાનો આશય હોતો જ નથી. બને ત્યાંસુધી હું એ રીતે ખોટી નામોશી અને કીર્તિ મેળવવાનો ખોટો ઘમંડ દૂરજ રાખું છું. તમે કહો છો તે બીજાઓની બાબતમાં ખરૂં હશે પણ હું એથી વિરૂદ્ધ વર્તું છું. મ્હારી સ્થીતિ કોઇ વખત બરાબર સમજવીશ. હું તમને તેહમુરસ્પ ચિનાઇ વિષે પૂછવા આવ્યો છું.'

'એનું શું છે?'

'આપ એને ઓળખો છો, ખરૂં ને?'

'એ મ્હારો ખાસ સ્નેહી છે.'

'આપને ખબર છે કે એ ગુમ થઇ ગયો છે?'

'એમ!' ડૉકટર બોલ્યા પણ એમના ચહેરામાં એથી જરા પણ ફેર પડ્યો નહિ.

'કાલે રાત્રે એ વૉટસન હૉટેલમાંથી ગયો છે અને તે પછી એનો પત્તો નથી.'

'તો તો એ પાછો ફરશે.'

'પણ કાલે કવૉડ્રેંગ્યુલર મૅચ શરૂ થાય છે ને–'

'મ્હારો એ રમતો માટે સારો અભિપ્રાય નથી. પૈસાની બરબાદીનાં એ બધાં સાધન છે! એ બધું મ્હારા ક્ષેત્રની બહાર છે.'

'પણ એને શોધી કાઢવામાં આપની સહાનુભૂતિ છે ખરી ને? એ ક્યાં હશે તે આપ કહી શકો એમ છો?'

'મ્હને ખબર નથી.'

'આપે એને ગઇ કાલનો જોયો નથી?'

'નાજી.'

'એ તદન તંદુરસ્ત માણસ હતો?'

'સંપૂર્ણ તંદુરસ્ત.'

'એ માંદો પડ્યો હોય એમ આપને ખબર છે!'

'નાજી.'

જયંતે ડૉકટરને એક કાગળ બતાવ્યો. એ કશાકનું બીલ હતું.

'તો ગયે મહિને આપને એણે રૂ. ૧૨૫) આપ્યા છે એ દર્શાવતું આપનું પોતાનું જ આ બીલ શાને લગતું છે? એ એના કાગળોમાંથી મ્હને મળી આવ્યું.'

ડૉકટરનો ચહેરો ગુસ્સાથી લાલ થઇ ગયો.

'મ્હને નથી લાગતું કે એનો ખુલાસો આપવા હું બંધાયલો હોઉં મી જયંત!'

જયંતે એ બીલ પોતાની નોટબુકમાં ધીમે રહીને મૂકી દીધું.

'આપની ઇચ્છા જાહેર રીતે એનો ખુલાસો કરવાની હોય તો એ પ્રસંગ પણ વહેલો મોડો આવશે. મ્હેં તો આપને કહ્યું છે કે ઘણી ચીજો જે બીજાઓ જાહેરમાં લાવવાને બંધાયેલા છે તે હું એમને એમ છૂપી રહેવા દઇ શકું છું અને આપ આપની હકીકત મ્હને કહેશો તો એ એજ રીતે છૂપી રહી શકશે, પછી તો જેવી તમારી મરજી.'

'હું એ બાબત કાંઇ જાણતો નથી.'

'આપને એના તરફથી મુંબાઇથી કાંઇ ખબર મળેલી?'

'બીલકુલ નહિ.'

'ખરેખર! પોસ્ટ ઑફિસ ઘણીવાર ગોટો વાળી દે છે!' જયંતે નિશ્વાસ મૂકીને કહ્યું. 'એક ઘણોજ જરૂરી તાર કાલે સાંજે સવા છ વાગે આપને મી. ચિનાઇએ કર્યો હતો. એ તારને એના ગુમ થવા સાથે ગાઢ સંબંધ છે; છતાં નવાઇ જેવું તો એ છે કે આપને એ તાર મળ્યો નથી! એ ઘણુંજ વિચિત્ર લાગે છે. ખરેખર! મ્હારે એ વિષે તરતજ ફરીયાદ નોંધાવવી પડશે.'

ડૉકટર બાટલીબોઇ એકદમ ઊભા થયા.

'મેહેરબાની કરીને ચાલ્યા જાવ. હું તમારી સાથે બીલકુલ વાત કરવા માગતો નથી. જાઓ મ્હારા સાહેબ!' એણે તરતજ

પોતાને નોકરને બોલાવ્યો.

અમે બેઉ જણ એકદમ બહાર આવ્યા. જયંત હસી પડ્યો.

'ડૉકટર હુશીઆર માણસ લાગે છે. નટવર! જરૂર આ કામમાં એ ઘણું જાણે છે. એ છૂપાવવા માગે છે. છતાં આપણે એને કયાં છોડીએ એમ છીએ? ચાલો પેલી લૉજમાં જઇને આગળનો ખંડ રોકીએ. ત્યાંથી ડૉકટરની હીલચાલ પર દેખરેખ રાખી શકાશે. તું એ કામ કરને. એટલામાં હું થોડી ઘણી તપાસ કરી આવું.'

જયંતની થોડી ઘણી તપાસ ધાર્યા કરતાં વધુ લાંબી નિવડી. એ લગભગ નવ વાગે પાછો ફર્યો. ભૂખ અને થાકથી એ કંટાળી ગયો લાગતો હતો. અમે જમીને જરા શાંતિથી બેઠા એવામાં અમને લાગ્યું કે ડૉકટરના બારણા આગળ એમની ઘોડાગાડી બહારથી આવીને ઊભી હતી.

'ત્રણ કલાકથી એ નીકળી છે.' જયંતે કહ્યું. 'સાડા છએ ઉપડી હતી તે અત્યારે પાછી ફરે છે. એ હિસાબે દસબાર માઇલનું ચકકર થયું. કેટલીક વખત એ દિવસમાં એકવાર અને કોઇ કોઇ વખત બે વાર એવી રીતે જાય છે.'

'એના જેવા જાણીતા ડૉકટર માટે નવાઇ જેવું નથી.'

'પણ એ ભાઇસાહેબ કયાં પ્રેકટીસ કરે છે! એ તો ફકત પ્રીસ્ક્રીપ્શન લખી આપે છે કે સાહિત્ય અને ડૉકટરી લાઇનનાં પુસ્તકો લખે છે. એને પ્રેકટીસની દરકાર પણ નથી. એમ છે તો પછી એ આટલી રખડપટ્ટી શા માટે કરે છે? એ એવી રીતે કોની વિઝિટ લેવા જાય છે?'

'એનો કોચમેન—'

'અરે નટવર! એ હું ભૂલ્યો હઇશ! કોણ જાણે પણ એ યે એના શેઠ કરતાં વધારે અવિવેકી નીકળ્યો. એણે તો એનો કુતરો જ મ્હારા પર છોડી મૂકયો. પછી તે એને પૂછવું યે શું!

એક જણે બિચારાએ મ્હને ભોળેભાવે એની રખડપટ્ટીની વાત કરી એટલામાં તો ડૅાક્ટરની ગાડી જતી જણાઇ.'

'એની પાછળ જવું હતું ને?'

'હું તરત જ ગયો. બેડેની દુકાનેથી સાઇકિલ ભાડે કરીને ગાડીની પાછળ ગયો. થોડીવારમાં ગાડી પકડી પાડી અને એનાથી સોએક વાર દૂર પાછળ ચાલવા લાગ્યો. શહેર બહાર નીકળી કેટલેક દૂર ગયા પછી એકાએક ગાડી ઉભી રહી અને ડૅાક્ટર એમાંથી ઉતરીને મ્હારા તરફ આવ્યા. ટોણો મારતા હોય તેમ બોલ્યા કે રસ્તો ઘણો સાંકડો છે અને મ્હારી સાઇકલને જવા જેટલી જગ્યા એમની ગાડીને લીધે રહેતી નથી માટે મ્હારે ગાડીની આગળ સાઇકલ ચલાવી લેવી. એમની સાથે મગજમારી કરવાને બદલે હું આગળ ગયો અને એકાદ માઇલ આગળ જઈ એકબાજુ સંતાઇ રહ્યો પણ એમની ગાડી દેખાઇ જ નહિ. આગળ જઇને મ્હેં એક બે ગામડામાં તપાસ કરી પણ કંઇ જ ખબર ન મળી. કોઇપણ હિસાબે ડૅાક્ટરની એ રખડપટ્ટી અને ચિનાઇના ગુમ થવાને સંબંધ છે એ વાત ચોક્કસ છે.'

'આપણે કાલે એની પૂઠ પકડીશું.'

'એ તું ધારે છે એટલું સહેલું નથી. એ ઘણો ખંધો માણસ જણાય છે. એની ગાડીની પાછળની બાજુ બારી છે અને તે વાટે કોઇપણ પાછળ આવતું હોય તે જોઇ શકાય છે. આ તરફની જમીન ઘણી સપાટ છે અને સંતાવાને બહુ ઓછી જગ્યા મળે છે એટલે એ રીતે પુઠ પકડવી સહેલી નથી. મ્હેં મુંબાઇ તાર કર્યો છે અને કાવારાણાને કંઇ જાણવા જેવું હોય તો ખબર આપવા સૂચના કરી છે. ગમે તેમ પણ ડૅાક્ટર જાણે છે કે મી. ચિનાઇ ક્યાં છે અને આપણે જો ન જાણી શકીએ તો તે આપણી જ અક્કલની ખામી. બીજું શું?'

છતાં બીજે દિવસે અમે કૈં જ આગળ ન વધી શક્યા.

બપોરે અમને એક ચીઠ્ઠી પહોંચાડવામાં આવી. જયંતે વાંચીને તે મ્હને આપી. એ નીચે મુજબ હતીઃ

'સાહેબ,

હું તમને ખાત્રી આપું છું કે અહીં રહીને મ્હારી હિલચાલ પર દેખરેખ રાખવામાં અને મ્હારી પૂઠ પકડવામાં તમારા વખતની ખાલી બરબાદી થાય છે. તમે ગઇ કાલે સાંજે જોયું તેમ મ્હારી ગાડીની પાછળ બારી છે અને આ તરફના પ્રદેશમાં તમે ગમે તેટલે દૂર રહીને પૂઠ પકડશો તોયે મ્હારાથી જોઈ શકાય એમ છે. એવી ખાલી સમય અને શ્રમની બરબાદી કરવી હોય તો કરજો. વધારામાં મ્હારે કહેવું જોઇએ કે તમારા એમ કરવાથી મી. ચિનાઇના લાભમાં કાંઇજ ફાયદો નહિ થાય. એનું જરાબી ભલું ઇચ્છતા હો તો સીધે સીધા મુંબાઈ જઈ તમને જે રોકનાર હોય તેને કહી દો કે તમે એને શોધી શકો એમ નથી. તમારો અહીં ગાળેલો વખત ખાત્રી-પૂર્વક બરબાદ જશે એ ધ્યાન રાખજો.

દુવાગો,
અરદેસર બાટલીબોઇ'

'સાવ સીધો માણસ લાગે છે!' જયંતે કહ્યું. 'એ કહે છે તેમ કરતાં પહેલાં હજી ઘણું જાણવાનું બાકી રહે છે. એ ઉલ્ટો મ્હને ઉશ્કેરે છે.'

'એની ગાડી બારણા આગળ છે.' મ્હેં કહ્યું. 'એ જતો લાગે છે. એણે આપણી બારી તરફ પણ જોયું. હું એની પાછળ સાઇકલપર જાઉં તો—'

'ના રે ના નટવર! તું એને પહોંચી વળે એમ નથી. મ્હારે હવે બીજી રીતે તપાસ કરવી પડશે. એ જ્યાં જતો હશે ત્યાં કોઇને કોઇ જોતું તો હશે જ ને. પુરતી તપાસ કરીશું તો એ બાતમી મળ્યા વિના નહિ રહે.'

એકવાર ફરીથી મ્હારો મિત્ર નિરાશ થઇને પાછો આવ્યો. એની તપાસ નિષ્ફળ નિવડી હતી.

'આખો દિવસ નકામો ગયો નટવર! ડૉક્ટર જાય છે તે

દિશામાં દસબાર ગામમાં તપાસ કરી પણ બિલકુલ પત્તો લાગ્યો જ નહિ. એ કોઇ જબરો ખેલાડી લાગે છે. હરકત નહિ, મુંબાઇથી કાંઇ સમાચાર છે?'

'કાવારાણાનો તાર છે. મ્હેં ઉઘાડ્યો પણ કૈં સમજાતું નથી. 'મણિપુર કૉલેજમાં મી. મોતીવાલા પાસે જમ્બુ માગો.' એનો શો અર્થ થાય છે?'

'એનો અર્થ સરળ છે. હમણાંજ મી. મોતીવાલાને ચીઠ્ઠી મોકલું છું. હવે આપણી મહેનત ઓછી થશે. મૅચના કૈં સમાચાર?'

'હારનો. એની ધારણા ખોટી ન હતી. પારસીઓ પહેલી ઇનિંગ્ઝમાં ઉડી ગયા. ચિનાઇની ભારે ખોટ પડી. એના સિવાય પારસી ટીમ હારી જવાની એમ બધાં છાપાં કહે છે.'

'ત્યારે તો કાવારાણાની વાત ખરી લાગે છે. ચાલો, જે થાય તે થવા દો. પારસી જીતે કે હિંદુ. આપણને એ સાથે ઓછું જ સ્નાનસુતક છે! હું તો આજે ખૂબ થાકી ગયો છું.'

બીજે દિવસે સવારના પહોરમાં જયંતના હાથમાં એક નળી જોઇને હું ગભરાઇ ગયો. એ જાતની નળી ઘણું ખરૂં ડૉકટરો વાપરે છે અને તેનો હમણાં એને શો ખપ પડ્યો હશે તે હું સમજી ન શક્યો.

'ગભરાવાનું કારણ નથી, નટવર! આજે આપણે કોઇપણ રીતે ડૉ. બાટલીબોઇને મ્હાત કરવા છે, અને તેનાં પગલાં હું ભરી રહ્યો છું.'

'ભલે. એની ગાડી જતી લાગે છે.'

'જવા દેને. મ્હેં એનો રસ્તો લઈ લીધો છે. એ વિષેના એક નિષ્ણાતને મ્હેં રોક્યો છે. તું પરવારી લે એટલે એની સાથે તારૂં ઓળખાણ કરાવીશ.'

અમે નીચે ઉતર્યા એટલે જયંતે એક કૂતરો આણ્યો. એ

પાછળની બાજુ સાંકળે બાંધ્યો હતો.

'ચાલ હવે તારૂં ઓળખાણ કરાવું. આ પેલો નિષ્ણાત—જમ્બુ. એ ઘણો ભારે ઉસ્તાદ છે. મ્હેં ડૉક્ટરની ગાડીને પાછલે પૈડે પેલી નળીથી સુવાનો અર્ક છાંટ્યો છે. અને એની વાસ આ નિષ્ણાત ગમે ત્યાંથી પણ શોધી કાઢશે. ચલાવ જમ્બુ! આ સુંઘી જો અને તારી ચાલાકી બતાવ—' એમ કહીને એણે જમ્બુને પેલી નળીમાંથી અર્ક સુંઘાડ્યો.

જમ્બુ આગળ અને અમે પાછળ એમ સૌથી પહેલાં ડૉક્ટરના ઘર આગળ અને ત્યાંથી ધીરે ધીરે શહેર બહાર આવ્યા. કેટલેક દૂર ગયા પછી મુખ્ય રસ્તો છોડીને જમ્બુ બીજી બાજુ ઘાસમાં ફંટાયો.

'અરે તારીની! એ ભાઇ સાહેબે આ રીતે મ્હને ફસાવેલો!' જયંત બોલી ઉઠ્યો.

અમે આડમાર્ગે થોડેક ગયા એટલે બીજો મોટો રસ્તો આવ્યો અને જે રસ્તે અમે નીકળ્યા તેથી વિરૂદ્ધ દિશામાં જમ્બુ અમને દોરી ગયો.

'મ્હારી તપાસ નિષ્ફળ ગઇ એનું કારણ સમજાયું.' જયંતે કહ્યું. 'ડૉક્ટર આ તરફ જવાની મ્હને કલ્પના પણ ન હતી. પેલું ભાદરીયું દેખાય. જલ્દી નટવર! આ તરફ જલદી. ડૉક્ટરની ગાડી આવે છે.'

અમે બેઉ અને જમ્બુ એક તરફ દોડીને જેમ તેમ કરીને સંતાયા ત્યાં તો ડૉક્ટરની ગાડી આવી. એનો ચહેરો પડી ગયો હતો અને કંઈ માઠો બનાવ બન્યો હોય એમ લાગતું હતું. જયંતને પણ મ્હારી માફક લાગ્યું હોય એમ એનો ચહેરો જોતાં જણાયું.

'આપણે કાંઇ અશુભ પરિણામ જોવાનું હોય એમ લાગે છે. નટવર! ડૉક્ટરનો ચહેરો કહી આપે છે કે કૈં માઠો બનાવ

બન્યો છે. ચાલો, જે હોય તે ખરૂં. હવે આપણે બહુ દૂર જવાનું લાગતું નથી.'

થોડીવાર પછી જમ્બુ એક મોટા ખેતરમાંના નાના બંગલામાં અમને ઘસડી ગયો. જયંતે એનું બારણું ખખડાવ્યું, પણ કોઇએ જવાબ આપ્યો નહિ. અંદરથી કોઇકનો ઝીણો અવાજ–દુઃખ અને દર્દની હાયનો અવાજ આવતો હતો. એક ઘોડાગાડી દૂરથી આવતી હતી અને એનો ઘોડો અમારાથી અજાણ્યો ન હતો.

'અરે તારીની! ડૉક્ટર અર્ધેથી પાછા ફરતા લાગે છે!' જયંતે કહ્યું. 'હરકત નહિ. એ આવે તે પહેલાં જે હશે તે આપણે જોઇ લઇશું.'

અમે બારણું ઉઘાડયું અને અંદર ગયા. પેલો અવાજ વધારે સંભળાયો. એ ઉપરથી આવતો હતો. અમે ઉપર ગયા. જયંતે એક અદબોઅડુ બારણું ખસેડયું અને અંદર ઘુસ્યો. અંદરનો દેખાવ જોઇ અમે ત્રાસ પામ્યા.

એક ફુલસુકુમાર ઉગતી જુવાનીવાળી સૌંદર્યવતી સ્ત્રી મરણને કાંઠે પહોંચી હતી અને તેના પગ આગળ એક જુવાન માણસ દુઃખાર્ત્ત હૃદયે માથું નાખી નીચો નમ્યો હતો. જયંતે એને ખભે હાથ મૂક્યો ત્યાંસુધી અમારી હસ્તીની એને ખબર ન પડી.

'તમે મી. તેહમુરસ્પ ચિનાઇને?'

'હારે હા. પણ તમે બહુ મોડા આવ્યા. એ ગુજરી ગઇ.'

એની સ્થિતિ એવી હતી કે અમે ડૉક્ટરો નથી એ સમજાવવું પણ ઘણું મુશ્કેલ લાગ્યું. જયંત આશ્વાસનના બે શબ્દ કહેતો હતો અને એને એના એકાએક ગુમ થવાથી શું થયું તે કહેવા પ્રયત્ન કરતો હતો ત્યાં ડૉક્ટર બાટલીબોઇ આવી લાગ્યા. અમને જોઇને એમને નવાઇ લાગી.

'આખરે તમે અહીં આવી પહોંચ્યા ખરૂં ને! શો મઝાનો વખત પસંદ કર્યો છે! શરમ નથી આવતી તમને!'

'માફ કરો ડૉ. બાટલીબોઇ, તમે મ્હને બરાબર નથી સમજી શક્યા. જરા નીચે આવો એટલે આપણે ખુલાસો કરી લઇએ.' જયંતે કહ્યું.

તરત જ ડૉક્ટર અને અમે નીચે ગયા અને હૉલમાં બેઠા.

'બોલો.' ડૉક્ટરે કહ્યું.

'સૌથી પહેલાં તો મ્હારે કહેવું જોઇએ કે હું સર ધનજીશા તરફથી કામ કરતો નથી અને મ્હારી સહાનુભૂતિ એમના તરફ નથી. જ્યારે કોઇ ગુમ થઇ જાય ત્યારે એને શોધી કાઢ્યા પછી મ્હારે કાંઇ કરવાનું નથી રહેતું. અને જ્યાં સુધી કોઇ ગુન્હો થયો નથી હોતો ત્યાં સુધી મ્હારે કાંઇ જ બોલવાપણું નથી હોતું. ખાનગી વાતો અને રહસ્યો ઉઘાડવા કરતાં ઢાંકવાનું હું વધુ પસંદ કરૂં છું, અને એવી વાત છાપે ચઢે તેનાથી પણ હું વિરૂદ્ધ છું.'

ડૉક્ટર એકદમ ઉઠ્યા અને જયંતનો હાથ ઝાલીને બોલ્યા:

'આપણે નાહક લઢી પડ્યા. સારૂં થયું કે હું અર્ધેથી પાછો ફર્યો તો તમારી સાથે મિત્રતા સાધી શક્યો. ચિનાઇને અહીં એકલો મૂકીને જવાનું મને ઠીક ન લાગ્યું એટલે પાછો ફર્યો. ચિનાઇ વિષે તમે અત્યાર સુધી જે જાણી શક્યા છો તે પરથી એની સ્થિતિ સારી રીતે સમજી શકાશે. ચિનાઇ તેહમીના સાથે પ્રેમમાં પડ્યો હતો અને એ છોકરી ઘણીજ લાયક હતી એટલે મ્હેં એમાં સંમતિ આપી. જાહેર રીતે એની સાથે પરણાય એમ ન હતું એટલે છૂપાછૂપ એ લગ્ન થયાં. સર ધનજીશા એ જાણે તો એને વારસામાંથી બાતલ કરે એમ હતું એટલે એ રસ્તો લીધા સિવાય છૂટકો ન હતો. મ્હેં એને બધી મદદ કરી. એ ભેદ ફક્ત બહુજ થોડા માણસો જાણતા હતા. હું, તેહમીનાનો બાપ, અને એક વિશ્વાસુ નોકર. એટલાજ. આ બંગલો પણ એકાંત જગ્યાએ છે એટલે ઘણો મદદરૂપ થઇ પડ્યો. છેવટે આ

કસોટીનો પ્રસંગ આવ્યો. તેહમીના સખત પટકાઇ પડી. એને ક્ષય લાગુ પડ્યો હતો એટલે ભાગ્યેજ બચે એમ હતું. છતાં મ્હેં સમજાવીને એને પેલી મૅચ માટે મુંબાઇ મોકલ્યો. તે પછી તેહમીનાની સ્થિતિ એકદમ ભયંકર થઈ પડી. તેહમીનાના બાપને મ્હેં ખબર આપી અને એણે મુર્ખાઇ કરીને ચિનાઇને સમાચાર આપ્યા. એ તો સીધોજ અહીં આવ્યો, અને અહીંથી ખસ્યોજ નથી. મારી સંપૂર્ણ દેખરેખ છતાં શું પરિણામ આવ્યું તે તમારાથી અજાણ્યું નથી. આજે તેહમીના ગુજરી ગઇ અને એનો એ ભેદ તમે ન ઉકેલો તો ઢંકાયેલોજ રહેશે. તમને જે ઠીક લાગે તે કરજો.'

'એ ભેદ ઉઘાડવાનું મ્હારૂં કામ નથી અને અમારા બન્ને પર આપ વિશ્વાસ રાખવામાં બિલકુલ ઠગાતા નથી એની ખાત્રી રાખજો.' જયંતે જવાબ આપ્યો.

'ચાલ નટવર! આપણે હવે રજા લઇએ:'

અને અમે સંધ્યાની સુખદ ગોદમાં એ દુ:ખપૂર્ણ સ્થાન છોડયું.

☆

સ્કૉલરશીપ

હુંદપારનું કામ કરીને થાકી ગયા પછી એ વરસે અમે જરા આશાયેશ લેવા મણિપુર ગયા હતા અને બેચાર મહિના ત્યાં રહેવાનો વિચાર રાખ્યો હતો. મણિપુર એક નાનું સરખું પણ ઘણું ઉદ્યોગી અને ઉપયોગી શહેર છે એ નાના શહેરમાં પણ એક ઘણીજ નામીચી કૉલેજ છે. તે એ નગરની વિદ્યાપ્રિયતા પુરવાર કરવાને પુરતી છે. અમારા ત્યાંના વસવાટ દરમિયાન અમારે આ કામમાં ભાગ લેવાને પ્રસંગ આવ્યો. એ વાત બની ગયે ઘણાં વર્ષો વહી ગયાં છે અને એમાં ભાગ લેનાર અત્યારે જુદે જુદે ઠેકાણે વહેંચાઇ ગયા છે તેમજ કેટલાક તો અખંડ નિંદ્રામાં સુતા છે એટલે ઉચિત ફેરફાર અને ઘટિત સંગોપન સાથે એ હકીકત રજૂ કરવામાં મ્હને કાંઇ હરકત જેવું જણાતું નથી.

અમારૂં રહેઠાણુ અમે ત્યાંના પુસ્તકાલયની નજીક રાખ્યું હતું. એ વખતે જયંત ‘ આપણા દેશનો પ્રાચીન ઇતિહાસ અને

તે નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાનાં મૂળભુત સાધનો' વિષેનાં પુસ્તકો ધ્યાન દઇને વાંચતો હતો. ભવિષ્યમાં કદાચ એ વિષે પણ મ્હારે કાંઇક લખવાનો પ્રસંગ આવે તો નવાઇ નથી. આ સ્થળે એક દિવસે સાંજે અમને પ્રૉ. વસવાણી મળવા આવ્યા. અમારો એમને નામથી પરિચય હશે એમ એમની વાતચીત દરમિયાન લાગ્યું. એ મણિપુરની હિંદુ કૉલેજના પ્રૉફેસર હતા અને પાલી તથા માગધી ભાષા શિખવતા હતા. એ ઉંચા બાંધાના, પાતળા સરખા તથા જલદીથી ચીડાઇ જાય એવા સ્વભાવના માણસ હતા. એમનો સ્વભાવ અધીરીયો હોય એમ પણ લાગતું હતું. અમને મળ્યા તે વખતે તો એની પરિસીમાજ આવી રહી હતી એમ કહીએ તો વધારે પડતું નથી. એમનું વર્તન કહી આપતું હતું કે કંઇક અસાધારણ બનાવ બન્યો છે અને એ બનવાની એમને કલ્પના સુદ્ધાં ન હતી.

'મહેરબાની કરીને આપ મ્હારે ખાતર થોડો વખત મ્હારા કામ પાછળ ગાળીને આભારી કરશો. મી. જયંતરાય! અમારે ત્યાં એક નવાઇ જેવો બનાવ બન્યો છે. નવાઇ જેવાને બદલે દુઃખદાયક કહું તો ખોટું નથી. આપ અત્રે છો એટલે મ્હને મદદની આશા રહે છે બાકી મ્હારી શી સ્થિતિ થઇ હોત તે કલ્પનામાં પણ આવતું નથી. ખરેખર! એ સંજોગોમાં હું શું કરત?'

'આપને ખબર નહિ હોય પણ હાલ હું મ્હારી શોધખોળ પાછળ રોકાયેલો છું અને તેમાંથી મ્હારૂં ધ્યાન બીજી બાજુ રોકવા માગતો નથી.' મ્હારા મિત્રે જવાબ આપ્યો. 'આપ કૃપા કરી સ્થાનિક પોલિસની મદદ લેશો તો ઉપકાર થશે.'

'ના, ના! ભાઇ સાહેબ! એમ થવું તદ્દન અસંભવિત છે. એક વખત એ ભૂત જગાડું તો પાછું ઠેકાણે બેસાડવું મુશ્કેલ. અને આ કામ એવું છે કે કૉલેજની પ્રતિષ્ઠા ખાતર પણ

પોલિસની મદદ લેવાની મ્હારી વૃત્તિ નથી. આપની શક્તિ અને અભિપ્રાય માટે મ્હને ઘણું માન છે અને મ્હને કોઇ મદદ કરી શકે એમ હોય તો આપના સિવાય બીજું કોઇપણ નથી, માટે કૃપા કરીને આપ આ કામ હાથ ધરી ઉપકૃત કરશોજી.'

મ્હારા મિત્રને પુરતી આશાએશ મળી ન હતી અને તેમાં વળી અમે પ્રીન્સેસ સ્ટ્રીટના અમારા રહેઠાણમાં ન હતા એટલે ત્યાં જે સગવડ હતી તેનો અહીં તદ્દન અભાવ હતો તેથી પણ એનું મન કોઇપણ કામ હાથ ધરવાને ખંચાતું હોય તો સ્વાભાવિક છે એમ મ્હને લાગ્યું. પણ જયંતના જવાબની ઝાઝી દરકાર કર્યા સિવાય પ્રૉફેસરે પોતાની વાત બનતી ઉતાવળે અને પુર ઝડપે કહેવા માંડી. એમની વાણીનો અસ્ખલિત પ્રવાહ વહેવા લાગ્યો. જાણે એ પોતાના ક્લાસમાં હોય અને હું તથા જયંત એમની કૉલેજના વિદ્યાર્થીઓ ન હોઇએ !

'મ્હારે આપને કહેવું જોઇએ સાહેબ ! કે આવતી કાલે 'સર અનંતરાય ભાવનગરી સ્કૉલરશીપ' માટે લેવાતી પરીક્ષાનો પહેલો દિવસ છે. હું પરીક્ષક મંડળમાં છું અને મ્હારો વિષય પાલી તથા માગધી સાહિત્ય છે. મ્હારા સવાલોમાં વિદ્યાર્થીએ ન જોઇ હોય એવી કોઇક કંડિકા મૂકી તેનું ભાષાંતર કરાવવાનું આવે છે અને એ જો કોઇ આગળથી જોઈ જાય તો પરીક્ષા માટે તૈયાર થઇ શકે તેમજ વધુમાં વધુ ગુણ મેળવી શકે. આ કારણને લીધે સવાલ પત્રકો સાધારણ રીતે બહુજ ધ્યાનપૂર્વક તૈયાર કરવામાં તથા છાપવામાં આવે છે.

'આજે બપોરે ત્રણેક વાગ્યે મ્હારા સવાલનાં પ્રુફ છાપખાનામાંથી આવ્યાં. મ્હારી પસંદગીની કંડિકા ઘણી લાંબી હતી. એ ધ્યાન દઇને જોવાની તેમજ જરા પણ ભૂલ ન રહી જાય તેની કાળજી રાખવાની જરૂર હતી. તે ઉપરાંત મૂળ લખાણ સાથે ધ્યાન દઇને એ સરખાવી જોવાની હતી. એટલે

પ્રુફ સુધારતાં મ્હને સાડાચાર થયા પણ પાર ન આવ્યો. મ્હેં સાડાચાર વાગ્યે મ્હારા મિત્રને ત્યાં ચહા પીવા જવાનું વચન આપેલું એટલે આ કામ અધુરૂં મુકી પ્રુફને ટેબલ પર રાખીને હું ચહા પીવા ગયો. લગભગ એકાદ કલાક હું એમને ત્યાં રોકાયો. મ્હારા ખંડનાં બારણાં બેવડાં છે, એક અંદરથી બંધ કરાય એવું અને બીજુ બહારથી. જેવો હું બહારના બારણા આગળ આવ્યો તેવોજ એની કળમાં ચાવી ભરાવેલી જોઇ નવાઇ પામ્યો. ક્ષણેકવાર તો એમજ લાગ્યું કે હું મ્હારી ચાવી ભૂલી ગયો હોઇશ પણ મ્હારૂં ખીસ્સું દબાવતાં એ જણાઇ આવી એટલે મ્હારી નવાઇનો પાર ન રહ્યો. મ્હારા ખંડની બીજી ચાવી માત્ર મ્હારા નોકર ગરબડ પાસે રહેતી અને આવી ભૂલ ગરબડ કદીએ કરે એ મ્હારા માનવામાં ન આવે એવી વાત હતી. એ વૃદ્ધ નોકરે આજ સુધી કદી પણ આવી ભૂલ કરી હોય એ મ્હને યાદ નથી. છેલ્લાં દસ વરસથી એ મ્હારે ત્યાં કામ કરે છે અને એના જેવો પ્રમાણિક માણસ મ્હેં બીજો કોઇ જોયો નથી. મ્હને લાગ્યું કે એ ચાવી તો એનીજ હોવી જોઇએ. મ્હારો ચહાનો વખત થવાથી વખતે એ પૂછવા માટે અંદર આવ્યો હશે. એની એ ભૂલ બીજે કોઇ પ્રસંગે ઘણી નજીવી ગણાત પણ આ વખતની બેદરકારીનું પરિણામ ઘણું ગંભીર અને દુઃખદાયક આવ્યું છે.

'મ્હારી નજર ટેબલ પર પડતાં મ્હારી ખ.ત્રી થઇ ગઇ કે કોઇએ મ્હારા ટેબલ પરના કાગળોને હાથ લગાડ્યો છે. પ્રુફ ત્રણ લાંબા કાગળો પર છાપેલાં હતાં. મ્હેં એ ત્રણે એક સાથે ગોઠવીને રાખ્યાં હતાં. મ્હેં જોયું તો એક ટેબલ પર હતું, બીજું બારી પાસેના નાના ટેબલ પર પડ્યું હતું અને ત્રીજું જમીનપર પડી ગયું હતું.'

જયંતે પહેલી વાર ધ્યાન આપ્યું.

'પહેલું જમીન પર, બીજું બારી પાસે ને ત્રીજું જ્યાં મૂકયું હતું ત્યાં ખરૂંને ?' એણે પૂછ્યું.

'હાજી, એમજ. આપ એ શી રીતે જાણી શકયા ?'

'મહેરબાની કરી આપની હકીકત પુરી કરો.'

ક્ષણેકવાર મ્હને એમ લાગ્યું કે ગરબડે મ્હારા કાગળો સાથે આ રીતે માફ ન થાય તેવી અને ઘણી વધારે પડતી છૂટ લીધી હતી. મ્હેં એને પૂછ્યું તો એણે તો ઘસીને ના પાડી અને એણે ખરેખરૂં કહ્યું હતું એમ હું માનું છું. એટલે હવે એ અનુમાન કરવું રહ્યું કે જતાં આવતાં કોઇએ બારણામાં ચાવી જોઇ હશે અને ઉઘાડીને અંદર આવી હું બહાર ગયો છું એ ખાત્રી થતાં આ કાગળો જોયા હશે. સ્કૉલરશીપ ઘણી મોટી રકમની—વરસે દહાડે બે હજાર રૂપીઆની, ત્રણ વરસ સુધી મળે એવી છે અને કોઇ ખંધો માણસ એ મેળવવા માટે આવું પગલું ભરે તો નવાઇ નથી. એમ ન હોત તો આટલી કાળજી રાખવાની હું દરકાર ન કરત પણ આ સંજોગોમાં પુરેપુરી તપાસ કર્યા સિવાય છૂટકો નથી કારણ કે મ્હારી જરા જેટલી બેદરકારીથી ખરા હકદારને એ સ્કૉલરશીપ ન મળતાં કોઇ ભળતાજ માણસના હાથમાં જવાનો સંભવ છે.

'આ વાતથી ગરબડ પણ ઘણો ગભરાઇ ગયો હતો. જ્યારે એને લાગ્યું કે કોઇએ કાગળોને હાથ લગાડ્યો છે ત્યારે એ ગભરાઇને ફસડાઇ પડ્યો હતો. મ્હેં ધ્યાન ન આપ્યું હોત તો એને મૂર્છા આવી જાત. મ્હેં એને દવા આપી અને ખુરસીમાં પડી રહેવા દીધો અને મારા ખંડની તપાસ કરવા માંડી. તરતજ મ્હને જણાયું કે પેલા માણસે પોતાની ત્યાં આવવાની નિશાની પણ મૂકી હતી. બારી પાસેના ટેબલ આગળ એણે પેન્સીલ છોલેલી તેનાં છોડિયાં પડ્યાં હતાં, તેમજ ભાગેલી અણી પણ પડેલી હતી. વખતે એ હરામખોરે પ્રુફની બહુ ઝડપથી નકલ કરવા

માંડી હશે અને તેમ કરતાં અણી ભાંગી ગઇ હશે એટલે એને બીજી અણી કાઢવી પડી.'

'ફક્કડ!' જયંત હવે જરા ખુશ મિજાજમાં આવતો હતો તે બોલી ઉઠ્યો. પહેલાં કરતાં એનું ધ્યાન હવે સાંભળવામાં વધારે હતું અને એ રસપૂર્વક હકીકત સાંભળતો હતો. 'તમે નસીબદાર તો ખરા!'

'એ ઉપરાંત બીજી પણ નિશાનીઓ હતી. બારી પાસેનું ટેબલ તદ્દન નવું છે અને એની પર સુંદર ચકચકિત લાલ ચામડું મઢેલું છે. હું અને ગરબડ સોગન ખાઇને કહી શકીએ એમ છીએ કે એ પૉલીશ કરેલું, સુંવાળુ તથા ચકચકિત હતું. હવે જોઇએ છીએ તો એના પર ખાસ્સો ત્રણ ઇંચ લાંબો એક જગ્યાએ કાપો પડ્યો છે. સાધારણ ઘસરકો હોત તો ઠીક હતું પણ આ તો કાપ પડ્યો છે. એ ઉપરાંત ટેબલ પર માટીનો એક વિચિત્ર આકાર પડ્યો હતો. એના ઉપર રેતી ચોંટેલી હતી. મ્હારી ખાત્રી છે કે આ કાપ તથા માટીનો નમૂનો પેલા હરામખોરેજ રહેવા દીધેલાં હતાં. એ સિવાય બીજી કોઇ નિશાની કે પગલાંનાં નિશાન ન હતાં કે જેથી એ કોણ છે ને કોણ નહિ તે સમજી શકાય. હું ઘણો જ ગભરાઇ ગયો હતો અને શું કરવું તેનો વિચાર કરતો હતો ત્યાં આપના અત્રે હોવાની વાત મ્હને યાદ આવી એટલે તરત જ હું આપની પાસે આવ્યો અને આ હકીકત રજૂ કરૂં છું- મને મહેરબાની કરીને મદદ કરો. જયંતરાય! મ્હારી સ્થીતિ અને સંકડામણનો જરા ખ્યાલ કરો. કાં તો મ્હારે એ માણસને શોધી કાઢવો જોઇએ કે પછી પરીક્ષા મુલતવી રખાવવી જોઇએ. કારણ કે નવા પ્રશ્નપત્રો તૈયાર કરતાં વખત તો લાગે જ. પરીક્ષા મુલતવી રાખવાની વાત આ હકીકત જાહેરમાં મુકવા સિવાય બને નહિ ને એ બધું જાહેરમાં મૂકતાં કૉલેજની પ્રતિષ્ઠાને ધોકો લાગે એમ છે એટલે જેમ

અને તેમ શાંતિથી એનું નિરાકરણ થઇ જાય એવી મ્હારી ઇચ્છા છે અને આશા છે કે આપ એ રીતે મ્હને મદદ કરી આપનો હંમેશનો આશીંગણ કરશોજી.'

'હું બધી વિગતો તપાસીને આપને યોગ્ય લાગે તે સલાહ અને સૂચના આપીશ.' જયંતે ઉભા થઇને કપડાં પહેરતાં કહ્યું. 'અલબત, તમારો કેસ સાવ નિરસ નથી એટલે હરકત નથી. એ પ્રુફ આવ્યા પછી તમને કોઇ મળવા આવ્યું હતું?'

'હાજી. દૌલતરાય મઝમુદાર કરીને એક વિદ્યાર્થી જે મ્હારી ઉપરના ખંડમાં રહે છે તે પરીક્ષા સંબંધે થોડી ઘણી માહિતી પૂછવા આવ્યો હતો.'

'આ પરીક્ષામાં એ બેઠો છે?'

'હાજી.'

'અને પ્રુફ તમારા ટેબલ હતાં?'

'હું ભૂલતો ના હોઉં તો એ ગોળ વીંટાળેલાં હતાં.'

'પણ પ્રુફ તરિકે ઓળખી શકાય તો ખરાંને?'

'બનવા જોગ છે.'

'બીજું કોઇ આવ્યું હતું?'

'નાજી.'

'આ પ્રુફ ત્યાં હશે એની બીજા કોઇને ખબર હતી?'

'છાપનાર સિવાય કોઇને નહિ.'

'આ તમારો ગરબડ જાણતો હતો?'

'નારે ના! એને ખબરજ ન હતી.'

'ગરબડ હમણાં ક્યાં છે?'

'એ તો ફસડાઇ પડ્યો હતો. આવવાની ઉતાવળમાં મ્હેં એને એ ખંડમાંજ પડી રહેવા દીધો છે. ખુરશીમાં લથડીયું ખાઇને એ પડી ગયો હતો.'

'તમે તમારા ખંડનાં બારણાં ઉઘાડાં મૂક્યાં છે?'

'એ કાગળો પહેલાં ટેબલના ખાનામાં મૂકીને ચાવી મારી છે.'

'તો તો પછી એમ ઠર્યું કે જો પેલા દૌલતરાયે એ કાગળોને પ્રુફ તરીકે ન ઓળખ્યાં હોય તો જેણે એની સાથે ઘાલમેલ કરી તે માણસ આકસ્મીક રીતે જ એ પ્રુફ ત્યાં હશે એ પાક્કે પાયે જાણ્યા સિવાય આવી ચઢ્યો હોવો જોઇએ'

'મ્હને પણ એમજ લાગે છે.'

જયંત જરા હસ્યો.

'ભલે ચાલો. આપણે જઇએ. તારે લાયક કેસ નથી લાગતો નટવર! દર્દ માનસિક છે, શારીરિક નથી સમજ્યોને! હરકત નહિ, તારે આવવું હોય તો મ્હારી કાંઇ ના નથી. ચાલો, પ્રૉફેસર સાહેબ! આપની સેવામાં હવે અમે બેઉ જણ હાજર છીએ.

* * *

કૉલેજનું ભવ્ય મકાન અને એની જોડેના બંગલા તથા મકાનો ઘણી જૂની ઢબનાં હતાં. અમારા અસીલના ખંડની એક તરફની બારી કૉલેજના કંપાઉંડમાં પડતી હતી. એનું બારણું બીજી બાજુ ઉઘડતું હતું અને તેનાથી થોડે દૂર ઉપર જવાનો દાદર હતો. એ મકાન ત્રણ માળનું હતું અને પ્રૉફેસર ભોંય તળીએ રહેતા હતા. ઉપરના ત્રણ માળ પર ત્રણ વિદ્યાર્થીઓ રહેતા હતા. દરેક માળ પર અકેક જણ. અમે ત્યાં પહોંચ્યા ત્યારે સંધ્યાકાળ થઇ ગયો હતો. જયંત ધીરે રહીને બારી પાસે ગયો. એની નજીક જઇને પગનાં ચાપાં ઉપર ઉભા રહી એણે અંદરની બાજુ જોવા માંડ્યું.

'એ બારણા વાટેજ અંદર આવ્યો હોવો જો-એ. એ સિવાય બીજો રસ્તો નથી.' અમારા વિદ્વાન સાથીદારે એને એમ જોતા જોઇને કહ્યું.

'એમ છે!' એમના તરફ ફરીને જયંતે કહ્યું. 'તો તો આપણે એ તરફ જ જઇએ.'

અમે બીજી બાજુ ગયા અને ખંડમાં દાખલ થયા. અમે ઉભા હતા તેટલામાં તો જયંતે પોતાની તપાસ શરૂ કરી.

'પગલાનું કે એવું કાંઇ નિશાન આ દિવસે જણાય એમ નથી લાગતું.' જયંતે કહ્યું. 'તમારો માણસ સાજો થઇ ગયો લાગે છે. તમે એને ખુરસીમાં પડ્યો મૂકીને આવ્યા હતા ખરૂં ને? કઇ ખુરસી?'

'પેલી બારી પાસેની.'

'એમ! પેલા નાના ટેબલ પાસે ખરૂં ને? આવેને અંદર આવો, હવે કંઇ હરકત નથી. ચાલો હવે આ નાનું ટેબલ જોઇએ. એને શું કહેવાનું છે તે તો સાંભળીએ. શું થયું તે તો સમજાય એવું છે. પેલા ભાઇ સાહેબ અંદર આવ્યા, કાગળો જોયા અને એક પછી એક એણે વચલા ટેબલ પરથી ઉપાડ્યા. તે આ ટેબલ આગળ આવ્યો કારણ કે અહીંથી તમે આવતા હોય તો જોઇ શકાય અને જતા રહેવું હોય તો જતા પણ રહેવાય.'

'એમ બની શકે એવું ન હતું.' પ્રૉફેસરે કહ્યું. 'કારણ કે હું બાજુના નાના દરવાજે થઇને આ તરફ આવ્યો. સામી તરફથી આવ્યો હોત તો નજર પડત એ વાત ખરી છે.'

'ચાલો, એ પણ ઠીક થયું. ગમે તેમ પણ એનો અહીં બેસવામાં એ હેતુ હતો. પેલાં પ્રુફ જોઉં. આંગળાંના ડાઘ બાઘ તો નથી ને—નથી! ઠીક. એ આ પહેલું લઇને અહીં બેઠો ને ઉતારી લીધું. પુર ઝડપથી પણ આજુબાજુ ધ્યાન દઇને જોતાં જોતાં એ ઉતારી લેતાં કેટલો વખત લાગે? ઓછામાં ઓછો પા કલાક તો સહેજે લાગે. પછી એણે એ બાજુએ મૂક્યું અને બીજું લીધું એ એણે અડધું ઉતાર્યું એટલામાં તમે આવી લાગ્યા. અને એને બહુ

ઝડપથી–સમજ્યા ને–બહુ ઝડપથી નાશી જવું પડ્યું. એ ધીરેથી ગયો હોત તો આ કાગળો ઠેકાણે મૂકીને જાત. પણ એમને એમ રહેવા દઇને જવું પડયું એટલે અણધારેલી રીતે તમે આવ્યા અને નાસવું પડયું. તમે આવ્યા ત્યારે કોઇ ઝડપથી દાદરો ચઢતું લાગ્યું હતું?'

'નાજી. મ્હને ધ્યાન નથી.'

'ઠીક. પણ એણે એટલી ઝડપથી લખ્યું છે કે એની પેન્સીલની અણી ભાંગી ગઇ અને તમે કહો છો તેમ એને બીજું અણીયું કાઢવું પડયું. આ જરા ધ્યાન દેવા જેવી બાબત છે નટવર! એ પેન્સીલ સાધારણ કદની ન હતી પણ કંઇક અસાધારણ હતી. સાધારણ પેન્સીલ કરતાં એ જરા વધારે જાડી હતી અને એના ઉપરનો રંગ લાલ હતો તથા રૂપેરી અક્ષરોથી એના ઉપર એના બનાવનારનું નામ લખેલું હતું. અને બાકી રહેતો કકડો કે જેનાથી એણે આ બધું પૂર ઝડપે લખ્યું હતું તે ચારેક ઇંચનો હોય એમ લાગે છે. આવી પેન્સીલની તપાસ કરો એટલે એનો પત્તો લાગશે સમજ્યાને મી. વસવાણી! એ ઉપરાંત બીજી એક વિગત નોંધવા જેવી છે એની પાસે એક મોટું બુઠ્ઠું થઇ જવા આવેલું ચપ્પુ છે.'

આ સાંભળીને પ્રૉફેસર નવાઇ પામ્યા. 'બીજી વાત તો હું સમજ્યો.' એમણે કહ્યું. 'પણ લંબાઇ તથા—'

જયંતે પેન્સીલનાં છોતરામાંથી એક અમને બતાવ્યું. એના ઉપર ઇંગ્રેજીમાં NN એમ બે અક્ષરો હતા અને પછી થોડી જગ્યા હતી.

'આ જેયું?'

'હજી પણ નથી સમજાતું—'

'નટવર! તને હું અન્યાય કરૂં છું! ચાલ કહે જોઇએ આ NN નો શો અર્થ છે. એ બે અક્ષર એક શબ્દને છેડે આવેલા

છે અને પેન્સીલ બનાવનારા મોટામાં મોટા વેપારી તરિકે બાવેરિયાવાળા જૉન ફેબરનું નામ જાણીતું છે. હવે એ અક્ષરો પછી શું આવે છે તે જોઇએ. એની પછી પેન્સીલનું નામ અને બીજી બાજુ 'બાવેરીયાની બનાવટ' એ શબ્દો આવે છે. અને પછી થોડી જગ્યા કોરી રહે છે. આ જાતની પેન્સીલ ઘણી મોટી તથા લાંબી હોય છે અને બીજી સાધારણ કદના કરતાં એની લંબાઇ બમણી હોય છે. સાધારણ કદની પેન્સીલનાં આ છોતરાં હોત તો પાછળ રહેલો ભાગ એક કે દોઢ ઇંચથી વધારે ન હોત પણ આ એ જાતની નથી એટલે એની પાછળ રહેતો ભાગ ચારેક ઇંચનો હોવાનું હું કહું છું. એ પેન્સીલ મ્હારા અનુમાન મુજબ જૉન ફેબરની 'જાયન્ટ પેન્સીલ' છે અને તે બરાબર ચૌદ ઇંચ લાંબી આવે છે.' પછી એણે એ ટેબલ પર વિજળીનો પ્રકાશ પડે એવી રીતે રાખીને જોયું. 'ના, એના પર કંઇ ઘસરકા નથી પડ્યા. એણે લખતી વખતે પાતળો કાગળ વાપર્યો હોય કે નીચે કંઇ પૂઠું કે ચોપડી ન રાખ્યાં હોય તો આ ચકચકીત ચામડા પર લીટા કે ઘસરકા પડ્યા સિવાય ન રહે. એથી વધુ આ ટેબલ પરથી જાણવાનું મળે એમ નથી. આ માટીનો નમૂનો જરા નવાઇ જેવો ખરો. એમાં રેતી પણ જણાય છે. અને આ ચીરો તો એકાએકજ પડ્યો લાગે છે. આ તરફથી ઘસરકો થવા માંડ્યો અને અહીં આવતાં સુધીમાં આરપાર કાણું પડી ગયું. આ કેસ તરફ મ્હારૂં લક્ષ ખેંચવા માટે આપનો આભાર માનવો જોઇએ. મી. વસવાણી ! ખરેખર ! વાત ઘણી રસિક થતી લાગે છે. પેલું બારણું કઇ બાજુ પડે છે ?'

'મ્હારા શયન ખંડમાં.'

'બનાવ બન્યા પછી તમે ત્યાં ગયા છો ?'

'નાજી. હું તરત જ આપના તરફ આવ્યો.'

'એ ખંડ પણ તપાસવો જોઇએ. કેવો મઝાનો જૂની ઢબનો આ ખંડ છે! એ બરાબર જોઉં ત્યાં સુધી જરા થોભો તો હરકત નહિ. જમીન પર કાંઇ નિશાન નથી. આ પડદો જોઇએ. તમે એની પાછળ કપડાં ભેરવો છો ખરૂંને? કોઇને આ ખંડમાં છૂપાઇ જવું હોય તો અહીંયાં જ સંતાઇ શકે. પલંગ નીચો છે અને બીજી કોઇ સંતાવા લાયક જગ્યા નથી. પડદા પાછળ તો કંઇ નથી ને?'

જયંતે પડદો બાજુએ ખેંચ્યો. એની સાવધાની અને ચાલાકીથી એટલું જણાતું હતું કે અણધાર્યા દેખાવ માટે એણે તૈયારી રાખી હતી, પણ એવો વખત આવ્યો નહિ. પડદા પાછળ વખતે કોઇ હોય ને એકાએક હુમલો કરે એ સ્વાભાવિક છે એટલે એવા પ્રસંગે સાવચેતી રાખવી જોઇએ. જયંત આમ-તેમ ફર્યો અને નીચા નમીને જમીન પરથી કંઇક ઉંચકી લીધું.

'આ અહીં ક્યાંથી?' એ બોલી ઉઠ્યો.

ટેબલ પરથી માટીનો જે વિચિત્ર નમૂનો મળ્યો હતો તેવો જ બીજો આ નમૂનો હતો. એ પણ કાળી માટીનો બનાવેલો હતો અને એમાં એક બાજુ રેતી હતી. જયંતે તે હાથમાં લઇને વિજળીના પ્રકાશમાં જોવા માંડ્યો.

'તમારા મ્હેમાને અહીં પણ નિશાન રાખ્યાં લાગે છે! એમની સ્વારી અહીં પણ આવી ગઇ છે!'

'અહીં શું કામ હશે?'

'સમજી શકાય એવી વાત છે! તમે અણધારેલ રસ્તે આવ્યા એટલે છેક બારણા પાસે આવ્યા ત્યાં લગી એને ખબર ન પડી. બારણું ખખડ્યું એટલે એ શું કરે? જેનાથી એની ચોરી પકડાય એવું હતું તે બધું ઝડપથી ઉપાડી લીધું અને આ ખંડમાં સંતાવા દોડ્યો. અહીં આવીને છૂપાઇ બેઠો.'

'અરે ભલા ભગવાન! આપ એમ કહો છો કે જ્યારે હું

ગરબડ સાથે માથાફોડ કરતો હતો ત્યારે એ માણસ મ્હારો કેદી હતો? જો મ્હેં તપાસ કરી હોત તો હું પકડી શકત એમજ ને?'

'બધી વિગતો એ રીતે વાંચી શકાય છે.'

'વખતે એમ ન પણ હોય. આપે પેલી બારી જોઇ?'

'હાજી. એ રસ્તે થઇને માણસ જઇ શકે છે.'

'અને એ રસ્તેથી ગયો હોય એ બનવા જોગ છે. મ્હને આવતો જોઇ એ અહીંઆં આવ્યો હોય અને એ બારીએથી કુદી પડયો હોય એ પણ સંભવિત છે.'

જયંત જરા અધીરો થતો લાગ્યો.

'હશે. પણ આપણે હવે આગળ પગલાં લઇએ. તમે કહો છો કે આ દાદરનો ઉપયોગ ત્રણ વિદ્યાર્થીઓ કરે છે અને તમારા બારણા આગળ થઇને એમના સિવાય બીજું કોઇ વારે ઘડીએ જતું નથી?'

'હાજી.'

'અને એ ત્રણે જણ આ પરીક્ષામાં બેઠા છે?'

'હાજી.'

'તમને એ ત્રણમાંથી કોઇના પર શક જવાનું કારણ છે?'

'એ જરા નાજુક સવાલ છે. કોઇ પણ જાતના પુરાવા સિવાય શક લઇ જવો એ વ્યાજબી નથી.'

'પણ શક હોય તો જણાવોને. પુરાવા હું શોધી કાઢીશ.'

'એ ત્રણ જણની ચાલચલગત તથા નીતિરીતિ હું ટુંકામાં કહી જાઉં. પહેલે માળે વિજભુખણદાસ ઘીયા કરીને સુરતી વિદ્યાર્થી રહે છે. એને ક્રિકેટનો અને બીજી રમતોનો ભારે શોખ છે. હનુમાન કુદકાની હરીફાઇમાં એ ઇનામ જીતી ગયો હતો અને એની હરીફાઇ કોઇ ભાગ્યેજ કરી શકે એમ છે. એનો બાપ ઘણો જાણીતો માણસ હતો. સર જેકીસન ઘીયાનું નામ

તમે સાંભળ્યું હશે. પ્રેમચંદ રાયચંદવાળા ધૂમ સટ્ટામાં એ ખુવાર થઇ ગયેલા. એ બિચારો ઘણો ગરીબ છે અને મહેનતુ તથા ઉદ્યોગી વિદ્યાર્થી છે.

'બીજે માળે દોલતરાય મજમુદાર કરીને એક કાઠિયાવાડી જુવાન રહે છે. એ ખડતલ પણ લપલપીઓ છે અને ભણવામાં જરા ધીરો છે. પાલી અને માગધી બેઉમાં ઘણો પાછળ છે.

'છેક ઉપરને માળે જનવંતરાય અંતાણી કરીને કચ્છ-ભુજનો નાગર રહે છે અને એ ઘણો જ ચાલાક તથા બુદ્ધિશાળી વિદ્યાર્થી છે. એનામાં થોડાંક અપલક્ષણ છે તેથી એનું કામ દીપી આવતું નથી. એ જરા અસ્થીર મગજનો અને રખડેલ છે. ગયા વર્ષે એ કશાકમાં સંડોવાયો હતો અને હમણાં બહુ રખડે છે એટલે પરીક્ષામાં શું ઉકાળશે તે સવાલ છે!'

'ત્યારે તમે અંતાણી પર શક લઇ જાવ છો?'

'એ તો કેમ કહેવાય, પણ ત્રણમાં એ જરા વાંધાવાળું માણસ છે!'

'ઠીક. હવે તમારા માણસને જરા બોલાવો તો.'

પ્રૉફેસર સાહેબે ગરબડને બોલાવ્યો. એની ઉંમર નહિ નહિ તોયે પંચાવનથી સાઠ વરસની હતી. માથાના વાળ બધા પાકી ગયા હતા તથા દાંત લગભગ પડી ગયા હતા. એના હાથનાં આંગળાં ધ્રૂજતાં લાગતાં હતાં.

'ગરબડ, અમે પેલી વાતની તપાસ કરીએ છીએ.' પ્રૉફેસરે કહ્યું.

'જી.' એણે જવાબ આપ્યો.

'મ્હેં સાંભળ્યું' જયંતે કહ્યું. 'કે આજે તેં તારી ચાવી બારણામાં જ રહેવા દીધી હતી?'

'હાજી.'

'જ્યારે આ કાગળો અહીં ઉઘાડા પડ્યા હતા ત્યારે જ

તે ચાવી એમ રાખી મૂકી એ નવાઇ જેવું ન લાગે?'

'એ મ્હારી બેદરકારી ગણાય પણ કોઇ કોઇ વખત એ રીતે મ્હારાથી ચાવી રહી જતી ખરી.'

'તું ક્યારે આવ્યો હતો?'

'સાડાચાર વાગ્યા હશે. પ્રૉફેસર સાહેબ એ વખતે રોજ ચહા પીએ છે.'

'કેટલોક વખત ઉભો હઇશ?'

'મ્હને લાગ્યું કે સાહેબ બહાર ગયા છે એટલે હું તરતજ બહાર નીકળ્યો.'

'તેં ટેબલ પરથી આ કાગળો ઉપાડ્યા હતા?'

'નાજી. જરાય પણ નહિ.'

'કુંચી શી રીતે બારણામાં રહી ગઇ?'

'મ્હારા હાથમાં ચહાની 'ટ્રે' હતી એટલે ચાવી રહેવા દેવી પડી. મ્હેં ધાર્યું કે હમણાં આવીને લઇ લઉં છું પણ પછી ભૂલી ગયો.'

'બહારના બારણાને સ્પ્રીંગનું તાળું છે?'

'નાજી.'

'તો તો એ આખો વખત ઉઘાડું જ રહ્યું હતું?'

'હાજી.'

'પ્રૉફેસર સાહેબે તને બોલાવ્યો ત્યારે તું ખૂબ ગભરાઇ ગયો હતો?'

'હાજી. આવો બનાવ અહીં કદી બન્યો નથી. દસેક વરસથી હું અહીં છું પણ આવું કદી સાંભળ્યું નથી. મ્હને લગભગ મૂર્છા આવી ગઇ.'

'એ મ્હેં સાંભળ્યું. તને ચક્કર આવવા મંડયાં ત્યારે તું ક્યાં ઉભો હતો?'

'હું ક્યાં ઉભો હતો એ પૂછો છો? અહીં દરવાજા પાસેજ

હતો સાહેબ!'

'તો પછી એ નવાઇ જેવું નથી લાગતું કે તું છેક પેલી ખુરસી પર જઇ ને ફસડાઇ પડ્યો! આ બીજી ખુરસીઓ તો વચ્ચે હતી.'

'મ્હને કંઇ સમજાતું નથી. હું તો જે ખુરસી નજરે પડી તે પર બેઠો.'

'એ વિષે હું નથી ધારતો કે એણે કંઇ વિચાર કર્યો હોય. બીચારો હદપાર ગભરાઇ ગયો હતો.' પ્રૉફેસરે વચ્ચે ઉમેર્યું.

'પ્રૉફેસર સાહેબ બહાર ગયા ત્યારે પણ તું અહીંઆંજ બેસી રહ્યો હતો?'

'એક બે મીનીટજ. પછી તો હું બારણું વાસીને બહાર ગયો.'

'તને કોના પર શક આવે છે?'

'એ તો કેમ કહી શકાય સાહેબ! હું નથી ધારતો કે આવી રીતે કાગળો ઉથલાવીને કોઇ લાભ મેળવવાની આશા રાખતું હોય! એ બાબત મ્હને કશી ગમ પડતી નથી.'

'હરકત નહિ. પેલા ત્રણ વિદ્યાર્થીમાંથી કોઇને તેં આ વાત તો નથી કરીને?'

'નાજી. રજ પણ નહિ.'

'એમને મળ્યો પણ નથી?'

'નાજી.'

'બહુ સારૂ. હવે મી. વસવાણી! આપણે જરા આમતેમ બહાર ફરીએ.'

અમે બહાર નીકળી બાગમાં જઇને બેઠા. ત્રણે જણાના ખંડોમાં બત્તી બળતી હતી અને એ વાંચતા હોય એમ લાગતું હતું.

'ત્રણે પક્ષી માળામાં જ છે.' જયંતે કહ્યું. 'એમાંનું એક તો પેલા કવિઓ કહે છે તેમ ભયવિહ્વળ લાગે છે!'

દૌલતરાય આમતેમ ફરતો ને માથું ધુણાવતો હોય એમ બારી પરના કાચમાં પડતા એના કાળા પડછાયા પરથી લાગ્યું.

'એ ત્રણેના ખંડમાં ડોકીયું કરીને જોઇ લેવાની મ્હારી ઇચ્છા છે.' જયંતે કહ્યું. 'એમ કરવામાં હરકત તો નથીને?'

'ના રે ના! એમાં હરકત શાની? આ વિભાગ કૉલેજમાં ઘણો જૂનો છે અને એનું બાંધકામ બહુજ જૂની ઢબનું છે એટલે એની બાંધણી જોવા પણ અવાર નવાર કોઇક કોઇ આવે છે. ચાલોને, હુંજ તમને લઈ જઉં એટલે હરકત જ નહિ.'

'અમારૂં નામ કહેવાની જરૂર નથી.' જયતે સૂચના આપી.

પ્રૉફેસર અમને મી. ઘીઆના ખંડમાં લઈ ગયા. એણે ખખડાવતાં વેંતજ બારણું ઉઘાડયું. અમે શા માટે આવ્યા હતા એ પ્રૉફેસરે કહ્યું એટલે એ ઘણો ખુશી થયો. એ ખંડની બાંધણી જરા ધ્યાન ખેંચે એવી હતી. જયંતને એમાં ઘણો રસ પડ્યો એણે તો પોતાની નોટ બુકમાં એનો સ્કેચ દોરવાનો પોતાનો વિચાર જણાવ્યો અને તે દોરવા બેઠો. એ સ્કેચ દોરતાં પેન્સીલની અણી પણ ભાગી નાંખી અને મી. ઘીઆની પેન્સીલ વાપરવા લીધી. એ ન ફાવી એટલે એની પેન્સીલ છોલવા સારૂ ચપ્પુ માગ્યું અને પાછી અણી કાઢી.

ત્યાંથી બીજે માળે ગયા એટલે ત્યાં પણ એજ રીતે જયંતે સ્કેચ કાઢતાં પેન્સીલની અણી ભાગી, ઉછીની માગી અને ના ફાવ્યો તે અણી કાઢવા ચાકુ માગ્યું.

બેઉ જગ્યાએ જયંત જે વિગતોની આશા રાખતો હતો તે મળી હોય એમ મ્હને ન લાગ્યું. અમે ત્રીજે માળે ગયા અને બારણું ખખડાવ્યું. અંદરથી ગાળોનો વરસાદ વરસતો લાગ્યો:

'એ સાળો કોણ અત્યારે આવી મુવો છે! અહીં કોણ ઉઘાડવા નવરૂં બેઠું છે? જે હોય તે જાય જહન્નમની ખાડમાં. કાલે પરીક્ષા છે ને આજે આ શી પંચાત!'

'સાવ અવિવેકી છે.' પ્રૉફેસર સાહેબે અમને કહ્યું. એમનો મિજાજ ગયો લાગતો હતો. 'એને ખબર ન હતી કે આપણે બારણું ઠોકતા હતા. પણ એકંદરે એ બહુ ઉદ્ધત છે, અને આ સંજોગોમાં એ વર્તન ઘણું જ શંકાસ્પદ છે.'

જયંત કંઈક બીજો જ વિચાર કરવા લાગ્યો.

'એની ઉંચાઇ તમે કહી શકશો?'

'ખરેખર! એ કંઇ ખાત્રીથી ન કહી શકાય પણ એ દૌલતરાય કરતાં ઉંચો છે. ઘીઆ જેટલો ઉંચો નહિ. વખતે પાંચ ફુટ છ એક ઇંચ હશે.'

'એ જરા નોંધવા જેવી વિગત ખરી.' જયંતે જણાવ્યું 'હવે મી. વસવાણી! અમે રજા લઇશું.'

પ્રૉફેસર તો નવાઇ પામીને એકદમ રડી ઉઠ્યા:

'પણ ભાઇસાહેબ! તમે મ્હને આ સ્થિતિમાં મૂકીને તો નહિ જાવને! આમ એકાએક જતા રહો તે કેમ ચાલે જરાક તો મ્હારી સ્થિતિનો ખ્યાલ કરો! કાલે તો પરીક્ષા છે. આજે રાત્રે જ મ્હારે જે તે નિર્ણય પર આવવું જોઇએ. આ સંજોગોમાં મ્હારે પરીક્ષા લેવા શી રીતે દેવી? જે તે એક વાતનો નિકાલ તો કરવો જોઇએ ને.'

'ગભરાવાની જરૂર નથી. તમારે કંઇ કરવાનું નથી. જેમ છે એમને એમ બધું રહેવા દો અને ચાલે છે તેમ ચાલવા દો. કાલે સવારના તમને મળીશું અને શું કરવું તેનો બનતા સુધી તો નિર્ણય કરી નાખીશું. ત્યાં સુધી કંઇજ કરતા ના સમજ્યાને–'

'બહુ સારૂં મી. જયંત!'

'શાંતિ રાખજો જરા. અમે જરૂર કંઇ પણ રસ્તો કાઢી

આપીશું. પેલા માટીના નમૂના હું લઇ જઉં છું અને પેન્સીલનાં છોતરાં પણ સાથે રાખું છું. ચાલો, સાહેબજી.'

અમે જરા બહાર નીકળ્યા એટલે મ્હેં પાછી એ મકાન તરફ નજર રાખી. દૌલતરાય હજી આમતેમ આંટા ફેરા કરતો હતો. બીજા બેઉ શાંત હતા, અને દેખાતા ન હતા.

'તું શું ધારે છે? નટવર!' જયંતે અમે જરા આગળ આવ્યા એટલે પૂછ્યું 'નાની સરખી રમત છે. પત્તાંની રમત જેવી સ્તોને! ત્રણ જણ છે, અને એમાંનો એક હોવો જ જોઇએ. તું પસંદ કર જોઇએ. તારી મહેરબાની કોના પર ઉતરે છે?'

'મ્હને તો પેલો છેલ્લા મજલાવાળો બટકબોલોજ હરામખોર લાગે છે. એનો ઇતિહાસ પણ શંકાસ્પદ છે. પેલો દૌલતરાય પણ પક્કો લાગે છે. શા વાસ્તે એ એટલા બધા આંટા ફેરા કરતો હશે?'

એમાં શક લાવવા જેવું કાંઇ નથી. કોઇ કોઇને એવી ટેવ હોય છે. કોઇ વાત બહુજ ધ્યાન દઇને કે ગોખીને મોઢે કરવા માટે ઘણા યે એમ કરે છે.

'એણે આપણને જરા વિચિત્ર રીતે આવકાર આપ્યો–'

'તું પણ એ સંજોગોમાં એમ કરે. આવતી કાલે પરીક્ષા આપવાની હોય અને મીનીટે મીનીટ જ્યારે ઘણી કિંમતી હોય ત્યારે એકાએક અજાણ્યા માણસોનું ટોળુ ઘુસી આવે ને નકામો વખતનો ભોગ માગે ત્યારે તારાથી પણ એમજ વર્તાઇ જવાય. નટવર! એ બાબતમાં શકને સ્થાન નથી. પેન્સીલ, ચાકુ બધુ સંતોષકારક હતું. પણ પેલો જરા મ્હારૂં ધ્યાન ખેંચે છે.'

'કોણ?'

'બીજો કોણ? ગરબડ સ્તોને. એણે શી ગરબડ કરી છે તે સમજાતું નથી. એનો કાંઇ સ્વાર્થ હશે?'

'મ્હને તો એ તદ્દન પ્રમાણિક લાગ્યો.'

'મ્હને પણ એમજ લાગ્યું. અને એજ નવાઇની વાત છે! એના જેવા પ્રમાણિક માણસે-કંઇ નહિ, આ અહીંના મોટા સ્ટેશનર કાગળ પેન્સીલ વગેરેના વેપારીની–દુકાન આવી. આપણે અહીંથી તપાસની શરૂઆત કરીએ તો કેમ?''

'સારૂ.'

એ ન્હાના સરખા શહેરમાં ચાર જાણીતા સ્ટેશનર્સ હતા. એ દરેક ઠેકાણે જયંતે પેલાં પેન્સીલનાં છોતરાં બતાવ્યાં અને એ જાતની જાયન્ટ પેન્સીલ માગી. તેમજ એને માટે બમણી ત્રણ ગણી કિંમત આપવાનું પણ કહ્યું. ચારે જણાએ કહ્યું કે એમના સ્ટૉકમાં એ ન હતી પણ ઑર્ડરથી મંગાવી આપવા તેઓ તૈયાર હતા, કારણ કે એ ચાલુ બરની ન હતી અને ભાગ્યેજ કોઇ લેનાર મળે એટલે કોઇ સ્ટૉકમાં રાખતું ન હતું. એમાં ફતેહ ન મળવાથી જયંત રજેય નિરાશ ન થયો.

'હરકત નહિ, નટવર! આ એક આશા ફોગટ ગઇ, પણ એના સિવાય આપણે ચલાવી શકીશું અને આપણું કામ આગળ ધપાવીશું. અરે બાપરે! નવ વાગવા આવ્યા! જમવાનો વખત પણ થઇ ગયો! ચાલો મૂકો પડતા એ ગભરાએલા પ્રૉફેસર, બેદરકાર નોકર અને ખંતીલા વિદ્યાર્થીઓને!'

* * *

અમે વાળુ પાણી કર્યા પછી જયંત ઘણીવાર સુધી વિચાર કરતો બેઠો હતો પણ એણે એ વિષે મ્હારી સાથે કાંઇ વાત કરી નહિ. બીજે દિવસે સવારના સાતેક વાગે એ મ્હારી પાસે આવ્યો.

'કેમ નટવર! હવે આપણે જઇશું ને? પેલા પ્રૉફેસર બિચારા વાટ જોતા હશે!'

'જરૂર.'

'આપણે નહિ જઇએ તો એ તો ગભરાઈજ જશે.'

'પણ એમને નિશ્ચિત જવાબ અપાય એવું છે ખરૂં?'

'મ્હારૂં એમ માનવું છે.'

'તો તો તું કૈંક નિર્ણય પર આવ્યો હઇશ.'

'એનો ભેદ જડ્યો છે નટવર!'

'શી રીતે? બીજા કાંઇ પુરાવા મળ્યા? એવા સંજોગો તો ન હતા!'

'એમ ન હોત તો પાંચ વાગ્યાનો હું બહાર ન જાત! બે કલાકમાં નહિ નહિ તોયે પાંચ માઇલનો ધક્કો ખાધો હશે. અને એનું પરિણામ જોવું હોય તો આ રહ્યું.'

એમ કહીને એણે પોતાની હથેલી પહોળી કરી. ગઇ કાલે જડેલા કાળી માટીના વિચિત્ર નમૂના જેવા ત્રણ નમૂના એની હથેળીમાં હતા.

'ગઇ કાલે તો બેજ નમૂના હતા જયંત?'

'અને ત્રીજો અત્યારમાં મળ્યો. અને એ તો સમજી શકાય એમ છે કે જ્યાંથી ત્રીજો આવ્યો ત્યાંથી પહેલા બે આવ્યા હોવા જોઇએ ખરૂંને નટવર! ચાલ, હવે જલદી કર જરા.'

બિચારા પ્રૉફેસરની સ્થિતિ ખરેખર! દયાજનક થઇ ગઇ હતી. થોડા વખતમાં તો પરીક્ષા શરૂ થવાની હતી, અને હજી એમની શંકા શમી ન હતી. એમને એટલું જ દુઃખ થતું હતું કે પેલો હરામખોર માણસ પરીક્ષામાં બેસશે અને ખોટી રીતે લાભ ઉઠાવી જશે. એમનું માનસિક દર્દ એવું અસહ્ય હતું કે સ્થીર ઉભા રહેવા જેટલી પણ એમનામાં શક્તિ રહી ન હતી. જેવા એમણે અમને જોયા તેવાજ તે જયંત તરફ દોડયા.

'અરે ભલા ભગવાન! આખરે આપ પધાર્યા ખરા! હું તો સમજ્યો કે આપ મ્હને ખાડામાંથી નહિ કાઢી શકો! હવે શું કરૂં? પરીક્ષા ચાલવા દઉં?'

'જરૂર. ખુશીથી ચાલવા દો.'

'પણ પેલો—'

'એ નહિ બેસે. બીજું શું?'

'આપ એને ઓળખો છો?'

'હું એમ ધારૂં છું ખરો. જો આ વાત બહાર પાડવાની ન હોય તો આપણે કેટલી સત્તા હાથ ધરવી પડશે. આપણે હમણાં ન્યાયનું કામ કરતી લશ્કરી કૉર્ટનો દેખાવ ધારણ કરવો પડશે. અને એ રીતે વર્તવું જોઇશે. તમે ત્યાં બેસો મી. વસવાણી. નટવર! તું આમ બેસ. હું વચ્ચે બેસું છું. હવે આપણે ગુન્હેગાર પર પુરતી છાપ પાડી શકીશું. જરા ઘંટડી વગાડો તો–'

ગરબડ તરતજ અંદર આવ્યો, અને અમારો આ દેખાવ જોઇ જરા ખંચાયો.

'જરા બારણું બંધ કર ગરબડ!' જયંતે કહ્યું. 'હવે ગઈ કાલના બનાવ વિષે ખરી વાત કર.'

એનો ચહેરો સફેદ પુણી જેવો થઇ ગયો.

'મ્હેં આપને ગઇ કાલે બંધુંય કહ્યું છે સાહેબ!'

'બીજું કાંઇ કહેવાનું નથી?'

'જરાયે નહિ. સાહેબ!'

'બહુ સારૂ. જો હું તને કેટલીક સૂચના કરૂ—ગઇ કાલે તું પેલી ખુરસી પર બેઠો ત્યારે એનાપર કોઇ ચીજ પડી હતી અને તે પરથી કોણ આવ્યું હતું તે જાણી શકાય એમ હતું એટલે તું એ ચીજ સંતાડવા ખાતરજ બેસી પડ્યો હતો એ ખરૂં છે ને?'

એનો ચહેરો એકદમ ફીક્કો પડી ગયો.

'ના સાહેબ. એવું કાંઇજ ન હતું.'

'હું તો માત્ર સૂચના કરૂં છું. વખતે એમ બન્યું હોય એ સંભવિત હતું એવું મ્હારૂં અનુમાન હતું. એમજ થયું છે

એ મ્હારાથી પુરવાર થઇ શકે એમ નથી એટલે દિલગીર છું. પણ મ્હને એમ લાગે છે કે જેવા પ્રૉફેસર બહાર ગયા તેવો જ તેં પેલા ખંડમાં છુપાયલાને છૂટો કર્યો.'

એણે પોતાના સુકાઇ જતા હોઠપર જીભ ફેરવી.

'ત્યાં કોઇ નહોતું. સાહેબ!'

'એ બનવાજોગ નથી ગરબડ! અત્યાર સુધી તું સાચું કહેતો હઇશ પણ આ વખતે તેં ખોટો જવાબ આપ્યો છે.'

એનો ચહેરો જોવા જેવો થઇ ગયો.

'ત્યાં કોઇ જ ન્હોતું. સાહેબ!'

'બોલ, બોલ, ખરૂં કહી દે ગરબડ!'

'ના સાહેબ! ત્યાં કોઇ જ ન્હોતું.'

'તો તો પછી તું કાંઇ જ વધુ ખબર આપી શકે એમ નથી. હરકત નહિ. તું પેલા ખંડમાં જઇને ઉભો રહે. પેલા બારણા નજીક જ ઉભો રહેજે. હવે પ્રૉફેસર, તમે જરા પેલા વિજભુખણદાસ ઘીઆને બોલાવી લાવો તો.'

પ્રૉફેસર તરત જ એ જુવાન વિદ્યાર્થીને બોલાવી લાવ્યા. એ બહુ દેખાવડો છોકરો હતો અને એની ઉંચાઇ પણ ઘણી વધારે હતી. એણે એક પછી એક અમારા તરફ જોયું અને છેવટે ગરબડ પર નજર ઠેરવી.

'બારણું બંધ કરતા આવો.' જયંત બોલ્યો. 'જુઓ મી. ઘીઆ, આપણે અહીં એકાંતમાં બેઠા છીએ, અને અહીં થયેલી વાત બહાર જાય એમ નથી. આપણે ખુલ્લા મનથી વાત કરીએ તો સારૂં. તમારા જેવા ઉગતા જુવાન અને પ્રમાણિક તથા મહેનતુ માણસે ગઇ કાલે શા માટે ખરાબ પગલું ભર્યું એ જરા સમજાવો તો ઠીક.'

માથાપર વિજળી પડે એટલો એ ચમક્યો અને ગરબડ તરફ ત્રાસદર્શક દષ્ટિ ફેરવીને ઠપકાની નજરે જોયું.

'ના, ના ભાઇ સાહેબ! મ્હેં એક અક્ષર પણ કહ્યો નથી. જરાપણ બોલ્યો નથી.' ગરબડે બૂમ મારી.

'પણ હવે તો તેં ઘણું કહ્યું છે!' જયંતે કહ્યું. 'જુઓ, છૂપાવવાનું કાંઇ કારણ નથી. ગરબડના અત્યારના શબ્દો જ તમારી સ્થિતિ શંકાસ્પદ અને ભયંકર કરી મૂકે છે. તમે ખરેખરી હકીકત કહી દો એમાં જ શોભા છે.'

એકાદ ક્ષણ શાંત થવા તથા લાગણીઓ શાંત પાડવા પ્રયત્ન કરીને મી. ઘીઆએ અમારી સામે ઘુંટણીએ પડી બેઉ હથેલીઓમાં માથુ મૂકી ડુસકાં ખાતાં રડવા માંડ્યું.

'રડો નહિ, રડો નહિ.' જયંતે માયાળુપણે કહ્યું. 'માણસથી ભૂલ થાય એ સ્વભાવિક છે અને તમારી ભૂલ માટે અમે સખત થવા નથી માગતા. જોઇએ તો ગઇ કાલે શું બન્યું તે હું કહેતો જાઉં અને તેમાં ભૂલ પડે તો તમે સુધારજો. એમ કરૂંને? હરકત નહિ. તમે જરા સ્વસ્થ થાવ! તમને અન્યાય કરવાનું કાંઇ કારણ નથી. માણસ માત્ર ભૂલને પાત્ર છે. ડાહ્યો તે કે જે તરત જ એને સુધારવા પ્રયત્ન કરે.

'પ્રૉફેસર, તમે જ્યારથી મ્હને જણાવ્યું કે પ્રુફના કાગળો તમારા ખંડમાં હોવાની કોઇને પણ—ગરબડને સુદ્ધાં—ખબર ન હતી ત્યારથી જ તમારા કેસનું કંઇક સ્થીર રૂપ મ્હારા મગજમાં ચડાયું. છાપનાર તો જાણે જ અને તે કાંઇ જ કરે નહિ. એ ધારે તો પોતને ત્યાં જ એનો ઉપયોગ કરી શકે એટલે એ વિચારને સ્થાન જ નથી. એમ પણ લાગ્યું કે કોઇ તમારા ખંડમાં એકાએક આવે અને આ કાગળો અકસ્માતથી જુએ એ પણ સંભવિત ન હતું. એટલે એ નિર્ણયપર મ્હારે આવવું પડ્યું કે આવનારને ખબર હતી કે આ ટેબલ પર સવાલપત્રને લગતાં 'પ્રુફ' પડ્યાં છે અને તે જાણ્યા પછી જ એ ખંડમાં દાખલ થયો હતો. એને એ વાતની શી રીતે ખબર પડી?

'જ્યારે હું અહીં આવ્યો ત્યારે સૌથી પહેલી મ્હેં તમારા ખંડની બારી તપાસી, તમે એમ પણ ટીકા કરી કે ધોળે દિવસે બધાના દેખતાં ત્યાં થઇને આવવાનો કોઇ પ્રયત્ન કરે એ અસંભવિત અને કલ્પનામાં પણ ન આવે એમ હતું. એવો વિચાર મ્હેં કર્યો જ ન હતો. હું તો એ જોતો હતો કે ત્યાં થઇને પસાર થનાર માણસ ટેબલપર પડેલા કાગળ જોઇને ઓળખી શકે તો એ કેટલો ઉંચો હોવો જોઇએ હું પોતે છ ફુટ ઉંચો છું છતાં મ્હારે જોવું હોય તો પગનાં ટેરવાં પર ઉભા રહીને પણ પ્રયત્ન કરવો પડે. મ્હારાથી નીચો માણસ તો જોઇ શકે જ નહિં. એટલે એ ઉપરથી મ્હને એક ચોકકસ કારણ તો મળ્યું જ હતું કે તમારા ત્રણ વિદ્યાર્થીમાંથી જે વધારેમાં વધારે ઉંચો હોય તેનું એ કામ હોવું જોઇએ, અને એના પર મ્હારે નજર રાખવી જોઇએ.

'મ્હેં ખંડમાં આવીને પેલા ટેબલ વિષે તો તમારી સાથે વાત કરી પણ જ્યાં સુધી તમે ત્રણ વિદ્યાર્થીઓના વર્ણનમાં મી. ઘીઆ હનુમાન કુદકામાં ઇનામ જીથી ગયા હતા એ વાત કરી ત્યાં સુધી વચ્ચેના ટેબલ બાબત મ્હેં કાંઇ અનુમાન કર્યું ન હતું. એ વાત સાંભળી એટલે મ્હને બધી વાત સમજાઇ પછી તો મ્હારે થોડાક પુરાવા જોઇતા હતા અને તે મ્હને તરતજ મળ્યા.

'હવે શું થયું તે કહું. આ ભાઇએ બપોરનો વખત પુરાણીના અખાડામાં જઇને હનુમાન કુદકાના પ્રયોગોમાં ગાળ્યો હતો. એ વખતે એમણે પેલા ખીલાવાળા બુટ પહેર્યા હતા. એ જતના બુટ એકદમ સરકી ન જવાય માટે એ રમતમાં વપરાય છે. જતી વખતે આ બારી આગળ થઇને ગયા અને પોતાની અસાધારણ ઉંચાઇને લીધે સાધારણ રીતે ટેબલ પર પડેલાં પ્રુફ પર એમની નજર પડી. શાનાં પ્રુફ હશે તે તો એ તરતજ

સમજી ગયા. જતાં જતાં તમારા નોકરની બેદરકારીથી રહી ગયેલી કુંચી જો એમણે ન જોઇ હોત તો કંઇજ ન હતું પણ એ જોયા પછી એકાએક એમના મનમાં સંજોગોનો લાભ લેવાનો ને ખાત્રી કરવાનો વિચાર આવ્યો. એમાં ભય જેવું પણ કંઇ ન હતું, કોઇ પૂછે તો એમ કહી શકાય કે પ્રૉફેસર સાહેબને કઇક પૂછવું હતું એટલે અંદર ગયો હતો.

'જ્યારે એમની ખાત્રી થઇ કે એ પ્રુફ સવાલ પત્રનાંજ હતાં ત્યારે એનો ઉપયોગ કરી લેવાનો એમને વિચાર થયો. એમણે પોતાના બૂટ ટેબલ પર મૂકયા. બારી પાસેની ખુરસી પર તમે શું મૂકયું હતું?'

'હાથનાં મોજાં.' એ જુવાન વિદ્યાર્થીએ જવાબ આપ્યો.

જયંતે ગરબડ સામે નજર નાખી.

'એમણે મોજાં કાઢીને ખુરસી પર મૂકયાં અને પ્રુફના કાગળ લઇ નકલ કરવા માંડી. એમણે એમ માનેલું કે પ્રૉફેસર મુખ્ય દરવાજેથી પાછા ફરશે એટલે એમને જોઇ શકાશે. પણ એ તો પાછળને દરવાજેથી આવ્યા, અને તેનો અવાજ એમણે એકાએક સાંભળ્યો. નાસી છૂટવાનો માર્ગ ન હતો. એ મોજાં ભૂલી ગયા પણ બૂટ લઇને એકાએક જોડેના ખંડમાં ભરાઇ ગયા. તમે જોશો તો પેલો લીટો એક ઘસરકા જેવો છે અને જોડેના ખંડ તરફને છેડે વધારે ઉંડે જઇને ખાસો ચીરો પડયા જેવો થયો છે. એ દિશામાં–શયનખંડ તરફ બુટ ઘસડવામાં આવેલા એ પુરવાર કરવાને પુરતો છે. અને એ ઉપરથી સમજાય એમ છે કે ગુન્હેગાર ત્યાંજ છૂપાઇ ગયો હતો. માટીના વિચિત્ર નમૂના એ બુટને તળીએથી ઉખડેલી માટીના હતા. એનો એક નમૂનો ટેબલ પર રહી ગયો હતો અને બીજો શયનખંડમાંથી જડી આવ્યો હતો. આજે સવારે હું પુરાણીના અખાડામાં જઇ આવ્યો અને ત્યાંથી માટી તથા આ ત્રીજો

નમૂનો જોઈને એ વિષેની પણ મ્હેં ખાત્રી કરી લીધી. એ બધું તો બરોબર છે ને? મી. ઘીઆ!'

એણે જરા ટટાર થઈને જવાબ આપ્યોઃ

'હાજી, બધું બરાબર છે.'

'અરે ભલા ભલવાન! તમારે બીજું કાંઇ કહેવાનું નથી રહેતું?' પ્રૉફેસરે પૂછ્યું.

'હજી થોડુંક બાકી રહે છે. આ હકીકતથી હું ગભરાઇ ગયો હતો. મને ઘણીજ શરમ આવતી હતી એટલે પહેલાં ન કહી શક્યો. આ કાગળ મ્હેં આપને આજે સવારે જ લખ્યો છે. આખી રાત મ્હેં ઘણીજ અશાંતિમાં પસાર કરી છે! આમાં લખેલો નિર્ણય આપે આ બધું શોધી કાઢ્યું તે પહેલાં જ મ્હેં કરેલો છે. મ્હેં લખ્યું છે કે 'મ્હેં નિર્ણય કર્યો છે કે મ્હારે આ પરીક્ષામાં બેસવું નથી. મ્હારી ઇચ્છા આફ્રિકા જવાની છે અને ત્યાં ર્હોડેસીયન પોલીસમાં મ્હને ઘણી સારી જગ્યા મળે છે એટલે હું દક્ષિણ આફ્રિકા ખાતે જલદીથી જવા ઇરાદો રાખું છું.'

'આ રીતે મેળવેલા લાભનો તમે દુરૂપયોગ કરવા માગતા ન હતા એ જાણી મ્હને ખરેખર! આનંદ થાય છે.' પ્રૉફેસરે કહ્યું 'પણ આમ એકાએક કેમ વિચાર ફેરવ્યો?'

મી. ઘીઆએ ગરબડ સામે આંગળી કરી કહ્યું.

'એમણે મ્હને ખરો માર્ગ બતાવ્યો.'

'હવે તો બોલ ગરબડ!' જયંતે કહ્યું. 'હવે તો સમજાયું ને કે તારા સિવાય આ ભાઇ સાહેબને ઘરમાંથી બહાર જવા દેનાર બીજું કોઇ ન હતું. કારણ કે પ્રૉફેસર બહાર ગયા ત્યારે તું આ ખંડમાં હતો અને બહાર જઇને દરવાજો બંધ કરી શકે એમ હતું. પેલી બારી વાટે એ નાસી જાય તે બનવા જોગ ન હતું. હવે એમ શા માટે વર્તવું પડયું એ કહે તો

સમજણ પડે કે તારા જેવો પ્રમાણિક અને વિશ્વાસપાત્ર માણસ આમ શા માટે વર્ત્યો.'

'આપને ખબર હોત તો એ સમજાવું અઘરૂં ન હતું પણ આપની આ બધી ચાલાકી અને હોશિઆરી છતાં એ હકીકત મેળવવી જરા મુશ્કેલ હતી. એક વખતે જ્યારે આ ભાઇ સાહેબના પિતાજી સર જેકીસનદાસ સારી સ્થિતિમાં હતા ત્યારે હું તેમને ત્યાં નોકર હતો. ઘણાં વર્ષો મ્હેં એમને ત્યાં ગાળ્યાં હતાં. એમની જ્યારે પડતી આવી ત્યારે હું અહીં આવીને રહ્યો. અહીં આવ્યા પછી પણ હું સર સાહેબને ભૂલી ગયો ન હતો. તેઓ મ્હારા પ્રત્યે ઘણા માયાળુપણે વર્તતા હતા. એમનો દીકરો કૉલેજમાં આવ્યો ત્યારથી હું એના પર નજર રાખતો હતો અને એનો ઉત્કર્ષ જોઇ રાચતો હતો. જેવો આ ખંડમાં હું આવ્યો અને પ્રૉફેસર સાહેબે આ ગોટાળાની વાત કરી તેવીજ મ્હારી નજર આ ભાઇ સાહેબનાં ખુરશી પર પડેલાં હાથનાં મોજાં પર પડી. હું એ મોજાં ઓળખતો હતો અને એ શું કહેવા સારૂ અહીં રહી ગયાં હતાં એ પણ સમજી ગયો. જો પ્રૉફેસર સાહેબની નજર એના પર પડે તો એના તો બાર વાગી જાય! હું ખુરશી પર ફસડાઇ પડ્યો, અને પ્રૉફેસર સાહેબ બહાર ગયા ત્યાં સુધી ઉઠ્યો જ નહિ. એ ગયા એટલે ભાઇ સાહેબ બહાર આવ્યા અને મ્હારી પાસે બધી વાત કબૂલ કરી. એ સ્થિતિમાં મ્હારે એનો બચાવ કરવો જોઇએ અને સન્માર્ગે ચઢાવવો જોઇએ. એ આપને વ્યાજબી નથી લાગતું? મ્હેં એને આ લાભનો દુરૂપયોગ ન કરવા સમજાવ્યો અને છેવટે આ રસ્તો લેવા સલાહ આપી.'

'એ જરા પણ ખોટું નથી કર્યું એ ખાતે મ્હારે તને ધન્યવાદ આપવો જોઇએ.' જયંતે કહ્યું. 'અને પ્રૉફેસર! તમારી ગુંચવણનો નીકાલ થયો છે એટલે હવે ખુશીથી પરીક્ષા ચાલવા દો: અને મી. ઘીઆ! નિરાશ થવાનું કારણ નથી. એક વખત

ચ્યુપચ્યુ મન રાખી લાલચમાં પડ્યા પણ હવે પછી મન કાબુમાં રાખી સન્માર્ગે ચાલશો તો આગળ વધ્યા સિવાય નહિ રહો. નટવર ! ચાલ હવે મ્હને તો ભૂખ પણ લાગી.'

☆

નજીવી વિગત

પૈસો પૈસાને ખેંચી લાવે છે એ વાત સર જેકીસનદાસની બાબતમાં અક્ષરે અક્ષર ખરી પડી છે. મૂળે તો એમની પાસે ઠીકઠીક ગણાય એટલી બાપીકી દોલત હતી તેમાં ઉમેરો થયો એમનાં પત્નીના આવવાથી.

લેડી ધનકોરબાઇ પોતાની સાથે પોતાના બાપની દોલત લેતાં આવ્યાં. એમના બાપનાં એ એકનાં એક દીકરી હતાં, એટલે એમના બાપે સર જેકીસનદાસને દીકરી ને દોલત બેઉ સાથે આપ્યાં.

અને અધુરામાં પુરૂં હોય તેમ ત્રીજો વારસો સર જેકીસનદાસને મળ્યો એમના એક દૂરના કાકા રાવસાહેબ રામપ્રસાદનો. રાવસાહેબ રામપ્રસાદને કૈં સંતાન ન હતું. એમની દોલત અઢળક હતી. વાડીવજીફાનો કાંઇ પાર ન હતો. નદી કિનારે એમનો એક બંગલો હતો, એ સૌ સર જેકીસનદાસને મળ્યું.

પણ સરસાહેબને ખોટું અભિમાન જરાયે ન હતું. એમ-નામાં આળસ પણ ન હતી. એ જે કામ હાથ ધરતા તે ખંતથી પાર ઉતારતા.

રાવસાહેબવાળો નદી કિનારેનો બંગલો એમણે સારી રીતે રાખ્યો હતો. ઉનાળામાં એ મોટે ભાગે ત્યાંજ રહેતા.

સુરત શહેરમાં એ સારી રીતે જાણીતા હતા. બેંચ મેજી-સ્ટ્રેટ તરિકે, અનેક કંપની ડિરેકટર તરિકે, મ્યુનીસીપાલટીઓના પ્રમુખ તરિકે અનેક વખતે પોતે કામ કરેલું એટલે એમનું નામ પણ પ્રખ્યાત હતું, એ પોતે પણ અનેક માણસોના પરિ-ચયમાં આવ્યા હતા.

'સાહેબ! આપને મહેતા વકીલનો ગુમાસ્તો તભો માવાણી મળવા આવ્યો છે.' સરસાહેબને એમના ખાનગી કારભારીએ કહ્યું. 'એને મ્હેં જોડેના ખંડમાં બેસાર્યો છે.'

પોતે જ્યારે ખાસ આરામને માટે નદી કિનારાના બંગ-લામાં રહેવા આવ્યા હોય ત્યારે આમ કોઇ કામને બ્હાને-પછી ભલેને એ કામ ગમે તેવું અગત્યનું હોય તો પણ-મળવા આવે એ સરસાહેબને ગમતું ન હતું પણ એમને અને મહેતા વકી-લને સારો સંબંધ હતો તેમજ એમનું કેટલુંક કામ એજ વકીલને હસ્તક થતું એટલે જરૂરના કામે જ મહેતા વકીલનો ગુમાસ્તો આવ્યો હશે એમ એમણે માન્યું.

'ભલે, એને મારી પાસે મોકલો.'

અને થોડી વારે તભો માવાણી—એનું આખું નામ તો ત્રિભોવનદાસ માત્રાણી હતું, સરસાહેબ પાસે સંકોચાતો આવીને ઉભો રહ્યો. એના દેખાવમાં કાંઇક એવું હતું કે જે સરસાહેબને ન ગમ્યું. શું હતું તે તો ન સમજાયું પણ ઘણીવાર એવું નથી બનતું કે કોઇ માણસને જોઇને એના પ્રત્યે ઘૃણા આવે? સર-સાહેબને પણ એમજ થયું.

'કેમ ? શું કામ હતું ?'

'ખાસ કરીને તો મારે આપની સાથે થોડુંક અંગત ખાનગી કામ છે.

સર સાહેબે એને બેસવા માટે ઇશારત કરી.

'કઇ જાતનું ખાનગી ?

માવાણીએ અચકાતાં અચકાતાં જણાવ્યું :

'આપ નામદાર મને ઓળખો છો તો ખરાને ? મહેતા વકીલને ત્યાં મને આપે જોયો હશે—'

'એમણે તમને મોકલ્યા છે ?'

'નાજી, મારા કામે આવ્યો છું.'

'એમ ! ઠીક. જે કાંઇ હોય તે કહો–ટુંકામાં.'

'ટુંકામાં નામદાર ! એટલું જ કે આપને આ મિલ્કત અને એ ઉપરાંત બીજું ઘણું આપના કાકા રાવસાહેબ રામપ્રસાદ પાસેથી વારસામાં મળ્યું છે. રાવસાહેબ ત્રણ ચાર વરસ ઉપર મરણ પામ્યા ખરુંને ? નામદાર ?'

'એમ જ.' રાવસાહેબે ટૂંકો જવાબ આપ્યો.

'અને રાવસાહેબનું વીલ કે મૃત્યુપત્ર મળ્યું ન હતું એમ મ્હારું માનવું છે.'

'બરાબર છે. વીલ હતું નહિ.'

માવાણી એ સાંભળી હસ્યો, સર સાહેબ એ તરફ ધ્યાન આપવાને બદલે એ શું બોલે છે તે સાંભળવાને ઉત્સુક થયા.

'એમ નહિ સાહેબ ! વીલ જડયું ન હતું એ વાત ખરી બાકી એમણે વીલ કર્યું હતું. કાયદેસર બે શાક્ષીઓની રૂબરૂમાં સહી કરીને, અને એ સાક્ષીઓ પણ હજી જીવતા છે.'

સરસાહેબને નવાઇ લાગી. એ માવાણી સામે જોઇ રહ્યા. એમણ જરા વિચાર કરીને સ્થીર પણ જરા કરડા અવાજે પૂછ્યું :

'વીલ હતું એમ શા ઉપરથી કહો છો ?'

માવાણી ખંધાઈથી હસીને બોલ્યો :

'કારણ કે એ મને જડયું છે નામદાર! અને મારા ખીસ્સામાં જ છે, અને એ નક્કર હકીકતને વધુ પુરાવાની જરૂર નથી.'

'કયારે મળ્યું ?'

'ગયે અઠવાડીએ નામદાર! શનિવારે બપોરે.'

'કયાંથી મળ્યું'

'જરા નવાઇ જેવી વાત છે નામદાર! પણ સાર્વજનીક પુસ્તકાલયમાંથી એક જૂની ચોપડીમાં ગોઠવેલું એ મળી આવ્યું.' 'તવારીખે સુરત' નામની આપના કાકાશ્રીની એ ચોપડી હતી અને તેમાં એક પેઢીનામાની ગડીમાં એ સંભાળપૂર્વક ગોઠવેલું હતું. એને કોઇએ હાથ પણ લગાડયો હોય એમ લાગતું ન હતું એ પુસ્તક સાર્વજનિક પુસ્તકાલયમાં શી રીતે આવ્યું તે પણ મ્હને ખબર છે.'

'કહો જોઇએ.'

'આપ નામદારે રાવસાહેબના કેટલાંક જૂનાં પુસ્તકો રામજી બુકસેલરને વેચી દીધાં હતાં તેમાંથી કેટલાંક પુસ્તકો રામજીએ અહીંના સાર્વજનિક પુસ્તકાલયને વેચેલાં. તેમાં આ પુસ્તક પણ હતું. એ પુસ્તકમાં આપના કાકાશ્રીએ ઠીક ઠીક નોંધ કરી છે. એમાં એક પેઢીનામાની ગડીમાં આ વીલ સંભાળપૂર્વક ગોઠવેલું હતું. હવે તો સમજાયું ને નામદાર! કે એ કઇ રીતે મારા હાથમાં આવ્યું. આપને એ વીલ જોવું છે!'

સર સાહેબે ના પાડી.

'કંઈ જરૂર નથી મી. માવાણી! તમે એ જોયું હશે અને એના લખાણથી વાકેફ હશો એટલે તે કહેશો તો ચાલશે એમાં શું લખ્યું છે?'

'મેં એ ધ્યાન દઇને વાંચ્યું છે નામદાર! એમાં એમણે

આપને તથા સરદાર વલ્લભરામ નાયકને ટ્રસ્ટી નીમ્યા છે અને એમની બધી મિલ્કતની વ્યવસ્થા કરવા ફરમાવ્યું છે. પોતાની મિલ્કતનો ત્રીજો ભાગ એમણે સુરતની મ્યુનીસીપાલીટીને કેળવણી ફરજીયાત કરવા માટે વાપરવા આપ્યો છે, ત્રીજો ભાગ મુંબાઈ યુનીવર્સિટીને સુરત કૉલેજમાં વિજ્ઞાન વિભાગ નભાવવા માટે આપ્યો છે ને બાકીના ત્રીજા ભાગના બે સરખા ભાગ કરી એક આપને તથા બીજો સરદાર વલ્લભરામ નાયકને આપી ગયા છે.'

સરસાહેબ એ શાંતિથી સાંભળ્યું.

'બે સાક્ષીઓ કોણ છે?'

'રાવસાહેબના બે વિશ્વાસુ માણસો. એક તો એમનો મહેતાજી પ્રેમજી જીવણ અને બીજો એમનો દરવાન ભૈયો રામચરણ. બેઉને આપે પેન્સન બાંધી આપ્યું છે. એ બેઉ જણે જેમ રાવસાહેબનાં બીજાં ખતપત્રોમાં સાક્ષી કરી છે તેમ આમાં પણ એની અંદરની ઇબારત જાણ્યા વિના સાક્ષી કરી છે. એમને હું મળ્યો છું અને વાત કરી છે પણ બેમાંથી કોઇને ખબર નથી કે તેમણે રાવસાહેબના વીલ પર સાક્ષી કરી છે. રાવસાહેબે ઘણાએ દસ્તાવેજો ઉપર એમની સાક્ષીઓ કરાવી છે એટલી એમને ખબર છે. આ સંજોગોમાં રાવસાહેબના વીલની મ્હારા સિવાય કોઇને પણ જરા જેટલી ખબર નથી.'

'અને તમે એનું શું કરવા માગો છો?' સરસાહેબે માવાણીના ચહેરા પર નજર રાખતાં સવાલ કર્યો.

'એનું આપ નામદાર શું કરવા માગો છો? જો આપની ઇચ્છા હોય તો એ જેવું જડયું છે તેવું નાશ પામે.'

સરસાહેબે કાંઇ જ કહ્યું નહિ. એ થોડીવાર શાંત રહીને બોલ્યા:

'કાંઇ નહિ, તમે મ્હને કાલે રાત્રે નવ વાગે મળજો. તે

વખતે જે તે નક્કી કરીશું. હાલ તો તમે જાવ.'

એટલે માવાણીને ગયા સિવાય છૂટકો નહતો.

એ ગયો.

એની પાછળ સરસાહેબ જોઇ રહ્યા.

*　　*　　*

રાવસાહેબના વીલથી કેટલો ફેર પડતો હતો ?

સામાન્ય માણસને મન એ ફેર ઘણો મોટો હતો પણ સરસાહેબને એનાથી ઝાઝી અસર થાય એમ ન હતું.

કેટલાંક મકાનો—જેમાં નદિ કિનારાનો બંગલો પણ આવી જતો હતો તે તેઓ પોતે જ ખરીદી શકે એમ હતા. વીલથી કેળવણી ખાતાને ફાયદો થતો હતો અને એટલી રકમ આપવાને સરસાહેબનું દિલ ખુશી હતું. આ બધી ગોઠવણ સરદાર વલ્લભરામ નાયકને સમજાવીને થઇ શકે એમ હતી.

પણ આ માવાણીનું શું ? એની ખંધાઇ અને લુચ્ચાઇ સરસાહેબને ન ગમી. એણે કહેલી વાત એમને સો ટકા સાચી ન લાગી. એ કાંઇક જૂઠું બોલતો હતો એમ લાગ્યું, પણ એણે કઇ જૂઠી વાત રજૂ કરી હતી ?

સરસાહેબ ઉઠ્યા. કપડાં પહેર્યાં અને સાર્વજનિક પુસ્તકાલયમાં જઇ પહોંચ્યા. એના સેક્રેટરી શ્યામલાલને મળ્યા અને ચોકસી કરી.

રાવસાહેબનાં કેટલાંક જૂનાં પુસ્તકો સાર્વજનિક પુસ્તકાલય માટે રામજી બૂકસેલર પાસેથી શ્યામલાલે ખરીદ્યાં હતાં એ વાત ખરી હતી.

'એમાં 'તવારીખે સુરત' ની એક નકલ હતી ?' સરસાહેબે પૂછ્યું.

'નાજી. એ પુસ્તક અમારે ત્યાં હતું એટલે અમે નથી લીધું. અમારે ત્યાંની આવૃત્તિ મોટા ટાઇપની છે જ્યારે આપના કાકાશ્રી

પાસેની નકલ નાના ટાઇપવાળી આવૃત્તિની હતી.'

'તમારી ખાત્રી છે?'

'હાજી. મ્હેં બધાં પુસ્તકો જોઇને લીધાં હતાં એટલે મ્હને સારી પેઠે યાદ છે.'

'તમે એ ચોપડી કયા વિભાગમાં રાખી છે?'

'એ પુસ્તક મોટું તેમજ કિંમતી છે એટલે એને વાંચન વિભાગમાં નથી રાખ્યું પણ 'રેફરન્સ' વિભાગમાં મૂક્યું છે.'

'તો પછી એ પુસ્તકનો કોણે ઉપયોગ કર્યો છે તે ખબર પડે ખરૂં?'

'હા. જી. હું જોઇને કહું.'

અને શ્યામલાલે તપાસ કરીને જવાબ આપ્યો:

'ડૉ. રાયજીએ બે મહિના ઉપર એ પુસ્તકનો ઉપયોગ કર્યો હતો.'

'ગયા શનિવારે કોઇએ એ વાંચવા માંગેલું?'

'ના જી.'

ત્યારે માવાણીએ તોપ મારી હતી!

'એ પુસ્તક લોકોમાં ઠીક જાણીતું છે?'

'જેને એ વિષયમાં રસ છે તેમાં જરૂર જાણીતું છે બાકી લોકોને મોટે ભાગે નવલકથાઓ વાંચવી ગમે છે. રાવસાહેબને એ વિષયમાં પુષ્કળ રસ હતો. એમની નકલમાં એમણે અનેક ઠેકાણે સવિસ્તર ટિપ્પણો લખ્યાં છે અને તે તરફ મારૂં ધ્યાન રામજીના નોકર માવાણીએ ખેંચેલું.'

'માવાણી? રામજીનો નોકર—'

'હાજી જગો માવાણી. એની વાત આપને ખબર નહિ હોય પણ જાણવા જેવી છે. હું એ વખતનું 'સુરત સમાચાર' મોકલાવું છું. હમણાં અમારી કાર્યવાહક સમિતિની સભા છે એટલે મારે તેમાં જવાનું છે પણ એ દરમિયાન હું આપને

'સુરત સમાચાર' મોકલતો જાઉં છું.'

શ્યામલાલે 'સુરત સમાચાર'ની ફાઇલ મોકલાવી, એમાં એક ઠેકાણે નિશાની રાખી હતી.

સરસાહેબે ફાઇલ લીધી.

એ ધ્યાન દઇને વાંચી ગયા અને પોતાના ઉપયોગ માટે ટૂંકી નોંધ કરી લીધી: એના ઉપર લખ્યું:

'રાવસાહેબ રામપ્રસાદ મરણ પામ્યા:

૪ થી મે ૧૯૩૨.

એમનાં પુસ્તકો રામજીને વેચ્યાં:

ઑક્ટોબર ૧૯૩૨.'

રામજીનો નોકર: જગો–જગજીવન માવાણી એને ત્યાં પાંચ વરસથી હતો. ઉંમર વર્ષ: ૨૫. રામજી બહાર હોય ત્યારે એનું કામ એ સંભાળી લેતો.

જગો અનાથ હતો એને એના કાકાએ ઉછેરેલો. કાકાના છોકરાનું નામ ત્રિભોવન. એ મહેતા વકીલને ત્યાં કારકુન તરીકે રહ્યો.

જગો રામજીને ત્યાં કામ કરવા ઉપરાંત કોઇનું નામું લખતો અને કોઇનાં ભાડાં ઉઘરાવતો. પેસ્તનજી પારસીનું ભાડાં ઉઘરાવવાનું કામ એ કરતો.

તા. ૧ લી નવેંબર ૧૯૩૨ ને દિવસે સાંજે જગો ચાહ પીને ભાડું ઉઘરાવવા ગયો. એ સાધારણ રીતે રાતે ૯–૩૦ થી ૧૦ વાગ્યા સુધી પાછો ફરતો પણ તે દિવસે ઘેર આવ્યો નહિ. બીજે દિવસે સવારે એનું શબ ખાઇવાળા રસ્તા પર મળી આવ્યું. એના ઉપર કોઇએ અચાનક હુમલો કરી સખત ફટકા લગાવ્યા હતા અને એને લૂંટવામાં આવ્યો હતો.

પોલિસ તપાસમાં એમ જણાયું કે એ વખતે એના અંગ ઉપર સ્હેજે બસો સવાબસો રૂપિયા હતા. એ રકમ લૂટી લેવા

કોઇએ એનો જાન લીધો.

એમ પણ જણાયું હતું કે એ રાત્રે ૯-૩૦ વાગે ખાઇની પેલી બાજુ પરની હોટલમાં શરબત પીવા થોભ્યો હતો. હોટલવાળાએ એને ટુંકે રસ્તે જવાને બદલે લાંબા રાજમાર્ગે જવા કહ્યું હતું પણ એણે તે વાતને હસી કાઢી હતી. એ હોટેલમાંથી ૯-૫૫ થતાં નીકળ્યો અને ડૉકટરના કહેવા મુજબ ૧૦-૧૫ પહેલાં એ મરી ગયો હતો.

એની પાસે પહેલી તારીખે સારી રકમ આવવાની હતી અને એ ખાઇવાળે રસ્તે પસાર થવાનો હતો એ વાત કોઇ અણભેદુએ જાણીને એનું ખૂન કર્યું હતું.

અત્યાર લગી એના ખૂનીને પકડવામાં પુષ્કળ પ્રયત્ન કરવા છતાં પોલિસ નિષ્ફળ નિવડી હતી.

અને છેવટની નોંધ એ હતી કે એનું શબ એના કાકાના દિકરા ત્રિભુવન માવાણીએ ઓળખાવ્યું હતું અને જુબાની આપતાં એ ગળગળો થઇ ગયો હતો.

પોતાની નોંધ પુરી કરીને સરસાહેબ બહાર નીકળ્યા. એ ધીરે ધીરે રામજીની દુકાને ગયા.

એમના જેવો મોટો માણસ રામજી જેવા જૂની ચોપડીઓ વેચનાર બુકસેલરની દુકાને જાય એ જરા નવાઇ જેવું હતું અને રામજીને નવાઇ પણ લાગી. એણે સરસાહેબને માનસહિત બેસાર્યા.

'રામજી! મારે તમારી સાથે થોડીક ખાનગી વાત કરવી છે.'

'જેવી આપની આજ્ઞા. નામદાર!' રામજીએ વિનય સાથે જવાબ દીધો.

'રાવસાહેબ રામપ્રસાદનાં કેટલાંક પુસ્તકો તમને વેચાતાં આપેલાં તે યાદ છે?'

'હાજી. હા.'

'એ ચોપડીઓનું શું થયું ?'

'મ્હારે ત્યાં લાવીને એ દરેકને મ્હારા માણસોએ તપાસીને વિભાગવાર ગોઠવી. બધી ચોપડી કંઇ સામટી ખપતી નથી. ફાટેલી ચોપડીઓ હું બંધાવી લઉં છું અને દરેકના વિભાગ પાડી જેવી ચોપડી તેવી કિંમત ઉપજાવવા પ્રયત્ન કરૂં છું.'

'આ ચોપડીઓ કોણે જોઇ તપાસી હતી ?'

'એ વખતે મ્હારે ત્યાં જગજીવન કરીને માણસ હતો તેણે.'

'અને એણે બધી ચોપડીઓ બરાબર જોઇ હશે ?'

'હાજી. : એ ઘણોજ ખંતીલો અને ચપળ હતો.'

'એમાંની થોડીક તમે સાર્વજનિક પુસ્તકાલયને વેચેલી ?'

'હાજી.'

'એમાં 'તવારીખે સુરત' નામની ચોપડી પણ હતી ?'

'રાવસાહેબનાં પુસ્તકોમાં હતી અને તે હજી પણ મ્હારી પાસે છે. પુસ્તકાલયમાં એક નકલ મોટા ટાઇપની હતી એટલે એમણે તે લીધી ન હતી. એ નકલ કાઢી નાખવા જેવી ન હતી નામદાર !'

'કેમ ?!

'એમાં રાવસાહેબે ખૂબ ટિપ્પણ કર્યાં છે એટલે.'

'એમ ! તો પછી એ નકલ મને મોકલી આપજો અને તમારૂં બીલ પણ મોકલજો એટલે પૈસા મોકલી આપીશ. તમારા માણસનું એકાએક ખૂન થયું એ બનાવ ભેદી નથી લાગતો ? આ રીતે પૈસા હોય તે વખતે ટુંકે પણ અંધારે રસ્તે જવું એ મૂખાઇ ભરેલું ન હતું ?'

'નહિ નામદાર ! એણે પોતાની પાસે પૈસા છે અથવા હોય છે એ ભાગ્યેજ જાણવા દીધું હશે. એના જેવો ચપળ તથા

'હિંમતવાન જુવાન મેં દીઠો નથી. એ પોતાના ખીસ્સામાં ખુલ્લુ ચાકુ રાખતો અને પછીથી ખાઇવાળે રસ્તે જતો. એના ઉપર હુમલો કરનારે અચાનક હુમલો કરેલો નહિતર એ સાવધ થયા વિના કે બચાવ કર્યા વિના રહ્યો ન હોત.'

'પણ એના ખૂનીનો પત્તો ન લાગ્યો ?'

'નાજી, છતાં મોડું વહેલું પાપ પ્રગટ થયા વિના રહેશે નહિ.'

'તે તો થાય ત્યારે ખરૂં. તમે પેલી ચોપડી જરૂર મોકલી આપજો.' એમ કહી સરસાહેબ ઉઠ્યા.

'હમણાંજ મોકલાવું છું.'

સરસાહેબે પોતાના બંગલાનો રસ્તો લીધો.

રસ્તામાં એ પોલિસ સુપ્રીન્ટેન્ડન્ટને મળ્યા અને એની સાથે વાતચીતમાં ખાસ્સો એક કલાક કાઢી નાખ્યો.

'ખરેખર નામદાર! આપે પસંદગી કરવામાં જરા ભૂલ કરી છે. આપ તો અમને પણ કાનની બૂટ પકડાવો એમ છો !'

'તો પણ કાલે સાંજે પોણા નવે બે જણને ઘટતી સૂચના સાથે મોકલી આપજો.'

'એમાં ફેર નહિ પડે.'

* * *

બીજે દિવસે બરાબર નવ વાગે ત્રિભુવન માવાણી સરસાહેબને મળવા આવ્યો.

'ત્યારે એ વીલ અત્યારે પણ તમારી પાસે છે અને તમારી એ ઇચ્છા છે કે મ્હારે એ ખરીદી લેવું અને એનો નાશ કરવો. હરકત નહિ. એની યોગ્ય કિંમત–યોગ્ય કિંમત હો–તમે કેટલી આંકો છો ?'

માવાણી વિચાર કરીને બોલ્યો:

'એ આપની દષ્ટિએ તો ઘણું જ–ઘણું જ કિંમતી છે

નામદાર !'

'મારી દષ્ટિની વાત બાજુએ રાખો. તમારા મનથી એની કિંમત કેટલી છે તે કહોને. હજાર, બે હજાર—પાંચ હજાર દસ હજાર કેટલા ?'

માવાણીની આંખો ચમકી ઉઠી.

'એથી આપ નામદારને પુષ્કળ ફાયદો થાય એમ છે એટલે—'

'તો તમે બોલી નાખોને એટલે હમણાં જ રોકડા આપી દઉં.'

'વીસ હજાર.'

'ભલેઃ કબૂલ. એ આપતા પહેલાં એક બે સવાલ પૂછી લઉં'

'ઘણીજ ખુશીથી નામદાર'

'તમને વીલ ક્યારે અને ક્યાંથી જડયું ?!

'ગયા શનિવારે બપોરે સાર્વજનિક પુસ્તકાલયમાં 'તવારીખે સુરત' માંથી એક પેઢીનામની ગડી ઉકેલતાં.'

'એ ચોપડી જોવા માટેજ તમે ત્યાં ગયા હતા ?'

'હાજી' એમાં રાવસાહેબે ખૂબ ટિપ્પણ કરેલાં છે.'

'તમારે ટિપ્પણનું કામ હતું ?'

'હાજી.'

'માવાણી ! તમને ખબર છે કે સરિયામ જૂઠું બોલવાની તમે ધૃષ્ટતા કરી છે ! અલબત્ત, તમને રાવસાહેબનું વીલ મળ્યું છે એની ના નહિ પણ સાર્વજનિક પુસ્તકાલયમાંની 'તવારિખે સુરત'ની નકલમાંથી નહિ. રાવસાહેબની નકલ આ સામે ટેબલ ઉપર રહી, એ નકલ સાર્વજનિક પુસ્તકાલયમાં ગઇ જ નથી અને તમે ગયા શનિવારે પુસ્તકાલયમાં પગ પણ મૂકયો નથી. તમારા જૂઠાણાને પણ હદ છે ! રાવસાહેબનું વીલ કોને જડયું ? તમને નહિ પણ તમારા કાકાના દીકરા જગજીવનને એ જડયું હતું અને એણે એ તમને બતાવેલું. વકીલના માણસ તરીકે તમારી સલાહ લીધેલી પણ એ તમને આપેલું નહિ. જગજીવને

પોતાના ખીસ્સામાં રાખેલું અને તમે તે એના ખીસ્સામાંથી તા. ૧ લી નવેંબર ૧૯૩૨ ની રાતે બીજી ચીજો સાથે કાઢી લીધેલું. એના ઉપર સાબુત ફટકો લગાવનાર કોણ હતું? એને લૂંટનાર ને એનુ ખૂન કરનાર તમે હતા કે નહિ? પણ તમારા જેવા હરામખોર સાથે વધારે વાત કરવાની જરૂર નથી. આ બન્ને ગૃહસ્થોએ આપણી વાત સાંભળી છે અને હવે તમે એમને જ જવાબ દેજો.'

તરત જ બારણું ઉઘડયું અને બે ડિટેકટીવ બહાર આવ્યા. એમણે પાંદડાંની પેઠે ધ્રુજતા ત્રિભુવન માવાણીને પરહેજ કર્યો.

એનો કેસ ચાલ્યો અને પોલિસની મહેનત સફળ થઇ. એને જન્મ દેશનિકાલની સજા થઇ.

'ખરેખર! પેલી ચોપડી બાબતની નજીવી વિગત બેદરકારીથી ન કહી હોત તો!' માવાણી મન સાથે બોલતો હતો. 'પણ જે થવાનુ હોય તે કાંઇ ઓછું મિથ્યા થાય છે!'

☆

☆ સમાપ્ત ☆

☆